આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૨૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વાપીમાં આરઓબીના કામમાં નડતર દૂર કરવા કોંગ્રેસે શ્રાદ્ધ કર્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૭ :** વાપી શહેરના મુખ્ય રેલવે ઓવરબ્રિજની કામગીરી લાંબા સમયથી ધીમી ગતિએ ચાલી રહી હોવાના આક્ષેપ સાથે વાપી શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે શ્રાદ્ધ પક્ષ દરમિયાન અનોખી રીતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ઝંડા ચોક ખાતે કોંગ્રેસના હોદ્દેદારોએ પિતૃ શ્રાદ્ધ અર્પણ વિધિ યોજી બ્રિજની કામગીરીને નડતરરૂપ 'ગ્રહણ' દૂર થાય અને કામગીરી ઝડપથી પૂર્ણ થાય તેવી પૂજા-અર્ચના કરી હતી.

કોંગ્રેસના જણાવ્યા મુજબ વાપી શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતા મુખ્ય રેલવે ઓવરબ્રિજનું કામ લાંબા સમયથી ચાલી રહ્યું છે અને કામગીરીની ધીમી ગતિના કારણે સ્થાનિક નાગરિકો, વાહનચાલકો તેમજ વેપારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બ્રિજના કામને કારણે માર્ગ વ્યવસ્થા ઉપર પણ અસર પડી રહી છે તેમ છતાં સ્થાનિક વાપી મહાનગરપાલિકાના હોદ્દેદારો તેમજ બાંધકામ વિભાગના ઈજનેર તથા રાજ્ય સરકારના જવાબદાર અધિકારીઓ અને મંત્રીઓને વાપીની જનતાને પડતી મુશ્કેલીઓ અંગે કંઈ પડી નથી જેને કારણે સરકારના આંખ અને કાન ખુલ્લા કરવા માટે આ કાર્યક્રમ કરાયો હોવાનું કોંગ્રેસે જણાવ્યું હતું.

કોંગ્રેસના કાર્યકરોના જણાવ્યા મુજબ ઓવરબ્રિજની કામગીરીના કારણે આસપાસના વિસ્તારોમાં આવેલા અનેક વેપારીઓના ધંધા-રોજગાર ઉપર પણ અસર પડી છે.

લાંબા સમયથી ચાલી રહેલા બાંધકામને કારણે વેપારીઓ અને સ્થાનિક રહેવાસીઓમાં મુશ્કેલી જોવા મળી રહી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

આ વિરોધ કાર્યક્રમમાં વાપી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મહેશભાઈ શાહ, ખંડુભાઈ પટેલ, વલસાડ જિલ્લા કોંગ્રેસના જનરલ સેક્રેટરી ફરહાન બોગા, વરુણ ઠાકુર સહિત મહાનગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો અને કોંગ્રેસના હોદ્દેદારો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસના આગેવાનોએ શ્રાદ્ધ વિધિ દરમિયાન રેલવે ઓવરબ્રિજની કામગીરીમાં રહેલા નડતરરૂપ પરિબળો દૂર થાય અને કામગીરી ઝડપથી પૂર્ણ કરી નાગરિકોને રાહત મળે તેવી પ્રાર્થના કરી હતી.

## વાપીમાં ૧૦મા માળેથી પટકાતાં જૈન સાધ્વીજી કાળધર્મ પામ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વાપી નાળા રોડ વિસ્તારમાં આજે બપોરે એક અત્યંત કરુણ ઘટના બની હતી. અજિતનાથ જિનાલય સામે આવેલ શ્રાવિકા ઉપાશ્રયમાં વિરાજમાન ૨૨ વર્ષીય જૈન સાધ્વી કેવલદર્શી રેખાજી મહારાજ સાહેબ કાળધર્મ પામ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સાધ્વી કેવલદર્શી રેખાજી મ.સા. આજે બપોરે નાળા રોડ પર આવેલ પંચ લબ્ધિ નામની ૧૦ માળની બિલ્ડિંગમાં ધર્મલાભ (ભોજન) અર્થે ગયા હતા. બપોરે આશરે ૧૨:૩૦ કલાકે ૧૦મા માળે દાદરના પેસેજમાંથી અકસ્માતે નીચે ભોંયતળિયે પટકાતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને ઘટનાસ્થળે જ કાળધર્મ પામ્યા હતા.

આ ઘટના અંગે જિનય ભારતભાઈ શાહે વાપી ટાઉન પોલીસને જાણ કરતા પીએસઆઈ પાટીલ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા અને નિરીક્ષણ બાદ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સાધ્વીજી સાધ્વી શ્રુતારથી રેખા મ.સા.ના શિષ્યા હતા અને કુલચંદ વિજયજી મહારાજ સાહેબના સાંસારિક પૌત્રી હતા. તેમણે ૬ વર્ષ અગાઉ ૬ એપ્રિલ ૨૦૨૦ના રોજ દીક્ષા ગ્રહણ કરી હતી. સાધ્વી કેવલદર્શી રેખાજી મ.સા.ના કાળધર્મના સમાચારથી સમગ્ર વાપી જૈન સંઘમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. આજે સાંજે ૫:૩૦ કલાકે તેમની પાલખી યાત્રા શ્રાવિકા ઉપાશ્રય, અજિતનાથ જૈન દેરાસર સામેથી નામધા સ્મશાનગૃહ તરફ નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં જૈન સમાજના લોકો જોડાયા હતા.



વાંસદા તાલુકાના ભીનારગામના તેમજ આજુબાજુના ગામના અંદાજિત ૧૫૦ લોકોએ ભેગા મળીને ભીનારગામની હનુમાનજી મંદિર પાસે કાવેરી નદી કિનારે પિતૃશ્રાદ્ધ કર્યું હતું. આ શ્રાદ્ધ સવારે ૮ વાગ્યાથી શરૂ થઈ ૧૧.૩૦ કલાકે પૂર્ણ કરાયું હતું.

## વલસાડના તિથલ રોડ પરનું 'ગૌધામ' ખાલી કરાવવા આદેશ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વલસાડ શહેરના તિથલ રોડ પર આવેલ ગૌધામાં શહેરમાં રખડતી ભટકતી બીમાર અપંગ ૨૦૦ જેટલી ગાયોનું આશ્રયસ્થાન બનાવવામાં આવ્યું હતું.

ગૌ સેવાભાવી લોકો ના દાનથી આ ગૌધામ ચાલતું હતું. જોકે આ ગૌધામ ખાલી કરવાનો આદેશ કરતા આ લાચાર બનેલી ગાય વાછરડાને ગૌરક્ષો ખસેડવાની તજવીજ હાથ ધરી છે.

વલસાડના તિથલ રોડ પર છેલ્લા ૨ વર્ષથી 'ગૌધામ'ને તંત્ર દ્વારા ખાલી કરાવવા માટે આદેશ જારી કરવામાં આવતા ગૌપ્રેમીઓમાં ભારે રોષ સાથે લાચારીની લાગણી પ્રસરી ગઈ છે. ખાનગી જમીન પર મંજૂરી મેળવી ઊભું કરાયું હતું.

વલસાડ શહેર તેમજ આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં રખડતી, અકસ્માતનો ભોગ બનતી કે નિરાધાર ગાયોને રક્ષણ આપવા માટે સ્થાનિક ગૌસેવકોએ તિથલ રોડ સ્થિત એક ખાનગી જમીનમાલિકની યોગ્ય મંજૂરી મેળવી આ ગૌધામ શરૂ કર્યું હતું. વિતેલાં ૨ વર્ષથી અહીં ૨૦૦ જેટલી ગાયોની સેવા-સુશ્રુષા અને ઘાસચારાની વ્યવસ્થા આખું વર્ષ દરમિયાન દાતાઓના દાનથી કરવામાં આવી રહી હતી.

જેનાથી શહેરના માર્ગો પર રખડતા પશુઓથી થતા અકસ્માતોમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળતો હતો. સરકારી ફરમાનના પગલે ગૌધામમાં આશરો લઈ રહેલી અબોલ ગાયોને વલસાડ અને નજીકના વિસ્તારોની અન્ય ગૌશાળાઓમાં ખસેડવાની ફરજ પડી રહી છે.

હાલ અહીંથી પશુઓનું સ્થળાંતર કાર્ય શરૂ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. ગૌધામ ખાલી થવાના કારણે શહેરમાં આગામી દિવસોમાં ફરીથી રખડતા ઢોરનો ત્રાસ વધવાની આશંકા સેવાઈ રહી છે, ત્યારે તંત્ર આ અબોલ પશુઓ માટે તાકીદે સરકારી જમીન ફાળવી કાયમી વ્યવસ્થા ઊભી કરે તેવી લોકમાગ પ્રબળ બની છે.

## ધરમપુરમાં ખેડૂતોના ધરણાં



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૭ :** ધરમપુર તાલુકાના રાજપુરી તલાટ, વિરવલ, નાની ઢોલડુંગરી અને ખટાણા સહિતના વિસ્તારોમાં વર્ષ ૨૦૨૨માં પાણી પુરવઠા યોજનાની પાઈપલાઈન માટે ખેડૂતોની જમીનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ચાર વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં વળતરની રકમ ન મળતાં બુધવારે ખેડૂતો ધરમપુરની પાણી પુરવઠા કચેરી ખાતે એકત્ર થયા હતા.

ખેડૂતોએ લાંબા સમયથી બાકી રહેલી વળતરની પ્રક્રિયા તાત્કાલિક પૂર્ણ કરી રકમ ચૂકવવાની માંગ સાથે કચેરી ખાતે ધરણાં-પ્રદર્શન કર્યું હતું. ખેડૂતોના જણાવ્યા મુજબ, જમીનનો ઉપયોગ થયા બાદ પણ વળતર ન મળતાં તેમને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.ધરણાં દરમિયાન અધિકારીઓએ ખેડૂતો સાથે ચર્ચા કરી રજૂઆત સાંભળી હતી અને આગામી ૨૫ દિવસમાં જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી સંબંધિત ખેડૂતોને વળતર ચૂકવવાની ખાતરી આપી હતી. તંત્રની ખાતરી બાદ ખેડૂતોએ ધરણાં સમેટી લીધા હતા. હવે ચાર વર્ષથી બાકી વળતર ખરેખર ૨૫ દિવસમાં ચૂકવાય છે કે નહીં તેના પર ખેડૂતોની નજર છે.

## ઉદવાડા ગ્રા.પં.માં ઉપસરપંચની ચૂંટણી યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** પારડી તાલુકાના ઉદવાડા ગ્રામપંચાયતમાં આજે ઉપસરપંચની ચૂંટણી યોજવામાં આવી હતી. જે ચૂંટણીમાં વિજયભાઈ વિઠ્ઠલભાઈ પટેલને ચૂંટણી દરમિયાન વધુ મત મળતા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં. ઉદવાડા ગામમાં માજી ડેપ્યુટી સરપંચ સરોશભાઈ ઈરાનીને જિલ્લા વિકાસ અધિકારીએ સભ્યમાંથી સસ્પેન્ડ કર્યા હતાં. આજે તા. ૭ ઓક્ટોબરના રોજ ઉદવાડાગામમાં ઉપસરપંચ માટેની ચૂંટણી પારડી તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી વનરાજસિંહ પરમારના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. જે ચૂંટણી દરમિયાન વનરાજસિંહ પરમારે જિલ્લા વિકાસ અધિકારીના હુકમ મુજબ સરોશભાઈ ઈરાનીનો ઉમેદવારી ફોર્મ રદ કર્યો હતો. સરોશભાઈ ઈરાનીએ આક્ષેપ કર્યો હતો કે સેશન્સ કોર્ટનો ઓર્ડર હોવા છતાં પણ એમને ચૂંટણીમાં ભાગ લેવા માટે અનુમતિ આપવામાં આવી નથી અને એમના સાથે અન્યાય કરવામાં આવ્યો છે ત્યારે ચૂંટણી અધિકારીએ ડીડીઓના ઓર્ડર મુજબ સસ્પેન્ડ થયાનું જણાવ્યું હતું. અને એમને કોઈ પણ નામદાર કોર્ટનો ઓર્ડર ના મળ્યો હોવાનું જણાવ્યું હતું ચૂંટણી અધિકારીના જણાવ્યા મુજબ ત્રણ ફોર્મ આવ્યા હતા જેમાં સરોશભાઈ ઈરાની, વિજયભાઈ વિઠ્ઠલભાઈ પટેલ અને કુમુદબેન ઈશ્વરભાઈ પટેલનો સમાવેશ થાય છે જિલ્લા વિકાસ અધિકારીના ઓર્ડર મુજબ સરોશભાઈનું ફોર્મ ચૂંટણી અધિકારી વનરાજ પરમાર દ્વારા રદ કર્યો હતો અને વિજયભાઈ તથા કુમુદબેન વચ્ચે ચૂંટણી યોજાઈ હતી. જેમાં વિજયભાઈને બહુમતી મળતા વિજયભાઈને ઉપસરપંચ તરીકે વનરાજભાઈ પરમારે વિજેતા જાહેર કર્યા હતા છે કે એસીબીના ગુનામાં સરપંચ ધર્મેન્દ્રભાઈ પટેલ હાજર થયા નથી અને સરોશ ઈરાની તથા ધર્મિષ્ઠાબેન બંને સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે. જેથી ઉપસરપંચની ચૂંટણી આજે તા. ૭ ઓક્ટોબરના રોજ યોજવામાં આવી હતી. જેમાં વિજયભાઈ પટેલનો ભવ્ય વિજય થયો છે. સરોશભાઈએ ચૂંટણી અધિકારી સમક્ષ નામદાર સેશન્સ કોર્ટે ચૂંટણીમાં સામેલ થવા માટે ઓર્ડર કર્યો હોય એવી રજૂઆત કરી હતી પરંતુ નામદાર સેશન્સ કોર્ટનો ઓર્ડર ચૂંટણી અધિકારી વનરાજભાઈને ના મળ્યો હોવાનું એમણે જણાવ્યું હતું. અને ઓર્ડરને તેઓએ યથાવત રાખ્યો હતો. ઉદવાડા ગામમાં છેલ્લા લાંબા સમયથી ગ્રામ પંચાયતમાં રાજકારણ ગરમાયુ છે. અને એસીબીની કાર્યવાહીના પગલે ગ્રામ પંચાયતમાં ચૂંટણીઓ જોવા માટેની નોબત આવી હતી. આજે વિજયભાઈ પટેલ ડેપ્યુટી સરપંચ તરીકે ચૂંટાઈ આવતા ગ્રામ પંચાયતનો વહીવટ ફરીથી વિજયભાઈના હાથમાં આવી ગયો છે. વિજયભાઈને પાંચ મત અને કુમુદ બેનને ચાર મત મળ્યા હતાં. જેથી વિજયભાઈની જીત થઈ હતી.

## દમણમાં સીએનજીના ભાવ વાપી કરતાં વધારે કેમ ? : કોંગ્રેસ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૦૭ : દમણ અને દીવ પ્રદેશ કોંગ્રેસ સમિતિએ દમણમાં સીએનજીના ભાવ અંગે વહીવટીતંત્ર પર પ્રશ ઉઠાવ્યો છે. કોંગ્રેસનું કહેવું છે કે દમણમાં સીએનજીની કિંમત આશરે ૯૯ રૂપિયા પ્રતિ કિલો છે, જ્યારે પડોશી શહેર વાપીમાં તેની કિંમત આશરે ૮૮.૭૬ રૂપિયા પ્રતિ કિલો છે. પાર્ટીએ બંને સ્થળો વચ્ચે આશરે ૧૦ રૂપિયા પ્રતિ કિલોના તફાવત અંગે તાત્કાલિક જવાબો અને પારદર્શક તપાસની માંગ કરી છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હર્ષ દુબેએ જણાવ્યું હતું કે આ માત્ર ભાવ તફાવત નથી, પરંતુ સામાન્ય ગ્રાહકો પર વધારાનો નાણાકીય બોજ છે. તેમણે કહ્યું કે પેટ્રોલ અને ડીઝલ અને દૈનિક જરૂરિયાતની વધતી કિંમતો વચ્ચે સીએનજીને પ્રમાણમાં સસ્તું બળતણ માનવામાં આવે છે, પરંતુ દમણમાં તેની ઊંચી કિંમત સામાન્ય લોકોની મુશ્કેલીઓમાં વધારો કરી રહી છે. કોંગ્રેસના મતે, મોટી સંખ્યામાં કર્મચારીઓ, નાના વેપારીઓ, ઓટો-ટેક્સી ડ્રાઈવરો અને અન્ય વાણિજ્યિક વાહન ચાલકો નિયમિતપણે દમણ અને વાપી વચ્ચે મુસાફરી કરે છે. આવા વ્યક્તિઓ માટે, એક મહિના દરમિયાન પ્રતિ કિલો આશરે રૂ. ૧૦ નો તફાવત નોંધપાત્ર વધારાનો ખર્ચ બનાવે છે. કોંગ્રેસ પાર્ટીએ માંગ કરી છે કે વહીવટીતંત્ર દમણમાં સીએનજીના ભાવ નક્કી કરતા તમામ પરિબળો - ગેસ ખર્ચ, પરિવહન અને વિતરણ ચાર્જ, ટ્રાન્સમિશન ચાર્જ, કર અને અન્ય ફી - નું વિગતવાર અને પારદર્શક વિશ્લેષણ જાહેર કરે અને સમજાવે કે દમણ અને વાપી વચ્ચે આટલો નોંધપાત્ર ભાવ તફાવત કેમ છે. પાર્ટીએ માંગ કરી છે કે વહીવટીતંત્ર તાત્કાલિક સંબંધિત ગેસ વિતરણ કંપની અને સક્ષમ અધિકારી સાથે વાતચીત કરીને દમણમાં સીએનજી ગ્રાહકોને રાહત આપવા માટે નક્કર પગલાં લે તે જરુરી છે.

## કાંજણરણછોડ ગ્રા.પં.માં ભ્રષ્ટાચાર અંગે કલેક્ટરને રાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વલસાડ તાલુકાના કાંજણરણછોડ ગ્રામ પંચાયતમાં વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૬-૨૭ દરમિયાન હાથ ધરાયેલા વિવિધ વિકાસ કાર્યોમાં સરપંચ, સરપંચ પતિ અને જવાબદાર કર્મચારીઓની મિલીભગતથી મોટાપાયે નાણાકીય ગેરરીતિ અને ભ્રષ્ટાચાર આચરાયો હોવાની લેખિત ફરિયાદ જિલ્લા કલેક્ટર સમક્ષ કરાતાં ખળભળાટ મચી ગયો છે. ગામના જાગૃત નાગરિક રતિલાલ છગનભાઈ પટેલ દ્વારા ઓનલાઈન સ્વાગત કાર્યક્રમ હેઠળ ૧૯ જેટલા મુદ્દાઓ સાથે સચોટ આધાર-પુરાવા રજૂ કરી તટસ્થ તપાસની માંગણી કરવામાં આવી છે. અરજીમાં ગંભીર આક્ષેપો કર્યા કે ઔરંગા નદીના પુલ નીચે રસ્તો બનાવ્યા વગર જ રૂ. ૧,૬૫,૦૦૦નું બિલ ચૂકવાઈ ગયું છે. પશ્ચિમ રામજી ફળિયામાં ડામર રસ્તો બનાવ્યા વગર રૂ. ૫,૦૦,૦૦૦ અને ભૂતિયા ફળિયામાં રૂ. ૩,૦૦,૦૦૦ની રકમ કાગળ પર રસ્તા બતાવી ચાઉં કરી દેવાઈ છે. આ ઉપરાંત મહાદેવ મંદિર ભૂતિયા ફળિયાથી રસ્તાના નામે રૂ. ૧,૮૦,૦૦૦ તથા પૂર્વ રામજી ફળિયામાં માપ કરતાં વધુ લંબાઈ બતાવી નિયમ વિરુદ્ધ નાણાં ચૂકવાયા છે. પાંચબંગાળી ફળિયામાં પાણીના બોર અને ટાંકીના નામે રૂ. ૨,૨૬,૫૮૨ અને રૂ. ૨,૩૪,૬૩૭ એમ લાખો રૂપિયા ઉપાડી લેવાયા, જ્યારે સ્થળ પર બોર કે ટાંકીનું અસ્તિત્વ જ નથી. વાઘઝર ફળિયામાં બોરનું કામ કર્યા વગર રૂ. ૭૧,૮૯૭નું બોગસ બિલ ચૂકવાયું છે. બેંકલા ફળિયામાં રૂ. ૨,૩૪,૬૩૭ તથા અન્ય મીની ટાંકી માટે રૂ. ૩,૮૦,૦૦૦ અને સ્ટ્રોમ વૉટર ડ્રેનેજના રૂ. ૧,૦૦,૦૦૦ની રકમ સ્થળ નક્કી કર્યા વિના જ ચૂકવાઈ હોવાનો ઘટસ્ફોટ થયો છે. ગામમાં નદી ફળિયું ન હોવા છતાં નદી ફળિયા સેનિટેશન શેડના નામે રૂ. ૨,૫૧,૪૩૧નું બોગસ બિલ પાસ કરાવી સરકારી નાણાંની ખુલ્લેઆમ ઉચાપત કરાઈ છે. પંચાયતના સભ્ય પતિ સુનિલભાઈ પટેલે કોઈપણ જાહેર ટેન્ડર વિના જ રસ્તા રિપેરિંગનો રૂ. ૧,૩૪,૭૦૦નો કોન્ટ્રાક્ટ આપી નાણાકીય ઔચિત્યના નિયમો નેવે મૂકવામાં આવ્યા છે. સાફ-સફાઈના નામે સરપંચ પ્રજીતાબેનના પતિ સુનિલભાઈના અંગત મળતિયાઓને ભાવ મંગાવ્યા વગર રૂ. ૧,૧૨,૨૫૦ ચૂકવાયા છે. સ્ટ્રીટ લાઈટ રિપેરિંગ અને પ્રાથમિક શાળા માટે રૂ. ૧,૫૦,૦૦૦નું આર.ઓ. પ્લાન્ટ બતાવી માત્ર રૂ. ૧૦,૦૦૦નો પ્લાન્ટ દૂધ મંડળીમાં મુકાવી બાકીની રકમ ઓળવી જવાઈ હોવાનો પર્દાફાશ થયો છે. અરજદારે સમગ્ર પ્રકરણની તટસ્થ તપાસ કરાવી સંડોવાયેલા તમામ તત્વો સામે કડક ફોજદારી અને શિક્ષાત્મક કાર્યવાહી કરી નાણાંની વસૂલાત કરવાની ઉગ્ર માંગ કરી છે.

ઇન્ડસ્ટ્રીયલ ગાળો ભાડે આપવાનો છે
પ્રમુખ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ દાદરા ગ્રાઉન્ડ ફ્લોર 3000 સ્ક્વેર ફૂટ, ફસ્ટ ફ્લોર 3000 સ્ક્વેર ફૂટ, સેકન્ડ ફ્લોર સેડ 3000 સ્ક્વેર ફુટ
95+50 HP power
Contact - 9377041324 / 9408451455

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com



गांधी जयंति के अवसर पे
खादी पे 30 % और सील्क, वोलेन पे 20 % की छुट
"खादी तन की शान है, सत्य मन की पहचान है; मेहनत मेरा धर्म है, भारत मेरी जान है।"
02-10-2026 to 02-11-2026
100 % NATURAL
HANDMADE
SUPPORT INDIAN ARTISANS
GANDHI ASHRAM
KHADI
ONE BRAND FOR NATURE | PURE | INDIAN | SUSTAINABLE
Mob. No. 9998517995
G-3, Ground Floor, Shopper Stop, Imran Nagar, Silvassa Road, Vapi, Gujarat - 396 191

## નવસારીમાં નાણાંમંત્રીની ઉપસ્થિતિમાં સેવા જ્યોતિ યાત્રા યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૦૬ :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષના સુશાસન અને લોકસેવાની ઉજવણીના ભાગરૂપે સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત નવસારીના લુન્સીકુઈ મેદાન ખાતે નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુ દેસાઈની અધ્યક્ષતામાં વિકસિત ભારત સંકલ્પ સભા અને સેવા જ્યોતિ યાત્રા યોજાઈ હતી. કાર્યક્રમ દરમિયાન નવી દિલ્હીથી વડાપ્રધાનના પ્રેરણાદાયી સંબોધનનું લાઈવ પ્રસારણ ઉપસ્થિત સૌ નાગરિકોએ નિહાળ્યું હતું. સંબોધન બાદ ઉપસ્થિત મેદનીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશને સમૃદ્ધ અને આત્મનિર્ભર બનાવવા વિકસિત ભારત ક ૨૦૪૭ના સામૂહિક શપથ લીધા હતાં.

ત્યારબાદ મંત્રી કનુ દેસાઈ તથા મહાનુભાવો દ્વારા વિકાસ જ્યોતિ મશાલ પ્રજ્વલિત કરી લુન્સીકુઈથી જૂનાથાણા સુધીની ભવ્યઁ સેવા જ્યોતિ યાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ યાત્રામાં પિરામિડ ડાન્સ, પારંપરિક ગરબા અને કાઠિયાવાડી મંડળીના સાંસ્કૃતિક કાર્યક્રમો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય રાકેશ દેસાઈ, ભાજપ જિલ્લા અધ્યક્ષ ભુરાલાલ શાહ, મેયર અશોક ધોરાજીયા, કલેક્ટર મનીષ ગુરવાની, ડીડીઓ કાર્તિક જીવાણી, એસપી રાહુલ પટેલ અને મ્યુનિસિપલ કમિ'ર સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ નવસારીના નગરજનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર પગપાળા જોડાયા હતા.

## ડાંગ જિલ્લામાં મહેસુલી કર્મચારીઓની અનિશ્ચિત મુદતની હડતાળ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૦૭ :** ડાંગ જિલ્લામાં મહેસુલી કર્મચારીઓ દ્વારા પોતાના પડતર પ્રશ્નો અને વિવિધ માંગણીઓના નિરાકરણની માંગ સાથે આજે તા. ૭મી ઓક્ટોબરથી અનિશ્ચિત મુદતની હડતાળનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય મહેસુલ મહામંડળના આદેશ અનુસાર સમગ્ર ગુજરાત રાજ્યમાં મહેસુલી કર્મચારીઓ દ્વારા હડતાળનું એલાન કરવામાં આવ્યું છે. આ નિર્ણયના પગલે ડાંગ જિલ્લા મહેસુલ મંડળના પ્રમુખ ચિરાગભાઈ રાણા સહિત મંડળના હોદ્દેદારો તેમજ મહેસુલી વિભાગનો સ્ટાફ હડતાળમાં જોડાયો છે. કર્મચારીઓના જણાવ્યા મુજબ, રાજ્યનાં મહેસુલ વિભાગ સમક્ષ લાંબા સમયથી વિવિધ પડતર પ્રશ્નો અને માંગણીઓ રજૂ કરવામાં આવી છે,તેમ છતાં હજુ સુધી તેનો યોગ્ય ઉકેલ આવ્યો નથી.મહેસુલી કર્મચારીઓનું કહેવું છે કે, જ્યાં સુધી મહેસુલ વિભાગ દ્વારા તેમના



પડતર પ્રશ્નો અંગે યોગ્ય અને સંતોષકારક નિર્ણય લેવામાં નહીં આવે ત્યાં સુધી અનિશ્ચિત મુદતની હડતાળ ચાલુ રાખવામાં આવશે.ડાંગ જિલ્લામાં મહેસુલી કર્મચારીઓ હડતાળ પર ઉતરતાં મહેસુલી વિભાગ સાથે સંકળાયેલી વિવિધ કામગીરી પર અસર થવાની શક્યતા ઉભી થઈ છે. ખાસ કરીને જમીન મહેસુલ, હક્કપત્રક, વિવિધ પ્રમાણપત્રો, મહેસુલી અરજીઓ સહિતની કામગીરી માટે દુરનાં ગામડેથી કચેરીઓમાં આવતા અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. ડાંગ જિલ્લાના વહીવટી તંત્રમાં મહેસુલી કર્મચારીઓની મહત્વની ભૂમિકા હોવાથી તેમની હડતાળને કારણે મહેસુલી તેમજ વહીવટી કામગીરી પર પણ તેની અસર જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ડાંગ જિલ્લા મહેસુલ મંડળના પ્રમુખ ચિરાગભાઈ રાણા અને મંડળના હોદ્દેદારોના નેતૃત્વ હેઠળ મહેસુલી કર્મચારીઓએ પોતાની માંગણીઓ અંગે મહેસુલ વિભાગ દ્વારા સકારાત્મક નિર્ણય લઈ પડતર પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવામાં આવે તેવી માંગ કરી છે.હાલમાં ડાંગ જિલ્લાના મહેસુલી કર્મચારીઓ હડતાળને સમર્થન આપી કામગીરીથી અળગા રહ્યા છે. હવે મહેસુલ વિભાગ દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે શું પગલાં લેવામાં આવે છે તેના પર સૌની નજર છે.

## ખેરગામની જનતા મા.શાળામાં તાલુકા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ખેરગામ, તા.૦૭ :** નવસારી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા આયોજીત ખેરગામની જનતા માધ્યમિક શાળા ખાતે ખેરગામ તાલુકા કક્ષાનો કલા મહાકુંભ કાર્યક્રમ મામલતદાર વિજયકુમાર સી. પટેલ, ખેરગામના અધ્યક્ષ સ્થાને આયોજીત થયો. જેમાં તાલુકા વિકાસ અધિકારી પ્રકાશભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ હંસાબેન દેસાઈ, કારોબારી અધ્યક્ષ જીજ્ઞાબેન, જનતા કેળવણી મંડળના પ્રમુખ અરવિંદભાઈ, સરપંચ ઝરણાબેન, રશ્મિબેન, તાલુકા પ્રાથ. શિક્ષણાધિકારી મનીષભાઈ પરમાર, સહિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતાં.

જિલ્લા કક્ષાએથી પધારેલ સ્પર્ધાના નિર્ણાયકઓ દ્વારા નિબંધ,ચિત્રકલા, ભારતનાટ્યમ, ગરબા લોકનૃત્ય, એક પાત્રીય અભિનય વગેરે સ્પર્ધાઓમાં સ્પર્ધકોને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ આપવામાં આવ્યા હતા. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ૨૪૦ જેટલા સ્પર્ધકો સદર કલા મહાકુંભમાં સહભાગી બન્યા હતાં. સમગ્ર કાર્યક્રમ જનતા મા. શાળા પરિવાર દ્વારા કુશળ રીતે સંપન્ન કરવામાં આવ્યો હતો.

## નવસારી જિલ્લાના મહેસુલી કર્મીઓ હડતાલથી પ્રજાના કામો અટવાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૭ :** નવસારી જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળ (વર્ગ-૩)ના તમામ કર્મચારીઓ પડતર માંગણીઓને લઈ આજથી અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતરતા તમામ કચેરીઓમાં કામકાજ થપ્પ થઈ જવા પામ્યું છે. જોકે ચીખલી તાલુકા મામલતદાર કચેરીમાં પણ કર્મચારીઓ ન રહેતા અરજદારો વિલા મોઢે પાછા ફર્યા હતાં.

નવસારી જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળ (વર્ગ-૩)ના કર્મચારીઓ ની છેલ્લા કેટલાક સમયથી પડતર માંગણીઓ સરકાર દ્વારા પૂર્ણ ન કરાતા આજથી તમામ મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતરી જતા નવસારી જિલ્લાના તાલુકા ભરમાં આવેલ મામલતદાર કચેરીઓમાં નાયબ મામલતદારો ન રહેતા અરજદારોના કામ ટલ્લે ચઢી ગયા છે. જોકે દૂર દૂરથી અરજદારો સરકારી કામકાજ અર્થે આવ્યા હોય અને અધિકારીઓ ટેબલ ઉપર ન મળતા અરજદારોના કામ અટવાઈ પડ્યા છે.

### નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત

## બીલીમોરાની વી.એસ. પટેલ કોલેજમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૦૭ :** ગુજરાત રાજ્ય ગૃહ વિભાગના નેજા હેઠળ નિયામક, નશાબંધી અને આબકારી, ગાંધીનગરના માર્ગદર્શન અનુસાર નશાબંધી અને આબકારી અધીક્ષકની કચેરી, નવસારી દ્વારા બીલીમોરા સ્થિત વી. એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે બુધવારે નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત વિશેષ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને મહાનુભાવોના સ્વાગત સાથે કરવામાં આવી હતી. "SAY NO TO DRUGS ,CHOOSE A HEALTHY FUTURE , BUILD A DRUG-FREE GUJARAT" ના સૂત્ર હેઠળ યોજાયેલા કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાપેઢીમાં દારૂ અને ડ્રગ્સ જેવા જીવલેણ વ્યસનો પ્રત્યે જાગૃતિ લાવી સ્વસ્થ સમાજનું



નિર્માણ કરવાનો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો અને વિદ્યાર્થીઓએ નશામુક્તિ માટેના સામૂહિક શપથ ગ્રહણ કર્યા હતા. નશાના દૂષણ અને તેનાથી થતા નુકસાન અંગે જાગૃતિ ફેલાવવા માટે પોસ્ટર પ્રદર્શનનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓની પ્રતિભાને પ્રોત્સાહન આપવા વક્તૃત્વ સ્પર્ધા તેમજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિજેતા જાહેર થયેલા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામો એનાયત કરાયા હતાં.

બીલીમોરા વિભાગ કેળવણી મંડળના ચેરમેન નરેશચંદ્ર નેમાણી, મંત્રી ઉદય પટેલ, ડૉ.કુણાલ ભાવસાર, ડૉ.અરવિંદ બજાજ, નશાબંધી અને આબકારી વિભાગના સબ-ઈન્સ્પેક્ટર એન. આર. વસાવા, કોન્સ્ટેબલ એચ. ડી. વસાવા તેમજ કોલેજનો અધ્યાપકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ-સ્ટાફ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ઉપસ્થિત અતિથિઓએ યુવાધનને વ્યસનોથી દૂર રહી ઉજ્જવળ ભવિષ્ય ઘડવા અને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા આહવાન કર્યું હતું.

## ચિંચલી ખાતે એથર ઈન્ડસ્ટ્રીઝ દ્વારા નિ:શુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૦૭ :** ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાના ચિંચલી ગામ ખાતે આવેલી આદર્શ માધ્યમિક શાળામાં એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, સુરત તથા ડાંગ યુવક સેવા સમિતિના સંયુક્ત સહયોગથી એક વિશાળ અને નિ:શુલ્ક આરોગ્ય શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ. માનવસેવાના આ ભગીરથ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, સુરતના દીપકભાઈ મહેતા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમના પ્રારંભમાં શાળાના આચાર્ય ભગેશભાઈ તથા સમગ્ર શિક્ષક સ્ટાફ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છ આપી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ગ્રામીણ વિસ્તારમાં આવી ઉત્કૃષ્ટ માનવસેવા પૂરી પાડવા બદલ એથર પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ નિ:શુલ્ક આરોગ્ય શિબિરમાં જનરલ ફિઝિશિયન, ત્વચારાગ નિષ્ણાત, અસ્થિરોગ નિષ્ણાત, દંત ચિકિત્સક અને ઓપ્ટોમેટ્રિસ્ટ (આંખના નિષ્ણાંત) જેવા નિષ્ણાત તબીબોએ પોતાની સેવાઓ આપી હતી. ડૉ. અંકિત ચોઢાણી, ડૉ. વિરેન ઠક્કર, ડૉ. પૂર્વા ઠક્કર, ડૉ. નિકુંજ ભાલાળા, ડૉ. પ્રણય ભટ્ટ અને ડૉ. કરણ ખાસે સહિત મેડિકલ અને નર્સિંગ સ્ટાફની બહોળી ટીમે દર્દીઓની ગહન અને કાળજીપૂર્વક તપાસ કરી હતી. શિબિર દરમિયાન તમામ લાભાર્થીઓને જરૂરિયાત મુજબ વિનામૂલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત દાંત અને આંખની તપાસ, ECG તેમજ બ્લડ સુગર, હિમોગ્લોબિન અને સિકલ સેલ જેવા વિવિધ રોગોના નિ:શુલ્ક બ્લડ ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. આંખની તપાસ બાદ જરૂરિયાતમંદ લાભાર્થીઓને ફ્રી ચશ્મા તથા મહિલા લાભાર્થીઓને સેનિટરી પેડ્સનું પણ નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતુ.ડાંગનાં ચિંચલી ખાતે એથર ઈન્ડસ્ટ્રીઝ દ્વારા યોજાયેલો આ બીજો સફળ મેડિકલ કેમ્પ હતો, જ્યાં સંસ્થા દ્વારા એક નવી શાળાનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

## ડાંગની મુલાકાતે વડાપ્રધાન મોદીના બહેન પરિવાર અને મિત્રો સાથે પહોંચ્યા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૦૭ :** પ્રાકૃતિક સૌંદર્ય અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો ધરાવતા દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના બહેન વાસંતીબેન મોદી પોતાના પતિ હસમુખભાઈ મોદી તથા મિત્રો સાથે ખાસ પ્રવાસે આવ્યા હતા. ડાંગની મનોહર પ્રકૃતિ, પવિત્ર ધાર્મિક સ્થળો અને સ્થાનિક સંસ્કૃતિને નજીકથી અનુભવવાના હેતુથી યોજાયેલા આ પ્રવાસ દરમિયાન તેમણે જિલ્લાના વિવિધ ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી હતી.પોતાના આ યાદગાર પ્રવાસ દરમિયાન વાસંતીબેન મોદી, હસમુખભાઈ મોદી અને તેમના સાથીદારોએ રામાયણ કાળ સાથે જોડાયેલા પવિત્ર યાત્રાધામ શબરીધામ, પંપા સરોવર, અંજની કુંડ તથા ઐતિહાસિક મહત્વ ધરાવતી પાંડવ ગુફાની મુલાકાત



લીધી હતી. આ ઉપરાંત, તેમણે બિલમાલ (તુલસીગડ) ખાતે આવેલ પ્રાચીન અર્ધનારેશ્વર મહાદેવ મંદિરે પહોંચી પૂજા-અર્ચના અને દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ ધાર્મિક યાત્રા આગળ ધપાવતા તેઓએ સુબીર ખાતે પૂજ્ય અસીમાનંદ સ્વામીજીના દર્શન કર્યા હતાં તથા વાસુર્ણા ખાતે હેતલ દીદીની મુલાકાત લઈ તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં. ડાંગ રોકાણ દરમિયાન વાસંતીબેન મોદી અને તેમનો પરિવાર આહવા ખાતે 'સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટ, ગુજરાત'ના ઉપપ્રમુખ ગિરીશભાઈ મોદીના નિવાસસ્થાને પધાર્યા હતાં. જ્યાં પરિવારજનો દ્વારા તેમનું આત્મીય સ્વાગત અને ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રવાસના બીજા દિવસે તેમણે સ્થાનિક શૈક્ષણિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવાના ભાગરૂપે ગીતાંજલિ સ્કૂલની પણ મુલાકાત લીધી હતી. આ સમગ્ર સફર દરમિયાન ગિરીશભાઈ મોદી, અમરનાથ જગતાપ અને બીબીબેન ચૌધરીએ સાથે રહીને પ્રવાસની ઉત્કૃષ્ટ વ્યવસ્થા અને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.ડાંગના અહલાદક પ્રાકૃતિક વાતાવરણ, પવિત્ર સ્થળોના આધ્યાત્મિક પરિવેશ અને સ્થાનિક લોકો તરફથી મળેલા અદભુત સ્નેહ અને આત્મીય આવકારથી વાસંતીબેન મોદી તથા તેમના સાથીદારો અત્યંત પ્રસન્ન થયા હતા.

## ખેરગામ પોલીસ સ્ટેશનનું રેન્જ આઈ.જી.એ નિરીક્ષણ કર્યુ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ખેરગામ, તા.૦૭ :** ખેરગામ પોલીસ સ્ટેશનની તમામ કાર્યવાહીનું નિરીક્ષણ કરવા માટે બુધવાર સાતમીએ રેન્જ આઈ.જી. પ્રેમવીર સિંહ યાદવ અને તેમની સાથે જિલ્લા પોલીસ વડા નવસારીના રાહુલ પટેલ પધાર્યા હતાં.

આ કાર્યક્રમની ખેરગામ પોલીસે પત્રકારો કે આગેવાનો કોઈને પણ જાણ કરી હતી નહીં માત્ર વેપારી મંડળના પ્રમુખને ફોન કરી બોલાવતા તેમની સાથે પછીથી પંદરેક જણા મળવા માટે ગયા હતાં.

પોલીસ સ્ટેશનના સભાખંડમાં સંવાદ દરમિયાન પ્રેમવીરસિંહ સાહેબે સૌને જણાવ્યું કે પોલીસ સેવા બાબતે જે કોઈને પણ પ્રશ્ન હોય તકલીફ



હોય રજૂ કરી શકે છે અને સાથે પોતાનો પરિચય પણ આપે. જેમાં અમૃતભાઈ, જીવણભાઈ, ધર્મેશ ભરૂચા વિગેરેએ સ્વાગત શુભેચ્છા અને ખેરગામની પોલીસ સેવાને બિરદાવી હતી. રેન્જ આઈ.જીએ જિલ્લા પોલીસ વડા નું સન્માન કરવા ધ્યાન દોર્યું હતું, ખેરગામના મહિલા પીઆઈનું પણ સન્માન થયું હતું.

ખેરગામ બજારની ટ્રાફિક સમસ્યા માટે એક પણ ઉપસ્થિતોને સાહેબનું ધ્યાન દોરવાનું સુઝ્યું નહીં. ખેરગામ બજારનો માર્ગ અત્યંત સાંકડો અને ભરચક રહે છે જેમાં પણ ચીખલીથી ધરમપુર કે ધરમપુરથી ચીખલી જનારા વાહનો ભારે સમસ્યા સર્જે છે, જે તમામને બાયપાસ માર્ગે મોકલવામાં પોલીસ તંત્ર અને હોમગાર્ડઝ નિષ્ફળ રહ્યા છે, કોઈ વૈકલ્પિક ઉપાય પોલીસ તંત્ર શોધતું નથી કે ભરચક ટ્રાફિક કેવી રીતે હળવો થાય તેના માટે માર્ગ શોધતા નથી.

આ લખનાર હંમેશા પીઆઈનો મોબાઈલ સંપર્ક કરવા કરે તો બીઝીનો જ સંદેશ મળે સીધી વાત થતી જ નથી, કે તેઓ પણ સામેથી કોલ કરતા નથી જેથી પીએસઓ મિત્તલ પાસે આ બે અધિકારીઓ આવ્યા તેમના નામ મેળવ્યા હતા.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૮-૧૦-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** ભાદરવો વદ, તેરસ, **સૂર્યોદય :** ૦૬ : ૩૭ **સૂર્યાસ્ત** ૦૬ : ૧૬, **ચંદ્રોદય** - ૦૪:૧૨ **ચંદ્રાસ્ત** - ૦૪:૫૦ **ચંદ્ર રાશિ :** સિંહ, **નક્ષત્ર** - મઘા

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે આત્મવિશ્વાસ વધશે અને કામકાજમાં નવી તક મળી શકે છે. વેપાર-ધંધામાં લાભના સંકેત છે.નોકરી કરતા લોકોને અધિકારીઓનો સહયોગ મળશે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજે નવી શરૂઆત કરવા માટે સારો દિવસ બની શકે છે. કામમાં જવાબદારી વધશે, પરંતુ મહેનતનું પરિણામ પણ મળશે.

**મિથુન(ક.છ.ઘ) :** આજે પરિવાર અને ઘર સંબંધિત બાબતો પર વધુ ધ્યાન આપવું પડશે.

**કર્ક(ડ.હ) :** આજે મન થોડું દ્વિધામાં રહી શકે છે, તેથી મહત્વના નિર્ણયમાં ઉતાવળ ન કરવી.

**સિંહ(મ.ટ.) :** ચંદ્ર તમારી જ રાશિમાં હોવાથી આજે આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વનો પ્રભાવ વધારે રહેશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજે આર્થિક રીતે લાભદાયક પરિસ્થિતિ બની શકે છે. જૂનું પેમેન્ટ અથવા અટકેલા પૈસા મળવાની શક્યતા છે.

**તુલા (ર.ત.) :** આજે નવી શરૂઆત અને નવી ડીલ માટે સારા સંકેત મળી શકે છે. વ્યવસાયમાં સંપર્કોનો લાભ મળશે. નોકરીમાં જવાબદારી વધે તો તેને તક તરીકે જોવી.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે પ્રગતિ માટે મહત્વપૂર્ણ તક મળી શકે છે. કામકાજમાં તમારો પ્રભાવ વધશે અને કોઈ જૂનું કામ પૂર્ણ થવાની શક્યતા છે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે પોતાની જવાબદારીઓને ગંભીરતાથી લેવી જરૂરી છે. કામમાં વિલંબ ન કરવો અને અધૂરા કાર્યો પૂરા કરવા પ્રયત્ન કરવો.

**મકર(જ.ખ) :** કરિયર માટે દિવસ સારો રહી શકે છે. કામમાં સફળતા અથવા કોઈ સારા સમાચાર મળવાની શક્યતા છે.

**કુંભ(ગ.શ.સ.) :** આજે આર્થિક બાબતોમાં સંયમ રાખવો ખૂબ જરૂરી છે. બિનજરૂરી ખરીદી અથવા જોખમી રોકાણથી દૂર રહેવું.કામમાં કોઈ નવી જવાબદારી આવી શકે છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજે મનમાં વિચારો વધારે રહેવાને કારણે થોડી અશાંતિ અનુભવાઈ શકે છે. પૈસા અને સંબંધોની બાબતમાં લાગણી કરતાં વ્યવહારિકતા રાખવી.

## દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

**ગુરૂવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૦૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | | | | 6 | | |
| | 2 | | 7 | | 6 | | 4 | |
| | 7 | 3 | 5 | | 2 | 8 | 9 | |
| | 1 | | | 6 | | | 7 | |
| | | | 4 | | 9 | | | |
| | 5 | | | 1 | | | 3 | |
| | 8 | 1 | 9 | | 3 | 7 | 6 | |
| | 3 | | 2 | | 4 | | 1 | |
| | | 5 | | | | 4 | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

### સુડોકુ નં.૪નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 8 | 1 | 6 | 4 | 9 | 3 | 7 |
| 9 | 1 | 6 | 7 | 5 | 3 | 8 | 2 | 4 |
| 4 | 7 | 3 | 2 | 8 | 9 | 1 | 5 | 6 |
| 7 | 3 | 9 | 6 | 1 | 8 | 5 | 4 | 2 |
| 5 | 2 | 1 | 9 | 4 | 7 | 3 | 6 | 8 |
| 8 | 6 | 4 | 3 | 2 | 5 | 7 | 9 | 1 |
| 1 | 9 | 5 | 4 | 7 | 2 | 6 | 8 | 3 |
| 3 | 4 | 7 | 8 | 9 | 6 | 2 | 1 | 5 |
| 6 | 8 | 2 | 5 | 3 | 1 | 4 | 7 | 9 |

# સ્થાનિક સમાચાર

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

Thursday 08, October 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


કપરાડા વન વિભાગ અને WWF દ્વારા

## કપરાડાની ચાવશાળા આશ્રમશાળામાં વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરાઈ

### જંગલનાં મુખ્ય સફાઈ કામદાર તરીકે પ્રકૃતિની જાળવણીમાં ગીધના ફાળા અંગે સમજણ આપી : વન હૈ તો જીવન હૈ નાં નારા સાથે વાતાવરણ પર્યાવરણમય બન્યું, વન્ય પ્રાણીઓની કવીઝ પણ યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૭ :** કપરાડા વન વિભાગ અને ડબલ્યુ.ડબલ્યુ.એફ.ના સંયુક્ત ઉપક્રમે ચાવશાળા આશ્રમશાળામાં વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં ખાસ વન્ય પ્રાણીઓ જોડે સહ અસ્તિત્વ અને એનાં મહત્વ વિષે વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી. દુર્લભ વન્ય પ્રાણીઓ અને પક્ષીઓનાં પોસ્ટર્સ બતાવી એને બચાવવાનાં પ્રયત્નો વિષે પણ વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને વિદ્યાર્થીઓને કપરાડા વિસ્તારમાં ગીધોની ઉપસ્થિતી વિશે જણાવી અને જંગલનાં મુખ્ય સફાઈ કામદાર તરીકે પ્રકૃતિની જાળવણીમાં ગીધનો ફાળો કેવી રીતે હોય છે અને એને બચાવવાં સ્થાનિક નાગરિક તરીકે આપણી શું ફરજ છે તે ઊંડાણપૂર્વક વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. સાથે સાથે વન વિભાગ તરફથી પણ ફોરેસ્ટર હિતેશભાઈ અને તેમનાં સ્ટાફ તરફથી વન્ય જીવોની પજવણી કે મારણ માટે વન્ય સુરક્ષા ધારા હેઠળ અપરાધ અને દંડની જોગવાઈ તથા વન્ય પ્રાણીઓ દ્વારા થતાં આપણાં પર કે ઢોર-ઢાંખર પર થતાં હુમલામાં સરકાર તરફથી ચુકવવામાં આવતું વળતર વિષે માહીતિ આપી લોકોને જાગૃત કર્યાં હતાં. આ ઉજવણીમાં વન વિભાગ કપરાડા રેન્જનો સ્ટાફ અને ષ્જનાં સ્ટેટ હેડ મૌતિક દવે તેમની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ WWF દ્વારા વિદ્યાર્થીઓમાં વન્ય પ્રાણીઓ માટેની જાણકારી અને વધુ માહિતી મળી રહે અને તેને જાળવવા વધારે રસ કેળવે તે હેતુથી વિદ્યાર્થીઓ માટે ખાસ વન્ય પ્રાણીઓની કવીઝ કરી હતી જેમાં સાચા જવાબ આપનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતાં. અંતે વન હૈ તો જીવન હૈ નાં નારા સાથે આ કાર્યક્રમનું સમાપન થયું હતું.

## પારડીમાં માર્ગ સુરક્ષા અને નશામુક્તિ અભિયાન હેઠળ જનજાગૃતિ રેલી યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** પારડી શહેર ભારતીય જનતા પાર્ટી અને પારડી પોલીસ દ્વારા આજરોજ માર્ગ સુરક્ષા અને નશા મુક્તિ અભિયાન હેઠળ જનજાગૃતિ રેલી કાઢવામાં આવી હતી અને ટ્રાફિક નિયમનો ભંગ કરનાર વાહનચાલકોને પુષ્પ આપી ટ્રાફિક નિયમનો પાલન કરવા માટે સુંદર સંદેશો આપવામાં આવ્યો હતો. અહીં મુખ્ય બજાર જુના બસ સ્ટેન્ડ પાસે પારડી પોલીસ ના પીઆઈ વાય બી ગોહિલ પીએસઆઈ રાઠોડ પીએસઆઈ શાહ સાથે પોલીસ સ્ટાફ અને ભાજપ જિલ્લા મહામંત્રી કમલેશભાઈ પટેલ પારડી ભાજપ પ્રમુખ વિપુલ પટેલ મહામંત્રી ઝૂબીન દેસાઈ અશોક પ્રજાપતિ મહિલા મરચાના પ્રમુખ જાગૃતિબેન દેસાઈ પારડી પાલિકાના પ્રમુખ ચેતન નાયકાઓ પ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી સદસ્ય પ્રણવભાઈ દેસાઈ સિરીશભાઈ પટેલ અનિતાબેન રાય ભૂમિબેન પારેખ ઉષાબેન પટેલ ઈલાબેન પરમાર જીગ્નેશભાઈ માંગેલા જીગ્નેશ ભાઈ આહીર જીગ્નેશભાઈ પટેલ કિરણભાઈ પટેલ મેઘાબેન ભાવસાર સાથે યુવા પ્રમુખ મેહુલ ભરવાડ મહામંત્રી જેનીલ દેસાઈ અમિતભાઈ રાણા અજીતભાઈ ભંડારી જીગ્નેશભાઈ રાણા સહિત વિશાળ સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ અને નગરજનો ભેગા થયા હતા મુખ્ય બજારથી માર્ગ સુરક્ષા અને નશા મુક્તા અભિયાન હેઠળ રેલી કાઢવામાં આવી હતી જે રેલી ચાર રસ્તા પર પહોંચી હતી. ચાર રસ્તા પર પહોંચ્યા બાદ માર્ગ સલામતીના ભાગરૂપે હેલ્મેટ વગર અને સીલ્ટ બેલ્ટ વગર આવતા વાહનચાલકોને પુષ્પ આપી એમને ટ્રાફિકના નિયમનો પાલન કરવા માટેની સમજણ પોલીસ વિભાગ દ્વારા આપવામાં આવી હતી આ સાથે માર્ગ સલામતી અભિયાન પારડીમાં હવે શરૂ કરી દેવામાં આવ્યું છે.

ટ્રાફિક નો નિયમ નહીં પાલન કરતાં વાહન ચાલકો સામે પોલીસ હવે કાયદેસરની કડક કાર્યવાહી કરશે જેથી નિયમનો પાલન ન કરતા વાહનચાલકોએ ચેતી જવાની જરૂર છે વળી નશો કરીને વાહન ચલાવતા વાહન ચાલકોએ ખાસ ચેતવાની જરૂર છે.

## વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી મંડળનું ૪૪મું વાર્ષિક અધિવેશન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળનું ૪૪મું વાર્ષિક અધિવેશન તા. ૪ ઓક્ટોબર, રવિવારના રોજ વલસાડ તાલુકા પટેલ સમાજ પ્રગતિમંડળ સંચાલિત શ્રી મણિલાલ પટેલ સમાજવાડી ખાતે યોજાયું હતું. મંડળના પ્રમુખ ગણપતભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં વલસાડના ધારાસભ્ય ભરતભાઈ કે. પટેલ, ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મહામંડળના પ્રમુખ ચંદુલાલ વી. જોશી, મહલ રિયલ્ટી પ્રા. લિ.ના ડાયરેક્ટર-પ્રમુખ બિપિનચંદ્ર બી. પટેલ તથા આંતરરાષ્ટ્રીય કથાકાર પૂજ્ય શાસ્ત્રી શરદભાઈ વ્યાસ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વંદેમાતરમ સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. ડુંગરી પૂર્વ પ્રાથમિક શાળાની બાળાઓએ પ્રાર્થના અને સ્વાગત રજૂ કર્યું હતું. ત્યારબાદ દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કથાકાર શરદભાઈ વ્યાસે નિવૃત્તિને વૃત્તિ બદલવાનો સમય ગણાવી પ્રભુ તરફ વૃત્તિ વાળવા તથા સકારાત્મક જીવન જીવવાનો સંદેશ આપ્યો હતો.

ધારાસભ્ય ભરતભાઈ પટેલે નિવૃત્ત કર્મચારીઓને સરકારી કામકાજ દરમિયાન પડતી વિવિધ સમસ્યાઓના નિવારણ માટે સહયોગની ખાતરી આપી હતી. ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મહામંડળના પ્રમુખ ચંદુલાલ જોશીએ હાઈકોર્ટમાં જીતાયેલા તેમજ બાકી રહેલા કેસો અને સપ્રીમ કોર્ટમાં ચાલી રહેલા કેસોની માહિતી સભાસદોને આપી હતી.

મંડળના પ્રમુખ ગણપતભાઈ પટેલે મંડળના પ્રયાસોથી ઉકેલાયેલી વિવિધ સમસ્યાઓ તથા પ્રગતિ હેઠળના પ્રશ્નોની વિગતો રજૂ કરી હતી. આ પ્રસંગે ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વયોવૃદ્ધ સભ્યો તથા દાતાઓનું પુષ્પગુચ્છ, શાલ અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. મંડળના સભાખંડ માટે દાતાઓ દ્વારા સહયોગની જાહેરાત પણ કરવામાં આવી હતી.

મંત્રી પ્રવિણભાઈએ મંડળના વાર્ષિક નાણાકીય વ્યવહારોનો હિસાબ રજૂ કરતાં સભાસદોએ તેને બહાલી આપી હતી. અંતે આભારવિધિ બાદ રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. ઉપસ્થિત સૌએ પ્રીતિભોજન લીધું હતું.

## વલસાડમાં કરૂણા એનિમલ એમ્બ્યુલન્સની સેવાના ૯ વર્ષની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** ગુજરાત સરકારના પશુપાલન વિભાગ તેમજ EMRI Green Health Services ના સંકલનથી ચાલતી કરૂણા એનિમલ એમ્બ્યુલન્સના વલસાડ જિલ્લામાં નવ વર્ષ પૂર્ણ થયાની ખુશીમાં વલસાડ જિલ્લા પંચાયત ખાતે જિલ્લાના પશુચિકિત્સા અધિકારી ડો.દિવ્યાબેનના હસ્તે કેક કાપી નવ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વલસાડ જિલ્લાના કરુણા એમ્બ્યુલન્સનો સ્ટાફ હાજર રહ્યો હતો.

## વલસાડના હોકી ખેલાડીઓની નેશનલ ચેમ્પિયનશિપમાં પસંદગી







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** હૉકી ગુજરાત દ્વારા સિનિયર મેન્સ ટીમની પસંદગી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં ખેલાડીઓ પસંદગી માટે મેદાન પર ઉતર્યા હતાં. તેમાં હૉકી વલસાડના ત્રણ ખેલાડીઓ ૧. વૃશાંગ વી . પટેલ ૨. દિલીપ વી. ચૌધરી ૩. બિકાશ આર. કેવત ની હૉકી ગુજરાતની ટીમમાં પસંદગી થઈ છે તેઓ ૧૬ મી હૉકી ઈન્ડિયા મેન્સ નેશનલ ચેમ્પિયનશિપ માટે તા.૧૦/૧૦/૨૦૨૬ થી તા. ૨૧/૧૦/૨૦૨૬ સુધી ઝાંસી, ઉત્તર-દેશ મુકામે ભાગ લેવા માટે ગયા છે હૉકી વલસાડના ખેલાડીઓએ સમગ્ર વલસાડ જિલ્લાનું નામ રોશન કર્યું છે તે બદલ હૉકી વલસાડના પ્રમુખ પ્રા.મહેશભાઈ બી. પટેલ, ઉપપ્રમુખ પ્રા.જીતેન્દ્રકુમાર એમ. ટંડેલ, મંત્રી ડો.ભાવિનકુમાર એમ. પટેલ , તેમજ હૉકી વલસાડના કારોબારી સભ્યોઓ એ પસંદગી પામેલ ખેલાડીઓને અભિનંદન પાઠવી નેશનલ સ્પર્ધામાં સારું પ્રદર્શન કરી હૉકી વલસાડ અને હૉકી ગુજરાતનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## વલસાડના અભય ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા પિતૃપક્ષની અનોખી ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :**નવસારી જિલ્લાના કસબાપાર ગામના મૂળ વતની અને હાલ પરદેશમાં વસતા પુત્રી પુષ્પાબેન હસમુખરાય મિસ્ત્રીના હસ્તે તેમના સ્વર્ગસ્થ પિતાશ્રી અંબુભાઈ હરિભાઈ મિસ્ત્રીની સ્મૃતિમાં નવસારી જિલ્લાના કસબાપાર ગામમાં બાળકોને શૈક્ષણિક કીટ (નોટબુક, પેન્સિલ, પેન, રબર, શાર્પનર, ડ્રોઈંગકીટ) અને ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વયસ્ક ભાઈઓને ટીશર્ટ-પાયજામો, નિરાધાર, વૃદ્ધ મહિલાઓને રાશનકીટ આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે પરદેશમાં વસતા હોવા છતાં પૂ. હસમુખરાય મિસ્ત્રીના સ્વર્ગસ્થ પિતાશ્રી જીવણદાદાની સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી વર્ષ દરમિયાન સેંકડો જરૂરિયાતમંદ બાળકોને શૈક્ષણિક કીટ અને ભોજનનો લહાવો મળતો હોય છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વલસાડના અભય ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## વાપીની એમએમએમ ઈગ્લીશ સ્કુમાં સીપીઆર તાલીમ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** એમએમએમ અગ્રેજી શાળા ખાતે વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે CPR (Cardiopulmonary Resuscitation) તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં કટોકટીની પરિસ્થિતિમાં જીવન બચાવવાની પ્રાથમિક સારવાર અંગે જાગૃતિ લાવવાનો હતો.

આ તાલીમ કાર્યક્રમનું આયોજન Lions Club of Vapi દ્વારા કરવામાં આવ્યું હતું. કવિતા અગ્રવાલ અને તેમની ટીમ દ્વારા CPR અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન તેમજ પ્રેક્ટિકલ ડેમોન્સ્ટ્રેશન આપવામાં આવ્યું હતું.

તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને અચાનક કોઈ વ્યક્તિ બેભાન થઈ જાય અથવા હૃદયની કટોકટી સર્જાય ત્યારે કેવી રીતે તાત્કાલિક અને યોગ્ય રીતે મદદ કરવી તે અંગેની મહત્વપૂર્ણ માહિતી મેળવી. આ કાર્યક્રમ દ્વારા શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને જીવન બચાવવાની અમૂલ્ય કૌશલ્ય પ્રાપ્ત થઈ અને કટોકટીની પરિસ્થિતિમાં સમયસર યોગ્ય પગલાં લેવાનું મહત્વ સમજાવવામાં આવ્યું.

એમએમએમ અગ્રેજી શાળા તરફથી Lions Club of Vapi, કવિતા અગ્રવાલ અને તેમની સમગ્ર ટીમનો આ મહત્વપૂર્ણ અને જ્ઞાનપ્રદ તાલીમ માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે.

## ઝરોલીમાં શાળામાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** ઉમરગામ તાલુકાના ઝરોલી ખાતે ઝવેરબેન હિરજી શાહ સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રામ સેના ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર, શ્રીરામ સેના રાષ્ટ્રીય સચિવ મયુર વખારિયા, ઉપ સચિવ રવુભાઈ વળવી, ઉપ સચિવ બી.એન.જોશી, ગુજરાત રાજ્ય અધ્યક્ષ રૂપેશ માહ્યાવંશી, માતૃશક્તિ અધ્યક્ષ ભાવના ગુપ્તા, અંકલાસગામનાં સરપંચ પુષ્પા વળવી, દિપક ચોપડીયા (નગવાસ), નિતીન પ્રજાપતિ, ડૉ. વિરેન શાહ, ડૉ.દિપાલી, કેતન ડાવરિયા (ઝરોલી), બીના પુરોહિત, ભગવતી કડીવાલા, શંકર ભુસારા (રમતવીર) વિરકસેત્ર, કમલેશ પંડિત ઉપસ્થિત રહ્યા હતા. ઉપરોક્ત કાર્યક્રમમાં આશરે ૪૦૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

## સેલવાસમાં બાળિકા દિવસ અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૭ :** જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ (DLSA)ના માર્ગદર્શન હેઠળ મંગળવારે સિલવાસાના લેખા ભવન ખાતે આવેલા કિશોર ન્યાય બોર્ડમાં સામાન્ય લઘુત્તમ કાર્યક્રમ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ સવારે ૧૦ વાગ્યે થયો હતો.

કાર્યક્રમ દરમિયાન એડવોકેટ રાજ ભંડારીએ આંતરરાષ્ટ્રીય બાળિકા દિવસના મહત્વ સાથે બાળિકાઓના અધિકારો અને તેમના રક્ષણ અંગે માહિતી આપી હતી. ત્યારબાદ એડવોકેટ અનિલ બાગુલે કિશોર ન્યાય બોર્ડમાં કાર્યરત પેનલ એડવોકેટ્સ દ્વારા આપવામાં આવતી કાનૂની સેવાઓની ગુણવત્તા વધુ સારી બનાવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. APP એડવોકેટ પ્રિયંક જાધવે નશીલા પદાર્થોના દુરૂપયોગથી પીડિત લોકોને કાનૂની સેવાઓ પૂરી પાડવા તેમજ નશાની સમસ્યાના નિવારણ માટે NALSA દ્વારા ચલાવવામાં આવતી યોજના અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

DLSAના સભ્ય સચિવ એસ.આર. નિકમે NALSA અને DLSAની કામગીરી, કાનૂની સહાય સેવાઓ તેમજ કાર્યક્રમમાં ચર્ચા કરવામાં આવેલા વિવિધ મુદ્દાઓ અંગે માહિતી આપી હતી. સાથે જ સંબંધિત વિભાગો વચ્ચે વધુ સારા સંકલન અંગે ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં CWC, સમાજ કલ્યાણ વિભાગ અને સ્પેશિયલ જુવેનાઇલ પોલીસ યુનિટ, સેલવાસના ૩૦થી વધુ સભ્યો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે જોશી મેડમ, ભોયા સાહેબ, ગામીત સાહેબ સહિત સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓનો સહયોગ રહ્યો હતો. DLSAના સહાયક અધિક્ષક અનિરુદ્ધ પગડે (સિવિલ કોર્ટ, સેલવાસ)ની દેખરેખ હેઠળ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

## નાનાપોંઢા નજીક હાઈવે પર ગંદકી, સફાઈ સાથે કડક કાર્યવાહી જરૂરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૭ :** નાનાપોંઢા તાલુકાને અડીને આવેલા ગામોમાંથી પસાર થતા નેશનલ હાઈવે તેમજ તેની આસપાસના વિસ્તારોમાં કેટલાક સ્થળોએ કચરો ફેંકાતો હોવાના કારણે ગંદકીનું પ્રમાણ વધતું જોવા મળી રહ્યું છે. જાહેર સ્થળોએ કચરો કોણ અને ક્યાંથી નાખે છે તેની યોગ્ય નોંધ રાખી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિવિધ સ્તરે સફાઈ અને જનજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવે છે. જોકે, માત્ર એક દિવસ સફાઈ અભિયાન ચલાવવાથી કાયમી સ્વચ્છતા જળવાઈ રહે તે શક્ય નથી. નિયમિત સફાઈ સાથે કચરો ફેલાવનારાઓ સામે જવાબદારી નક્કી કરવી જરૂરી બની છે. હાઈવે આસપાસ દુકાનદારો, શાકભાજી વેચનાર, લારી-ગલ્લા સંચાલકો તેમજ ફળ વેચનારાઓ દ્વારા કચરો ન ફેલાય તે માટે ગ્રામ પંચાયત દ્વારા સૂચના આપવી અને નિયમોનું પાલન થાય તેની દેખરેખ રાખવાની જરૂર છે. ખાસ કરીને ચિકન સેન્ટરોમાંથી નીકળતો કચરો ક્યાં નાખવામાં આવે છે તેની તપાસ કરવી જરૂરી છે. આવા કેન્દ્રોના લાયસન્સની ચકાસણી કરી નિયમોનો ભંગ જણાય તો કાયદેસરની કાર્યવાહી કરીને ચિકન સેન્ટર બંધ કરાવવાની માંગ છે. જ્યાં નિયમોનો ભંગ થાય ત્યાં દંડની જોગવાઈનો પણ કડક અમલ કરવામાં આવે તેવી માંગ છે. પ્રધાનમંત્રીથી લઈને મંત્રીઓ, અધિકારીઓ, કર્મચારીઓ, સરપંચો તથા સ્થાનિક પ્રતિનિધિઓ દ્વારા સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ જનજાગૃતિ લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ જાહેર સ્થળે કચરો ન નાખવો એ દરેક નાગરિકની પણ જવાબદારી છે. ગ્રામીણ વિસ્તારોમાં ઘરે-ઘરે ઘન કચરો એકત્રિત કરવા અને સફાઈ વ્યવસ્થા માટે ગ્રામ પંચાયતોને સરકાર તરફથી ૮ પ્રતિ વ્યક્તિ પ્રતિ મહિનો સહાય આપવામાં આવે છે. આ વ્યવસ્થાનો અસરકારક ઉપયોગ કરી નિયમિત કચરા સંગ્રહ અને સફાઈ વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત વ્યક્ત થઈ રહી છે. સ્થાનિકોમાં એવી પણ માંગ છે કે દરેક ગ્રામ પંચાયતને પોતાના વિસ્તારમાં સફાઈની સ્પષ્ટ જવાબદારી સોંપવામાં આવે અને જાહેર સ્થળે ગંદકી કરતા વ્યક્તિને પકડી દંડ કરવામાં આવે, જેથી સ્વચ્છતા અભિયાન માત્ર એક દિવસ પૂરતું ન રહે અને કાયમી વ્યવસ્થા ઊભી થાય.

## થ્રીડી ગ્રાહક ફરિયાદ નિવારણ મંચના સ્વતંત્ર ગ્રાહક સભ્ય તરીકે પી.કે. સિંહ વરણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૭ :** દમણ સ્થિત ઉદ્યોગપતિ પી.કે. સિંહને સંયુક્ત વીજળી નિયમનકારી આયોગ (JERC) દ્વારા દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ ગ્રાહક ફરિયાદ નિવારણ મંચના સ્વતંત્ર ગ્રાહક સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. નિમણૂક બાદ સિંહે તેમની ફરજો સંભાળી લીધી છે. વીજળી ગ્રાહક મંચમાં ચેરમેન સહિત ચાર સભ્યો હોય છે. આમાં ટોરેન્ટ પાવર દ્વારા નિયુક્ત સભ્ય અને સ્વતંત્ર ગ્રાહક સભ્ય તરીકે પી.કે. સિંહનો સમાવેશ થાય છે. તેમના ત્રણ વર્ષના કાર્યકાળ દરમિયાન, સિંહ સ્થાપિત પ્રક્રિયાઓને અનુસરીને કેન્દ્રશાસિત પ્રદેશના ત્રણ જિલ્લાઓમાં વીજળી ગ્રાહકોને લગતા વિવાદોનું નિરાકરણ લાવશે. પદ સંભાળ્યા બાદ, પી.કે. સિંહે જણાવ્યું હતું કે ગ્રાહક હિત સર્વોપરી છે. ફોરમ દ્વારા, ગ્રાહક ફરિયાદો અને વિવાદોને ન્યાયી રીતે અને સ્થાપિત પ્રક્રિયાઓ અનુસાર ઉકેલવામાં અસરકારક ભૂમિકા ભજવવાના પ્રયાસો કરવામાં આવશે. પી.કે. સિંહ હાલમાં દમણ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના ખજાનચી છે, જે સતત બે ટર્મ સેવા આપી રહ્યા છે. તેઓ ઉત્તર ભારતીય ક્ષત્રિય સમાજ-દમણના ભૂતપૂર્વ પ્રમુખ પણ છે. તેઓ વાપી અને દમણમાં વિવિધ સામાજિક અને સખાવતી સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે અને સામાજિક અને સખાવતી કાર્યોમાં સક્રિયપણે ભાગ લે છે.

## વલસાડમાં બાળ અધિકારી સંરક્ષણ આયોગના અધ્યક્ષાએ અધિકારીઓ સાથે બેઠક યોજી

### જિલ્લાની આંગણવાડી, શળાઓમાં સુવિધા સહિતની કામગીરીની સમીક્ષા કરાઈ : ત્રણ વર્ષમાં ૧૫૯ બાળકો પૈકી ૧૪૨ બાળકોનું સીડબલ્યુસી મારફત પુનર્વસન કરાયું



**વલસાડ, તા. ૦૭ :** ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જર અને આયોગના સભ્યોએ બાળ અધિકારોના સંરક્ષણ અને અધિકારો સંદર્ભે વલસાડ જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક કરી વિવિધ પાસાંઓની વિસ્તૃત ચર્ચાઓ કરી હતી. વલસાડ કલેકટરાલય ખાતે જિલ્લા કલેકટર નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા સહિતના અધિકારીઓ સાથે વલસાડ જિલ્લામાં બાળ સરક્ષંણ બાબતે થયેલી કામગીરીની વિસ્તૃત વિગતો મેળવી હતી. આયોગના અધ્યક્ષ સહિત સભ્યો કમલેશભાઇ રાઠોડ, અમૃતાબેન અખીયા, સચિવ ડી.ડી.કાપડીયાએ વલસાડ જિલ્લામાં શિક્ષણ, બાળ સુરક્ષા, સહિત બાબતો અંગે જાણકારી મેળવી હતી. બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષાએ જણાવ્યું કે, બાળકોના સંરક્ષણ અને અધિકારો માટે આયોગ એક સંવેધાનિક સંસ્થા છે. બાળ અધિકારના ભંગ કે ઉલ્લંઘનના કિસ્સામાં તપાસ કરવી અને અસરકારક અમલીકરણ માટે પગલા લેવાએ મુખ્ય કાર્યો છે. બાળકોના વિરુધ્ધ ગુનાઓ/ અત્યાચાર/શોષણના કિસ્સામાં હેલ્પલાઈન નંબર ૧૧૨ પર સંપર્ક કરશો. જિલ્લા કલેકટર નીતિન સાંગવાને જણાવ્યું કે, બાળકોના અધિકાર અને સંરક્ષણ માટે સતત મોનિટરીંગ થાય છે. જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતે જણાવ્યું કે, જિલ્લામાં બાળલગ્ન અટકાવવા લોક મંગલમ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી ધરમપુર અને કપરાડા તાલુકામાં સ્થાનિક બોલીમાં ગામડે જઇ જાગૃતિ કાર્યક્રમોના કારણે બદલાવ આવ્યો છે. જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું કે, બાળ અધિકાર જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો શેરીઓ અને શાળાઓમાં કરવામાં આવે છે. બાળકોના પુનર્વસનની વિગતો આપતા ચાઇલ્ડ પ્રોટકશન અધિકારીએ જણાવ્યું કે, વલસાડ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વલસાડ જિલ્લાના ચિલ્ડ્રન હોમ બોયઝ, ગર્લ્સ ધરાસણા, ચિલ્ડ્રન હો ફોર બોયઝ ખુંધ, નવસારી, ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ સુરત અને સ્પેશિયલ એડોપ્શન એજન્સી ખુંઘ ખાતેના ૧૫૯ બાળકો પૈકી ૧૪૨ બાળકોનું પુનર્વસન થઇ ગયું છે. જે CWC મારફત પુનવર્સન થાય છે. બેઠકમાં જિલ્લાની આંગણવાડીઓ, શાળાઓ, આશ્રમશાળાઓમાં સુવિધા સહિતની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. **-સંપાદક**

## પરમશક્તિ સાથે મનને જોડવાનો શ્રેષ્ઠ પર્વ નવરાત્રી

**ચંદ્રકાંત પ્રભાકર**
**મગોદ ડુંગરી**



ભાદરવો અંતિમ ચરણ તરફ આગળ વધી રહ્યો છે અને ગુજરાતના સૌથી મોટો લોકોત્સવ નવરાત્રીની તૈયારીઓ પૂરજોશમાં શરૂ થઈ રહી છે.બજારમાં ચણીયાચોળી,કેડીયા અને ટ્રેડિશનલ જવેલરીની ખરીદીથી લઈને ગરબા ક્લાસ સુધી ઉત્સાહનો માહોલ જામવા લાગ્યો છે.

ભારતીય સંસ્કૃતિમા અનેક તહેવારો પ્રત્યેક સમાજમાં તહેવારો અને ઉત્સવો પરંપરાગત ચાલ્યા આવ્યા છે અને પ્રત્યેક તહેવાર પાછળ કોઈ અર્થપૂર્ણ દ્રષ્ટિ હોય છે તેનું આંધળું અનુકરણ માનવીને ખોટા માર્ગ તરફ ધસડી જાઁય છે તો દરેકે દરેક પર્વનું માહત્મ્ય જાણીને તેનો આનંદ લૂંટીએ તો વ્યક્તિ અને સમાજ સુવાસિત બને છે. નવરાત્રી એટલે માઁ જગદંબાની આરાધનાનું મંગલમય પર્વ.શક્તિ પૂજા એ આપણી સંસ્કૃતિની આગવી અને ઉજવળ પરંપરા છે. નવરાત્રીના નવલા પર્વમાં શક્તિ સ્વરૂપ માઁ જગદંબા પ્રત્યે શ્રદ્ધા ભક્તિ ધરાવનાર આધ્યાત્મિક ઉર્જા મેળવવા અને પરમ શક્તિ સાથે મનને જોડવાનો અવસર જે કરે ભક્તિ એનું રક્ષણ કરે શક્તિ. નવરાત્રી એટલે માઁ શક્તિની આરાધનાનું સર્વ શ્રેષ્ઠ પર્વ.જે આસોસુદ એકમથી આસોસુદ નોમ સુધી નવરાત્રીના નવલા દિવસોમાં ભારતભરમાં દેશવિદેશમા વસતા પ્રત્યેક ભારતીય દેવી ઉપાસક પરિવારોમાં ભક્તિ શ્રદ્ધાપૂર્વક ઘર સ્થાપન સહિત માતાજીની પૂજા આરાધના અખંડ ધૂપદીપ સમંવિત મઁત્રોચ્ચાર ચંડીપાઠ - પાઠન કરતા હોય છે.સૌ ભાવિક ભક્તો આ આ મંગલમય,મંગલકારી અને ધર્મોલ્લાસના નવરંગોથી મઢેલા ભક્તિ અને શક્તિના સમન્વયરૂપ સહિત પ્રત્યેક રાત્રીએ શેરીઓમાં ગરબાનું ધમાકેદાર આયોજન કરાય છે.

ઉત્સવો તો આનંદ ઉમંગથી માણવાના હોય છે.આજે સમગ્ર થનગનાટ માહોલ વચ્ચે નવરાત્રી આપણા દેશના ખૂણે ખૂણે ઉજવાય છે. વિદેશમાં વસતા ગુજરાતીઓ માટે પણ આ તહેવારનું એટલું જ માહત્મ્ય છે. રંગબેરંગી લાઈટોના ઝળહળાટ,ઢોલ - શરણાઈથી માંડીને ઈલેક્ટ્રોનિક આઈટમો તથા ડીજેના ઘોંઘાટ રાસગરબાની રમઝટ ઝગમગાટ વસ્ત્રો પહેરીને ઘરની બહાર આનંદ માણવા નીકળી પડેલા યુવક યુવતીઓ નવરાત્રીની પ્રત્યેક રાત્રીએ શેરીઓ, પાર્ટીપ્લોટોમાં વિવિધ મંડળો દ્વારા ધમાકેદાર આયોજન કરાય છે. ગામ હોય કે, શહેર નવરાત્રીના ઠાઠમાઠ ઓછાવતા અંશે સર્વત્ર જોવા મળે છે.

## વિદ્યાર્થીઓમાં વધતું જતું આત્મહત્યાનું પ્રમાણ

**ડૉ. જે. એમ. નાયક**
**નવસારી**



આપણા દેશની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની માનસિક સ્થિતિના અભ્યાસ અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત થયેલ ટાસ્ક ફોર્સના સર્વે મુજબ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના નવ ટકા વિદ્યાર્થીઓ આપઘાત વિશે વિચારે છે. લગભગ ૩૪ ટકા જેટલા વિદ્યાર્થીઓ ઉચ્ચ શૈક્ષણિક સંકુલમાં પોતાને એકલા કે આઉટ સાઇડર અનુભવે છે. ગળાકાપ સ્પર્ધાને પરિણામે વિદ્યાર્થીઓ હંમેશા પોતાના એકેડેમીક પરફોર્મન્સ માટે માનસિક તાણમાં રહે છે. કેમ્પસમાં પક્ષપાતભર્યું વલણ પણ વિદ્યાર્થીઓને આપઘાત કરવા માટે પ્રેરે છે. આ પ્રકારના સમાચાર અત્યંત ચિંતાજનક, દુઃખદ અને ચોંકાવનારા છે. વિદ્યાર્થીઓ અભ્યાસ દરમિયાન માનસિક તાણ અનુભવતા હોય તો એઓ પોતાના અભ્યાસ પર સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી. ૨,૪૩,૦૦૦ વિદ્યાર્થીઓ પર થયેલા આ સર્વેમાં ૧૫ ટકા જેટલા વિદ્યાર્થીઓ અત્યંત તણાવપૂર્ણ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યાનું તારણ બહાર આવ્યું છે. આ સર્વેના તારણો જોતા મા-બાપ કે વાલીઓ પણ ચિંતાજનક પરિસ્થિતિમાં મુકાય એ ખૂબ જ સ્વાભાવિક છે. ભારતમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓમાં આત્મહત્યાના બનાવો એ સમાજ માટે ખૂબ જ મોટી ચિંતાનો વિષય છે. આ પ્રકારની પરિસ્થિતિ હજી વધારે વણશે તે પહેલાં દરેક શૈક્ષણિક સંસ્થામાં વિદ્યાર્થીઓનું સતત કાઉન્સિલિંગ થાય એ ખૂબ જ જરૂરી છે. વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દીના અસહ્ય બોજને પરિણામે ડિપ્રેશનના ભોગ બને છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના કેમ્પસનો માહોલ એવો હોવો જોઈએ કે વિદ્યાર્થીઓ માનસિક રીતે સ્વસ્થ રહીને અભ્યાસ કરી શકે ! વિદ્યાર્થીઓ દ્વારા થઈ રહેલા આત્મહત્યા એ સમાજ માટે એ ખૂબ જ મોટી સમસ્યા છે.

વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય બગડે નહીં અને બગડે તો તેના ઉકેલ ત્વરિત આવે તે પ્રકારની વ્યવસ્થા શૈક્ષણિક સંકુલમાં ઊભી થવી જોઈએ.

એજ્યુકેશનલ કેમ્પસમાં વિદ્યાર્થીઓ સોશિયલ મીડિયા પર વ્યસ્ત રહે તેને બદલે એકબીજા સાથે વાતચીત કરતા રહે તો તે સંજોગોમાં એમની એકલતા દૂર થઈ શકે છે. રેગિંગ જેવી કેમ્પસમાં નેગેટિવ પ્રવૃત્તિઓ થતી હોય તો તે તરત જ અટકવી જોઈએ એટલું જ નહીં એ માટે સંચાલકોએ ઝીરો ટોલરન્સની પોલિસી અપનાવવી જોઈએ. શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા આપઘાત કરવામાં આવે એ શિક્ષણ જગત માટે અતિ કલંકિત ઘટના છે. વિદ્યાર્થીના આપઘાતના કેસમાં તટસ્થ તપાસ થાય અને એ માટે જવાબદાર વ્યક્તિ સામે કડકમાં કાર્યવાહી થવી જોઈએ.

## શ્રદ્ધા વગરનું શ્રાદ્ધ નકામું

**રાયસીંગ ડી. વળવી**
**ધરમપુર**



વરસાદી મોસમ હવે સમાપ્તિના આરે છે. ધરતી લીલીછમ હરિયાળી થી સુંદર લાગે છે. ખેતરોમાં ડાંગરનો પતરાળી વાળો મૌલ તૈયાર થવા પર છે. કુદરતી લીલા બેન મૂન છે. આદિવાસી મહત્વના તહેવાર રંગે ચંગે ખુબ જ આનંદ ઉલ્લાસથીઉજવાય છે. બીજા દિવસથી શ્રાવણ મહિનાનો પવિત્ર માસ શરુ થઈ જાય છે. અર્થાત તહેવારોની હારમાળ શરુઆત થઈ જાય છે. ભાદરવો ગણેશમાં વીતી ગયો. અને ઉત્સવ પુરો થયો. આનંદ ચૌદસના બીજા દિવસથી શ્રાદ્ધ પુજા અર્ચનાની શરુઆત થઈ જાય છે. માનવ જીવનની પુર્ણાહુતિ મૃત્યુ થતાં જ પુરી થઈ જાય છે. નશ્વરદેહ ક્ષણભંગુર છે જો વિલીન થઈ જાય છે. અર્થાત શરીરનું અગ્નિમાં સ્વાહા થઈ જાય છે. દરેક જન વ્યકિતત્વનું શરીરનું અગ્નિમાં સ્વાહા થઈ જાય છે. દરેક જન વ્યકિતત્વનું આયુષ્ય લાંબુ ટુંકુ હોય છે પૃથ્વી પર ટુંકા સમય માટે આપણે જન્મ ધારણ કરીને આવીએ છસએ. અને વિદાય લઈએ છીએ. માયામાં આખુ જીવતર સમાપ્ત થઈ જાય છે. અને ખાલી હાથે આવ્યા તમામ જિંદગીભર હાયવાય આનંદમાં ભેગી કરેલી મિલકત અહી જ મુકીને ખાલી મા-બાપ, ભાઈ-બહેન, પુત્ર-પૌત્રી, મોટા પરિવાર હોય છે. તેમાં માનવીની ઉમર જાય છે. તે અગાઉ વડિલો કે મુખ્ય મોભીની કેટલી સેવા અને આદર કરી હશે તે તો અનુભવી જ કહી શકે છે. જાણી શકે માનવીની હયાતીમાં જે સેવા કરી હશે તે જ સાચી વાત અને લેખ હશે. પછી મરણ થયા પછી કરેલા મોટા ખર્ચા ક્રિયા કર્મ કાંડીનો કોઈ અર્થ રહેતો નથી. તેમાં પણ કર્મકાંડી શ્રદ્ધા વગર જો કરીએ તો શ્રદ્ધા વગરનું શ્રાદ્ધનો ખરેખર કોઈ અર્થ સરતો નથી. અને હયાતી જીવતે જીવ માણસની સેવા જ સાચુ શ્રાદ્ધ અને કર્મકાંડ કરીએ તો તે સફળ શ્રાદ્ધ ખે ગણાશે. વડીલો જયારે મૃત્યુ પામે છે ત્યારે પરિવાર સારો એવો ખર્ચ કરી નાખતા હોય છે.

જયારે વ્યીકત હયાત હોય છે ત્યારે આંખ આડા કાન કરતાં હોય છે. શ્રદ્ધા વિહોણા આ શુભ અશુભના કર્મકાંડનો કોઈ અર્થ રહેતો નીથ. કહેવત છે 'આપણે મુ આ પછી ડુબ થઈ ગઈ દૂનિયા' એવો ઘાટ થતો હોય છે. મનને ફકત સંતોષ આપવાની વાત છે. શરીર ક્ષાણ ભંગુર છે. વૈભવ કાયમને માટે એક સરખો રહેતો નથી. પ્રાણી માત્રનું મૃત્યુ સમીપમાં જ ભ્રમણ કરે છે. આ દુનિયા શ્વાસની સગી છે. એ પુરી બંધ થતા જ વાત પુરી થઈ જાય છે. બાકી શ્રદ્ધા શ્રાદ્ધ આ લખનારના પરિવારમાં કયારેય કર્યો નથી એવું સ્મરણ ઝાંખુ ઝાંખું છે.

## જે નિયંત્રણમાં નથી, તેને મુક્ત કરીએ

**કિંજલ પંડયા**
**પારડી**



આજના આધુનિક અને અતિશય દોડધામભર્યા યુગમાં મનુષ્ય ભૌતિક રીતે સમૃદ્ધ થયો છે, પરંતુ માનસિક રીતે વધુ ને વધુ તણાવગ્રસ્ત બનતો જાય છે. સુખ અને સુવિધાઓ હોવા છતાં, આજે દરેક વ્યક્તિ મનની શાંતિ શોધી રહી છે. પરંતુ સૌથી મોટી વિડંબના એ છે કે આપણે જે માનસિક શાંતિની શોધમાં છીએ, તેને ભંગ કરનારા પણ આપણે પોતે જ હોઈએ છીએ. જાણીતા વિચારક અને લેખક ઈવેન નુરુએ મનની આ સ્થિતિને બહુ ઓછા શબ્દોમાં પરંતુ અત્યંત ઊંડાણપૂર્વક વર્ણવી છે. તેઓ કહે છે કે જો કોઈ વાત કે પરિસ્થિતિ તમારા ગજા બહારની છે, તો તે તમારા મનમાંથી પણ સ્વતંત્રતા મેળવવા માટે યોગ્ય છે.

આ વિચારો આપણા જીવનમાં રહેલી મોટાભાગની અશાંતિનું મૂળ કારણ બતાવે છે. જો આપણે આપણી રોજિંદી ચિંતાઓનું બારીકાઈથી મૂલ્યાંકન કરીએ, તો જણાશે કે આપણું મન મોટાભાગે એવી બાબતો પાછળ વેડફાય છે જેના પર આપણો કોઈ સીધો કે પરોક્ષ કાબૂ હોતો નથી. આપણે ભૂતકાળમાં થઈ ગયેલી ભૂલો કે અપ્રિય બનાવો વિશે સતત વિચારીને દુઃખી થયા કરીએ છીએ, જેને બદલવી હવે કોઈ પણ સંજોગોમાં શક્ય નથી. એ જ રીતે, ભવિષ્યમાં શું થશે, યોજનાઓ સફળ થશે કે નહીં, કે આવનારો સમય કેવો હશે તેવી અણધારી અને અદ્રશ્ય બાબતોની ચિંતામાં આપણો વર્તમાન બગાડીએ છીએ. આ ઉપરાંત, આપણી આસપાસના લોકોનું વર્તન, તેમની વિચારસરણી, તેમનો સ્વભાવ કે આપણી પ્રત્યેની તેમની પ્રતિક્રિયાઓને પણ આપણે આપણા હિસાબે બદલવાનો વ્યર્થ પ્રયાસ કરતા રહીએ છીએ.

જ્યારે આપણે એવી વસ્તુઓને નિયંત્રિત કરવાની કોશિશ કરીએ છીએ જે આપણા હાથમાં જ નથી, ત્યારે પરિણામ સ્વરૂપે માત્ર નિરાશા, માનસિક થાક, ક્રોધ અને અશાંતિ જ મળે છે. આપણી માનસિક ઊર્જા એક એવા દલદલ અટવાય જાય છે જેનો કોઈ અંત નથી.

જીવનને સરળ અને સુખી બનાવવાનો સૌથી મોટો નિયમ એ છે કે આપણા જીવનમાં બે સ્પષ્ટ વિભાગો પાડી દેવા. પહેલો વિભાગ એ બાબતોનો છે જે સંપૂર્ણપણે આપણા નિયંત્રણમાં છે, જેમ કે આપણું પોતાનું વર્તન, આપણી મહેનત, આપણો દ્રષ્ટિકોણ, આપણી શિસ્ત અને મુશ્કેલ પરિસ્થિતિમાં આપણી પ્રતિક્રિયા. બીજો વિભાગ એ બાબતોનો છે જે આપણા નિયંત્રણ બહાર છે, જેમ કે પરિણામ, અન્ય લોકોની પ્રતિક્રિયા, કુદરતી ઘટનાઓ અને ભૂતકાળ કે ભવિષ્ય.

ડાહપણ અને સાચી સમજદારી એમાં જ છે કે જે બાબતો આપણા હાથમાં છે, તેના પર આપણી પૂરી ઊર્જા અને ધ્યાન કેન્દ્રિત કરીએ. અને જે બાબતો આપણા ગજા બહારની છે, તેને સંપૂર્ણપણે જતું કરતા એટલે કે લેટ-ગો કરતા શીખીએ. જે ક્ષણે વ્યક્તિ પોતાના અહમ કે અપેક્ષાઓને છોડીને આ વાસ્તવિકતાનો સ્વીકાર કરી લે છે કે અમુક પરિસ્થિતિઓ તેના હાથમાં નથી, તે જ ક્ષણે તેનું મન એક ભારે બોજમાંથી હલકું થઈ જાય છે.

મનને આ નકામા બોજમાંથી મુક્ત કરવા માટે સૌપ્રથમ સ્વીકારભાવ કેળવવો ખૂબ જરૂરી છે. જીવનમાં દરેક બાબત આપણા ધાર્યા મુજબ કે આપણી યોજના પ્રમાણે જ બને તે શક્ય નથી. અનિવાર્ય પરિસ્થિતિઓને સહજતાથી સ્વીકારી લેવાથી અડધો તણાવ આપોઆપ ઓછો થઈ જાય છે. બીજું, આપણી માનસિક ક્ષમતા મર્યાદિત છે. જો આપણે તેને નકામી ચિંતાઓમાં વેડફી નાખીશું, તો સર્જનાત્મક અને સકારાત્મક કામો માટે આપણી પાસે કોઈ ઊર્જા બચશે નહીં. તેથી નકામા વિચારોને મનમાંથી આઝાદ કરીને તે ઊર્જા પોતાના વિકાસ માટે વાપરવી જોઈએ. તદુપરાંત, વર્તમાન ક્ષણમાં જીવવાની કળા શીખવી જરૂરી છે. ગઈકાલ જતી રહી છે અને આવતીકાલ હજુ આવી નથી, માત્ર આજની ક્ષણ જ આપણી પાસે છે.માનવ જીવન ખૂબ નાનું અને અત્યંત કિંમતી છે. જે બાબતો કે જે પરિસ્થિતિઓને આપણે બદલી શકતા નથી, તેને મન પર બોજ બનાવીને જીવવાથી આપણું સ્વાસ્થ્ય અને આનંદ બંને છીનવાઈ જાય છે. આ પરિસ્થિતિઓને મનમાંથી મુક્ત કરી દેવી એ જ સાચા અર્થમાં આંતરિક સ્વતંત્રતા છે, અને આ મુક્તિ જ સુખી તથા સંતુષ્ટ જીવન તરફ દોરી જતી સાચી ચાવી છે.

## પુરુષ અને સ્ત્રીમાંથી સૌથી શક્તિશાળી કોણ

**અંજલિ પ્રજાપતિ**
**પારડી**



માનવ સભ્યતાના પ્રારંભથી જ આ પ્રશ્ન નિરંતર ચર્ચા અને ઉત્સુકતાનો વિષય રહ્યો છે કે પુરુષ અને સ્ત્રીમાંથી આખરે કોણ વધુ શક્તિશાળી છે. આ પ્રશ્નનો સાચો જવાબ મેળવવા માટે સૌથી પહેલાં આપણે એ સમજવું પડશે કે શક્તિનો વ્યાપ માત્ર શારીરિક બળ સુધી મર્યાદિત નથી. શક્તિ એક વ્યાપક ખ્યાલ છે, જેમાં શારીરિક શક્તિ, સહનશક્તિ, માનસિક અને ક્ષમતા, જૈવિક મજબૂતી તથા વિપરીત પરિસ્થિતિઓમાં ટકી રહેવાની ક્ષમતા શામેલ છે. કુદરતે પુરુષ અને સ્ત્રી બંનેને અલગ-અલગ જૈવિક ભૂમિકાઓ અનુસાર બનાવ્યા છે, જેના કારણે બંનેમાં શક્તિના અલગ-અલગ રૂપ જોવા મળે છે.

જો શારીરિક રચના અને સ્નાયુઓની શક્તિના દ્રષ્ટિકોણથી જોવામાં આવે, તો પુરુષોના શરીરમાં ટેસ્ટોસ્ટેરોન નામના હોર્મોનનું પ્રમાણ ઘણું વધારે હોય છે. આ હોર્મોનના પ્રભાવના કારણે પુરુષોમાં સ્નાયુઓનું દ્રવ્યમાન હાડકાંની ઘનતા અને શરીરના ઉપરના ભાગનું બળ સ્વાભાવિક રીતે વધુ વિકસિત હોય છે.

આ જ કારણ છે કે ભારે વજન ઉપાડવું, અત્યંત શારીરિક શ્રમ કરવો કે ભારે શારીરિક રમતો રમવી જેવા કાર્યોમાં પુરુષો કુદરતી રીતે આગળ રહે છે. ઐતિહાસિક અને જૈવિક રીતે પણ પુરુષનું શરીર સુરક્ષા અને કઠિન પરિશ્રમ માટે વધુ અનુકૂળ માનવામાં આવ્યું છે.

બીજી તરફ, જ્યારે વાત સહનશક્તિ, જૈવિક મજબૂતી અને લાંબા ગાળાની ક્ષમતાની આવે છે, ત્યારે સ્ત્રીઓનું સ્થાન ખૂબ ઊંચું દેખાય છે.

સ્ત્રીઓના શરીરમાં મળી આવતો એસ્ટ્રોજન હોર્મોન શરીરની ઊર્જાને લાંબા સમય સુધી જાળવી રાખવામાં અને ઈજાઓમાંથી બહાર આવવામાં મદદ કરે છે. જૈવિક રીતે સ્ત્રીઓની રોગપ્રતિકારક શક્તિ પુરુષોની સરખામણીમાં વધુ સક્રિય અને મજબૂત હોય છે, જેથી તેઓ બીમારીઓ અને ચેપનો સામનો વધુ સારી રીતે કરી શકે છે. આ જ કારણ છે કે ગંભીર જૈવિક કે પર્યાવરણીય સંકટોમાં સ્ત્રીઓના જીવિત રહેવાનો દર પુરુષો કરતાં વધુ હોય છે.

માનસિક અને ભાવનાત્મક શક્તિના સ્તર પર સ્ત્રીઓની સહનશીલતા અજોડ છે. એક બાળકને જન્મ આપવાની પ્રક્રિયામાં જે સ્તરની અસીમ શારીરિક પીડા થાય છે, તેને સહન કરવી એ સ્ત્રીઓની અસાધારણ શારીરિક અને માનસિક દ્રઢતાનું સૌથી મોટું પ્રમાણ છે. આ સિવાય, પારિવારિક અને સામાજિક સંકટોના સમયે સંયમ જાળવી રાખવો, ભાવનાત્મક રીતે આખા પરિવારને સંભાળવો અને કઠિન પરિસ્થિતિઓમાં પણ ધીરજ ન ગુમાવવી એ સ્ત્રીઓની ઊંડી આંતરિક શક્તિ દર્શાવે છે. જ્યાં પુરુષો દબાણની સ્થિતિમાં ઝડપી પ્રતિક્રિયા આપે છે, ત્યાં સ્ત્રીઓ ઊંડા વિચાર અને માનસિક દ્રઢતા સાથે પરિસ્થિતિને સંભાળવાની ક્ષમતા ધરાવે છે.

આજના આધુનિક યુગમાં શિક્ષણ, વિજ્ઞાન, સંરક્ષણ, રમતગમત અને વહીવટ જેવા દરેક ક્ષેત્રમાં સ્ત્રીઓએ એ સાબિત કરી દીધું છે કે બુદ્ધિ, નેતૃત્વ અને કૌશલ્યની બાબતમાં તેઓ પુરુષોથી કોઈ પણ રીતે કમ નથી. તેથી માત્ર શારીરિક સ્નાયુઓના બળને જ એકમાત્ર માપદંડ માનવો સંપૂર્ણપણે ખોટો ગણાશે.

જો અંતિમ રીતે એ નક્કી કરવામાં આવે કે સૌથી શક્તિશાળી કોણ છે, તો તેનો જવાબ એ વાત પર નિર્ભર કરે છે કે શક્તિને કયા દ્રષ્ટિકોણથી જોવામાં આવી રહી છે. જો માત્ર સ્નાયુઓના બળ અને વજન ઉપાડવાની ક્ષમતાને જોવામાં આવે, તો પુરુષ વધુ શક્તિશાળી સાબિત થાય છે;

પરંતુ જો સહનશક્તિ, આંતરિક દર્દ સહન કરવાની ક્ષમતા, માનસિક દ્રઢતા, ભાવનાત્મક શક્તિ અને બીમારીઓ સામે લડવાની જૈવિક ક્ષમતાને જોવામાં આવે, તો સ્ત્રી વધુ શક્તિશાળી સાબિત થાય છે.

વાસ્તવમાં, કુદરતે કોઈ એકને સંપૂર્ણ રીતે શક્તિશાળી નથી બનાવ્યા—પુરુષનું બાહ્ય બળ અને સ્ત્રીની આંતરિક શક્તિ મળીને જ આ જીવન અને સમાજનું સંતુલન બનાવે છે.

## નારી કર તું નાદ

**અશરફ ચુડાસમા**
**ભીલાડ**



વર્તમાન સમયમાં દિવસે જ લોકોને લૂંટવાના અનેક કિસ્સાઓ રોજના વર્તમાન પત્રોમાં નજરે પડે છે. દિન પ્રતિદિન લૂંટવાની ઘટનાઓ વધતી જાય છે. સવિશેષ તો મહિલાઓ જ લૂંટાય છે. ઘણી મહિલાઓએ પોતાના પૈસા, સોના- ચાંદીના દાગીના, જેવા કે મંગલસૂત્રો, વીંટીઓ, બંગડીઓ જેવા કિંમતી ઘરેણાંઓ ગુમાવ્યા છે. ખરેખ!ર હવે તો હદ થઈ ગઈ! હવે તો મહિલાઓએ કુંભકર્ણની ઊંઘમાંથી જાગવું જ પડશે. સાવધાન થવું જ પડશે. આટલું તો અવશ્ય કરવું જ પડશે. પોતાની બુદ્ધિચાતુર્યથી આવી વ્યક્તિઓને ઓળખવી જ પડશે. આટલું કરીશું તોપણ બચી જવાશે. ખોટા પ્રલોભનો કે સ્પીચપાવરથી દૂર રહેવું. બીજા પર વધારે પડતો મૂકેલો વિશ્વાસ પણ મુશ્કેલીમાં મૂકી દે છે. સુંદર વસ્તુઓમાં સજ્જ અજાણી વ્યક્તિ સાથે પરિચય ન કેળવવો. એકલા જવાનું ટાળવું. ત્રણ ચાર બહેનોએ સાથે જ જવું. દરેક બહેનો પાસે નજીકના પોલીસ સ્ટેશનનો ફોન નંબર હોવો જ જોઈ ક્યારેય કોઈપણ વ્યક્તિ શંકાશીલ જણાય તો તુરંત જ પોલીસને જાણ કરવી. પોલીસને મિત્ર ભાવે મદદરૂપ થવું એ આપણી સૌની ફરજ છે.સ્ત્રીઓને મળેલી સુંદરતા એ કુદરત તરફથી મળેલી મોટામાં મોટી બક્ષીસ છે. તેમાં નિખાર લાવવા માટે સોના ચાંદીના ઘરેણાંઓ પહેરવાની આવશ્યકતા જ નથી. છતાંપણ ખૂબ જ ઈચ્છા થાય તો બગસરાની બનાવટના ઘરેણાંઓ પહેરી શકાય. ગામ શહેરમાં સક્રિય થયેલાં લૂંટારાઓની ટોળકીઓ ને પાઠ ભણાવવા માટે હવે મહિલાઓએ રાણી લક્ષ્મીબાઈ, દુર્ગાવતી, અહલ્યા હોળકર બનીને વીરતા દાખવી જ પડશે. આજની નારી એ અબળા નથી પણ સાક્ષાત શક્તિ છે. તે સાબિત કરવાનો સમય હવે પાકી ગયો છે. વીરાંગનાઓ બનીને આધુનિક લૂંટારાઓને લૂંટવા મેદાને ઉત્તરવુ પડશે. જુઓ પછી, સંપના સથવારે સૌ સન્નારીઓ જાગે,સાદ સાંભળીને સિંહણનાં લૂંટારાઓ ભાગે.

## શું ખાવું શા માટે ખાવું અને કેટલું ખાવું

**હર્ષદ દેસાઈ**
**વટાર**



આપણે શું ખાવુ જોઈએ, શા માટે ખાવું જોઈએ અને કેવી રીતે ખાવુ જોઈએ એ પ્રશ્ન આમ તો સાવ સામાન્ય લાગે છે. પરંતુ ઘણા ખરા લોકોને અને ખાસ કરીને નવી પેઢીને તો આના વિશે કોઈ રૂપાન જ નથી હોતું. હોટેલો, કેન્ટીનો તથા લારી ગલ્લા પર વિવિધ પ્રકારશના ખાદ્યપદાર્થો જોવા મળે છે. અને લોકો બીજુ કઈ વિચાર્યા વગર ભરપુર પ્રમાણમા તે ખાતા રહે છે. લોકોની ખાવા પીવાની ટેવો તરફ નરજ કરીએ તો એવું લાગે છે કે આજના આધુનિક કહેવતો અને ભણેલા ગણેલો માણસ આહાર વિજ્ઞાન વિશે કશુ જાણતો નથી. અને જાણવા માટે પ્રયાસ પણ કરતો નથી. પરિણામે તે સ્વસ્થ અને નીરોગી રહી શકતો નથી.

મનુષ્ય એક સામાજિક પ્રાણી હોવની સાથે સાથે આધ્યાત્મિક પ્રાણી છે. ભગવાને તેને ઉત્કૃષ્ઠ કક્ષાનું મગજ આપ્યું છે. જો તે તેનો સદપયોગ કરે તો જીવનના સર્વોચ્ચ લક્ષ્યને પ્રાપ્ત કરી શકે છે. પરિવાર, સમાજ અને પોતાના ક્ષેત્રની વ્યવહારિક જવાબદારી નિભાવવાની સાથે સાથે તે આધ્યાત્મિાક લાભ પણ મેળવી શકે છે. પરંતુ એ ના માટે શરીર સ્વસ્થ હોવું અને સાથે સાથે તેને શકિતશાળી રાખવું એ પણ તેની પવિત્ર જવાબદારી છે. શરીરને સ્વસ્થ રાખવા માં ખાવાપીવાની આદતો બહુ મહત્વનો ભાગ ભજવે છે. માણસે જીવતા રહેવા માટે ખાવું જોઈએ, પરંતુ માણસો તો જાણે કે ખાવા માટે જ જીવતા હોય એવું લાગે છે. ખોરાકની જેમ કપડાં અને મકાનની બાબતમાં પણ એવું જ છે. લોકો સાદા વસ્ત્રો અને સામાન્ મકાનમાં પણ રહી શકે છે. ખરાકની બાબતમાં ઘણીવાર એવું જોવા મળે છે કે ઘણા લોકો માત્ર ખાવા માટે જ જીવતા હોય છે. સ્વાદ માટે મરચા મસાલાથી યુકત વિવિધ પ્રકારના વ્યંજનો ખાવાની સાથે સાથે ઘણા લોકો માસાહાર રે છે. તથા માદક પદાર્થોનું સેવન કરતા પણ જોવા મળે છે. સ્વસ્થ રહેવા માટે એવી વસ્તુઓની કોઈ જ જરુર હોતી નથી. ઉલટુ તેમના કારણે માણસ વિવિધ પ્રકારના શારીરીક તથા માનસિક રોગોનો ભોગ બને છે. સ્વાદના કારણે ઠાંસી ઠાંસીને ખાવું તે રોગોને થવાનું સૌથી પહેલુ અને મુખ્ય કારણ હોય છે. આ ઉપરાંત ખોરાકને બહુ શેકવાથી કે તરવાથી તે પોષ્ટીક રહેતો નથી. વધરે પડતા મસાલા તેલ વગોરેનો ઉપયોગ કરવાથી તે પચવામાં ભારે થઈ શકે છે. જો ધ્યાથી જોઈએ તો સમજાશે કે ભુખથી જેટલા લોકો મરે છે તેના કરતાં આચારકુચર ખાઈને વધારે લોકો રોગોનો ભોગ બને છે. અને અકાળે મૃત્યુ પામે છે. જો માણસ ભુખ કરતાં થોડુ ઓછુ ખાય અને અઠવાડિયામાં એકાદ બે ઉપવાસ કરે તો તે સ્વસ્થ રહી શકે છે. કેટલાક આહાર તો આર દ્રછારા કેન્સર જેવા ભયંકર રોગ મટી શકે એવો દાવો કરે છે. દરેક અમાસ, પુનમ અને અગિયારસ વગેરેના દિવસે વ્રત ઉપવાસનું વિશેષ મહત્વ હોય છે. જેમા નિષ્ઠાપૂર્વક વ્રત રાખનાર વિશેષ પદાર્થો ગ્રહણ કરતાં નથી .તો વળી કેટલાક લોકો નિર્જળા વ્રતનું પાલન કરે છે. એટલે કે પાણી પણ પીતા નથી. આનાથી લોકોને જે સ્વાસ્થ્યનો લાભ થાય છે. તેને જોતાં લાગે છે કે ઉપવાસ કરતાં તે સૈપૂર્ણ રીતે વિજ્ઞાન સંમત છે. આધુનિક વિજ્ઞાન પણ તેની પુષ્ટી કરે છે. આ ઉપરાંત બીજી મહત્વની બાબત એ છે કે દરરોજ એક નિશ્ચિત સમયે જ ભોજન કરો. સવારે દસ વાગ્યાની આસપાસ અને સાંજે ૬ વાગ્યાની આસપાસ ભોજન કરવું. સારુ રહે છે. જો ભુખ ન હોય તો કદાપિ ભોજન ન કરો. હોટલોનું તથા કુસંસ્કારી લોકો હાશે બનેલુ ભોજન કરવાનું ટાળો કારણ કે ભોજન પર પડતાં સંસકારનુ બહુ મહત્વ મહત્વનુ છે.

આપણા શાસ્ત્રો એકી અવાજે કહે છે કે જેવછું ખાશો અન્ન એવું બનશે મન. ભોજન કેવા ભાવથી બનાવવામાં આવી રહ્યું છે તે પણ બહુ મહત્વનું છે. ઘરમાં માતાના હાથે રંધાયેલુ ભોજન અને હોટલમાં બનેલા ભોજનમાં જમીન આસપાસન જેટલુ અંતર હોય છે. ભોજનને પણ આપણી જીવન સાધનાનું એક અંગ માનીને શાંતિ મનથી સંતોષ થાય છે. ઓછુ ભોજન લેવા છતાં પણ જેનાથી વધારે લાભ થાય છે.

ભોજન કરતી વખતે વાતચીત ન કરો. મૌન પાળો, જમતા પહેલાં ઈશ્વરનુ સ્મરણ કરીને તેમનો આભાર માનો. અન્નને પરમેશ્વર માનીને પ્રણામ કરો. દરેક કોળિયાની સાથે ભગવાનનું સ્મરણ ચાલતુ રહે તો એવું ભોજન પ્રસાદ બની જાય છે. અને તે તનની સાથે મન તથા આત્માને પણ પુષ્ટ કરે છે.

## હિંમત હોય તો હિમાલય પણ સર થાય...

**નીતા પી.જાદવ**
**રાજકોટ**



નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન —કવિની આ પંક્તિ જીવનનો એક અડગ મંત્ર સમજાવે છે. ઊંચું લક્ષ્ય રાખનારને રસ્તામાં પથ્થરો તો મળે જ, પરંતુ જેની હિંમત અડગ હોય તેને એ જ પથ્થરો પગથિયાં બનીને શિખર સુધી પહોંચાડે છે. જીવનમાં સફળતા સંજોગોની ભેટ નથી; તે હિંમત, સંકલ્પ અને સતત પ્રયત્નનું પરિણામ છે.

કામમાં સફળતા મેળવવી હોય તો સૌથી પહેલાં નિષ્ફળતાના ભયને હરાવવો પડે. શરૂઆત નાની હોય તો ચાલે, પરંતુ દિશા સ્પષ્ટ હોવી જોઈએ. એક વખત પડ્યા પછી ઊભા થવાની તૈયારી જ માણસને સામાન્યમાંથી અસાધારણ બનાવે છે.

પોતાના સપનાં સાકાર કરવા માટે માત્ર સપનું જોવું પૂરતું નથી. સપનાને સમય, મહેનત અને શિસ્ત આપવી પડે. દુનિયા જ્યારે કહેશે કે આ તારા માટે શક્ય નથી, ત્યારે પોતાના અંતરમાંથી આવતો અવાજ કહે—હું પ્રયત્ન કરીશ. કારણ કે હાર ઘણી વખત પરિસ્થિતિથી નહીં, પરંતુ મનથી સ્વીકારવામાં આવે છે.

પ્રિયપાત્રને પામવાની વાત હોય ત્યારે પણ હિંમતનો અર્થ જિદ્દ નથી. પ્રેમમાં સચ્ચાઈ, ધીરજ અને સ્વાભિમાન જરૂરી છે. સંબંધ મેળવવા જેટલું જ મહત્વપૂર્ણ છે સામેની વ્યક્તિની પસંદગી અને સ્વતંત્રતાનું સન્માન કરવું. સાચો પ્રેમ માંગણી નહીં, સમજણથી જીતાય છે.

સમાજની કુરિતિઓ સામે લડવું હોય તો પણ કોઈ એક વ્યક્તિના અવાજથી પરિવર્તનની શરૂઆત થઈ શકે છે. દહેજ, બાળલગ્ન, અંધશ્રદ્ધા કે ભેદભાવ સામે પ્રશ્નપૂછનાર કદાચ શરૂઆતમાં એકલો હોય, પરંતુ તેની હિંમત અનેક લોકોને અવાજ આપે છે.

આજે ડૂબતી અર્થવ્યવસ્થા સામે પણ દેશને હિંમત, નવીનતા અને જવાબદારીની જરૂર છે. યુવાનો રોજગાર શોધનારા જ નહીં, રોજગાર સર્જનારા બને; ઉદ્યોગ, શિક્ષણ અને કુશળતામાં રોકાણ વધે—ત્યારે મુશ્કેલીમાંથી માર્ગ નીકળી શકે.

અને નારી સુરક્ષા? અહીં હિંમતનો અર્થ માત્ર મહિલાને બચાવવાનો નથી; સમાજની માનસિકતા બદલવાનો છે. દીકરીને સાવચેતી નહીં, સુરક્ષિત સમાજ આપવો એ આપણી સામૂહિક જવાબદારી છે.

કવિ મકરંદ દવેની ભાવના યાદ આવે છે—

હિંમતથી હારજો, પણ હિંમત ન હારશો...

હકીકતમાં હિમાલય માત્ર પર્વત નથી; તે આપણા જીવનના દરેક અશક્ય લાગતા લક્ષ્યનું પ્રતીક છે. રસ્તો કઠિન હોય, વિરોધ મોટો હોય કે પરિસ્થિતિ વિરુદ્ધ હોય—હિંમત જીવંત હોય ત્યાં સંભાવના જીવંત રહે છે.

કારણ કે અંતે જીત હંમેશા સૌથી શક્તિશાળી વ્યક્તિની નથી થતી; જીત તેની થાય છે, જે છેલ્લી ઘડી સુધી પ્રયત્ન કરવાનું છોડતો નથી.

**દમણગંગા ટાઈમ્સ**
DAMANGANGA TIMES

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

## વાપી હાઈવે બ્રિજ પર ચાર વાહનો એકસાથે અથડાયા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૦૭ :** વાપી ટાઉનના કોપરલી ચાર રસ્તા નજીક નેશનલ હાઈવે નંબર-૪૮ પર આવેલા હાઈવે બ્રિજ ઉપર આજે મોડી સાંજે ચાર વાહનો એકસાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં વાહનોને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે ઘટનાને પગલે હાઈવે પર ભારે ટ્રાફિક જામ સર્જાતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

પ્રાપ્ત વિગત મુજબ આજે સાંજે આશરે ૬ વાગ્યાના અરસામાં સુરતથી મુંબઈ તરફ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ વાપી ઉપરની ચાર રસ્તા હાઈવે બ્રિજ ના મુખ્ય માર્ગ પર એક કારની પાછળ એક પીકઅપ વાહન અથડાયું હતું. ત્યારબાદ પીકઅપની પાછળ આવી રહેલી અન્ય બે કાર પણ એક બાદ એક અથડાઈ હતી. આમ, ચાર વાહનો એકબીજા સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો.

અકસ્મિક અથડામણને કારણે હાઈવે પર વાહનોની અવરજવર ધીમી પડી હતી અને થોડી જ વારમાં લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. જેના કારણે મુંબઈ તરફ જતા અનેક વાહનચાલકો અટવાઈ ગયા હતા. અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાનિ થવા પામી નથી.

ઘટનાની જાણ થતાં સંબંધિત તંત્ર દ્વારા ટ્રાફિકને કંટ્રોલ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. હાઈવે બ્રિજ પર બનેલા આ અકસ્માતને કારણે સાંજના વ્યસ્ત સમયે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

## ગણદેવીના ધનોરીમાં બસ અડફેટે બાઈક ચાલકનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ગણદેવી,તા.૭ :** ગણદેવી થી ખારેલ તરફ જતા માર્ગ પર ધનોરી ગામના ડી.પી. ફળીયા ચાર રસ્તા પાસે બુધવાર સાંજે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. બીલીમોરા થી જોગવાડ જતી એસ.ટી. બસ (GJ-18-Z-7084)ના ચાલકે બસ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને હીરો સ્પ્લેન્ડર મોટરસાઈકલ (GJ-21-BR-9016)ને અડફેટે લીધી હતી.આ અકસ્માતમાં અમલસાડ જનું ફળીયુંના રહીશ દર્શનકુમાર દિલીપભાઈ નાયક (ઉ.વ. ૫૨ )ને મોઢા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ બનાવ સંદર્ભે મૃતકના ભાઈની ફરિયાદના આધારે ગણદેવી પોલીસે આરોપી એસ.ટી. બસના ચાલક દિવ્યેશભાઈ સોમાભાઈ પટેલ રહે. વાંદરવેલા, વાંસદા સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ડાંગના ભવાનદગડમાં કૌટુંબિક ઝઘડામાં નાનાએ મોટા ભાઈની હત્યા કરી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતારા, તા.૦૭ :** ડાંગના ભવાનદગડ ગામે ભવાનદગડ ગામમાં સગા બે ભાઈઓ વચ્ચે કામધંધો કરવા જેવી સામાન્ય બાબતે થેયલા ઝઘડામાં નાના ભાઈએ ગુસ્સામાં આવી મોટા ભાઈ પર કુહાડી વડે હુમલો કરતા ૨૮ વર્ષીય મોટા ભાઈનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.



ભવાનદગડ ગામે રહેતા પવાર પરિવારના બે પુત્રો ગજેન્દ્રભાઈ રામચંદ્રભાઈ પવાર (ઉંમર વર્ષ ૨૮) અને તેમનો નાનો ભાઈ રણજીતભાઈ રામચંદ્રભાઈ પવાર (ઉંમર વર્ષ ૨૬) સાથે રહેતા હતા. મૃતક ગજેન્દ્રભાઈ કોઈ ચોક્કસ કામધંધો કરતા ન હોવાથી અવારનવાર ઘરે જ રહેતા હતા. બીજી તરફ તેમનો નાનો ભાઈ રણજીતભાઈ પવાર રોજમજૂરીનું કામ કરીને ગુજરાન ચલાવતો હતો. ગત તારીખ ૬ ઓક્ટોબરે સાંજે રણજીત મજૂરી કામ પતાવીને ઘરે આવતા હાજર મોટા ભાઈ ગજેન્દ્રભાઈને તેમણે નવરા બેસી રહેવાના બદલ ટોણો મારતા બંને ભાઈઓ વચ્ચે ઝઘડો થયો હતો. ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા નાના ભાઈ રણજીતભાઈએ ધારદાર કુહાડી ઉપાડી મોટા ભાઈ ગજેન્દ્ર પર જીવલેણ હુમલો કરી દીધો હતો. ગજેન્દ્રભાઈ લોહીલુહાણ થઈને જમીન પર ઢળી પડ્યા હતા. ઘટનાના પગલે પરિવારજનોની ચીસાચીસ સાંભળી આજુબાજુના લોકો દોડી આવ્યા હતાં અને ૧૦૮ બોલાવતા તબીબી સ્ટાફે ગજેન્દ્રભાઈની તપાસ કરી મૃત જાહેર કર્યા હતાં. બનાવ અંગે આહવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

## વલસાડ પાલિકાના કચરા ગાડીનો કર્મી નશામાં ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા.૭ :** વલસાડ નગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાંથી ડોર ટુ ડોર કલેક્શન માટેનો મોટો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. જોકે આ ડોર ટુ ડોર કચરો કલેક્શન માટે રાખવામાં આવેલા કેટલાક ટ્રેક્ટરના ડ્રાઈવરો પાસે લાઈસન્સ હોતા નથી. તેમ છતાં આ ટ્રાફિક વાળા વિસ્તારમાં ટ્રેક્ટરો પૂર ઝડપે ચલાવતા હોય છે અગાઉ આ ટેક્ટર ચાલકોએ અકસ્માતો અને ગટરમાં ટ્રેક્ટર પલટાવી દેવાની ઘટના પણ બની હતી. ત્યારે ગઈકાલે સાંજે વલસાડ ના ભાગડાવડા વિસ્તારમાં ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરવા આવેલો નગરપાલિકાની ખાનગી એજન્સીનો ટેમ્પો ચાલક નશાની હાલતમાં હોવાની શંકા જતા સ્થાનિક રહીશોના હોબાળો મચાવ્યો હતો. તપાસ દરમિયાન વાહનમાંથી એક કાળી પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી. આ થેલી તપાસતાં તેમાંથી પારદર્શક પ્લાસ્ટિકની બે પોટલીઓમાંથી દેશી દારૂ પોટલીઓ મળતાં ઉપસ્થિત લોકોમાં આશ્ચર્ય સાથે હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. કચરો ઉપાડવાની કામગીરી સાથે જોડાયેલા ખાનગી એજન્સીના ચાલકોની આવી બેદરકારીને કારણે લોકોમાં ભારે નારાજગી અને ચર્ચા જોવા મળી રહી છે.

## વલસાડમાં વેપારી સાથે છેતરપિંડી કરી ધમકી આપનાર સામે ફરિયાદ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા.૦૭ :** વલસાડ તાલુકા ના બિનવાડા ગામે રહેતા અને વેપાર કરતા પન્નાલાલ ઉકારલાલ કુમાવત (ઉ.વ. ૩૮) શાકભાજી માર્કેટમાં મહાદેવ દુકાન ધરાવતા વિક્રમભાઈ (ઉ.વ. ૩૫, રહે. શાકભાજી માર્કેટ, વલસાડ) પાસેથી વર્ષોથી માલસામાનની ખરીદી કરતા હતા. વર્ષો જૂની ઓળખાણ અને ધંધાકીય સંબંધો હોવાથી ફરિયાદી વિક્રમભાઈ પાસેથી મગાવેલા માલસામાન સામે પૂરેપૂરી રકમ ચૂકવી આપતા હતા. જોકે, બાદમાં ખરીદેલા માલની ચકાસણી કરતા માલ ઓછો માલૂમ પડતો હતો, છતાં સામે પક્ષેથી પૂરેપૂરા નાણાં વસૂલી લેવામાં આવતા હતા.

શંકા જતાં ફરિયાદી પન્નાલાલ કુમાવતે પોતાની દુકાન તથા પરિસરના સી.સી.ટી.વી. કેમેરાનું ચેકિંગ કર્યું હતું. સીસીટીવી ફૂટેજ આવ્યું હતું કે આરોપી વિક્રમભાઈ ગાડીમાંથી દેખાવ પૂરતો માલ ઉતારતા અને બાદમાં માલ પરત ચઢાવી લઈને છેતરપિંડી આચરતા હતા.

ફરિયાદ અરજીમાં આક્ષેપ કરાયો છે કે આરોપી પાસે કોઈ ધંધાકીય લાઈસન્સ ન હોવા છતાં હલકી ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ વેચી લોકો સાથે ઠગાઈ કરતો હતો. ફરિયાદી સાથે આ રીતે કુલ રૂ. ૩ લાખ ની આસપાસની રકમની છેતરપિંડી આચરવામાં આવી છે.

ફરિયાદીએ પોતાની બાકી નીકળતી કાયદેસરની રૂ. ૩ લાખની રકમ માંગતા અથવા છેતરપિંડી અંગે વિરોધ દર્શાવતા આરોપી ઉત્તેજિત થઈ ગયો હતો. આરોપી પોતે રાજકીય પહોંચ ધરાવતો હોવાનો રોફ બતાવી ફરિયાદીને ભયંકર ગુનાઓમાં સંડોવી દેવાની તથા જોઈ લેવાની ખુલ્લેઆમ ગુનાહિત ધમકીઓ આપી રહ્યો છે.

આરોપીની આવી ગેરકાયદેસર અને ધમકીભરી પ્રવૃત્તિઓથી કંટાળીને ફરિયાદી પન્નાલાલ કુમાવતે વલસાડ જીલ્લા પોલીસ વડા ને લેખિત ફરિયાદ આપી છે.

## થાલાના બંધ ઘરમાંથી ૧.૭૭ લાખની મત્તાની ચોરી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલી, તા.૦૭ :** ચીખલી તાલુકાના થાલા ગામ ખાતે આવેલ ગાંધી કોમ્પ્લેક્સ બી વિભાગ બીજા માળે રૂમ નંબર ૨૮ જયદીપભાઈના ભાડાના મકાનમાં રહેતા નિર્મલ લેરુદાસ વૈષ્ણવ જે પોતાના પરિવાર સાથે રહેતો હોય અને ચીખલીની જવેલર્સ ની દુકાનમાં બે ભાઈઓ નોકરી કરતા હોય અને પત્ની ઘરે એકલી રહેતી હોય ત્યારે તારીખ ૫. ૧૦. ૨૬ ના રોજ પત્ની બપોરે સવા એક વાગ્યે એપાર્ટમેન્ટના નીચેના માળે જમવા માટે ગયેલ અને ત્યાં સાંજના પોણા પાંચેક વાગ્યા સુધી રોકાયેલ ત્યારબાદ ફ્લેટ પર જઈને જોતા દરવાજા પર તાળું તૂટેલ હાલતમાં અને કડી વળી ગયેલ હાલતમાં હતી ઘરમાં અંદર જઈને જોતા ઘરના બેડરૂમમાં લાકડાનો કબાટનો દરવાજો ખુલ્લો હતો અને કબાટના ડ્રોવરનું લોક કોઈ ચોર ઈસમે કોઈ સાધન વડે તોડી નાખેલ હતું

અને નીચેનું ડ્રોવર ખુલ્લું હતું જે લોકરમાં સોનાનું મંગળસૂત્ર જેનું પેડલ સાથે વજન ૧૭ ગ્રામ કિંમત રૂ. ૧.૦૫.૪૦૦ તથા સોનાની કાનની બુટ્ટી જેનું વજન આશરે બે ગ્રામ કિંમત રૂપિયા ૧૨.૪૦૦ તથા ચાંદીનું હાથમાં પહેરવાનું લુઝર જેનું વજન ૩૦ ગ્રામ કિંમત રૂપિયા ૯,૦૦૦ તથા પગમાં પહેરવાની ચાંદીની પાયલ વજન ૬૦ ગ્રામ કિંમત રૂપિયા ૧૮૦૦૦ તથા ચાંદીની હાથમાં પહેરવાની ચુડી બેંગલ જેનું આશરે વજન ૨૫ ગ્રામ કિંમત રૂપિયા ૭૫૦૦ તથા રોકડા રૂપિયા ૨૫૦૦૦ મળી કુલ રૂપિયા ૧.૭૭.૩૦૦ મત્તાની ચોરી કોઈ ચોર ઈસમો કરી ગયા હોવાની ફરિયાદ નિર્મલ લેરુદાસ વૈષ્ણવ મૂળ રહે. ગામ કુવારીયા તા.કુવરીયા જી. રાજસ્થાન ના એ ચીખલી પોલીસ મથકે નોંધાવતા વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

## દમણમાં કોંગ્રેસે એમ્બ્યુલન્સ રોકવા બદલ સાંસદ પર સવાલ ઉઠાવ્યા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**દમણ, તા.૦૭ :** દમણ અને દીવની રાજ્ય કોંગ્રેસ સમિતિએ ભાજપ સમર્થિત સાંસદ ઉમેશ પટેલના દમણના મારવાડ સરકારી હોસ્પિટલમાં નિરીક્ષણ દરમિયાન એમ્બ્યુલન્સ રોકવાના આરોપ પર સવાલ ઉઠાવ્યા છે. કોંગ્રેસના પ્રવક્તા હર્ષ દુબેએ એક પ્રેસ રિલીઝ જારી કરીને જણાવ્યું હતું કે એમ્બ્યુલન્સ એ સામાન્ય વાહન નથી, પરંતુ જીવન બચાવતી કટોકટી સેવા છે. આવી સેવા બંધ કરવી અથવા બિનજરૂરી રીતે તેના સંચાલનમાં અવરોધ ઊભો કરવો યોગ્ય નથી.

કોંગ્રેસે જણાવ્યું હતું કે જો સાંસદે એમ્બ્યુલન્સ સેવામાં કોઈ ખામીઓ જોઈ હોત, તો સંબંધિત અધિકારીઓ પાસેથી જવાબો માંગીને સિસ્ટમની સમીક્ષા કરી શકાઈ હોત. કોંગ્રેસે એમ્બ્યુલન્સ રોકવા, ડ્રાઈવરને બોલાવવા અને ડ્રાઈવરની સીટ પર વ્યક્તિગત રીતે કબજો કરવાના હેતુ પર સવાલ ઉઠાવ્યા હતા. શું એમ્બ્યુલન્સ સેવાની ખામીઓ પર ભાર મૂકવાનો હેતુ હતો કે તેને રાજકીય મુદ્દો બનાવવાનો?

કોંગ્રેસે સાંસદને દમણમાં CNGના ભાવ અંગે સંસદમાં અવાજ ઉઠાવવાની પણ માંગ કરી. પ્રેસ રિલીઝ મુજબ, દમણમાં CNG ની કિંમત આશરે ૯૯ પ્રતિ કિલો છે, જ્યારે પડોશી વલસાડમાં તેનો ભાવ આશરે ૮૮ પ્રતિ કિલો છે. કોંગ્રેસે જણાવ્યું હતું કે આશરે ૧૧ પ્રતિ કિલોનો આ તફાવત દમણના લોકો સાથે અન્યાયી છે. કોંગ્રેસે જણાવ્યું હતું કે CNG હજારો પરિવારો અને વાહનચાલકો માટે આવશ્યક બળતણ છે. એમ્બ્યુલન્સ બંધ કરવાને બદલે, સાંસદે સંસદમાં CNG ના ભાવ તફાવતનો મુદ્દો ઉઠાવવો જોઈએ અને કેન્દ્ર સરકાર દમણના લોકોને રાહત આપે તેવી માંગ કરવી જોઈએ.

## વાપીના મહાવીર નગરથી વૃદ્ધા ગુમ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૦૭ :** વાપી મહાવીર નગર, વાપી ખાતે રહેતા રેવા બેન અંબાલાલ બારીયા ગઈ કાલે બપોર બાદથી ગુમ થયા છે. પરિવારે શોધખોળ હાથ ધરી છે. તેમને કોઈને પણ જોવા મળે તો હેમંત બારીયા અને રાજેશ બારીયાના મોબાઈલ નંબર ૭૦૪૬૭૫૫૩૩૩ પર જાણ કરવા વિનંતી કરાઈ છે.

### સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬ અંતર્ગત

## દમણમાં મેગા બીચ સફાઈ ઝુંબેશ હેઠળ ૨૦ ઝોનમાં ૫.૧ ટન કચરો એકત્ર કરાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**દમણ, તા.૭ :** ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ્લ પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળ, સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬ અંતર્ગત સ્વચ્છ, સલામત અને ટકાઉ દરિયાકાંઠાનું વાતાવરણ બનાવવાના ઉદ્દેશ્યથી આજે નાની દમણના નમો પથ ખાતે એક મેગા બીચ સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓ, યુવાનો, જનપ્રતિનિધિઓ, સ્વયંસેવકો, ઉદ્યોગ પ્રતિનિધિઓ અને નાગરિકોએ ઉત્સાહપૂર્વક આ ઝુંબેશમાં ભાગ લીધો હતો, અને દરિયાકાંઠાની સ્વચ્છતામાં ફાળો આપ્યો હતો.આ ઝુંબેશ દરમિયાન, સહભાગીઓએ બીચ અને આસપાસના વિસ્તારોમાંથી કચરો એકત્રિત કરીને સ્વચ્છતાનો સંદેશ ફેલાવ્યો હતો. ૨૦ ઝોનમાં આશરે ૫.૧ ટન કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો. આ પહેલનો હેતુ નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવા અને દરિયાઇ પર્યાવરણ અને દરિયાકાંઠાની ઈકોસિસ્ટમના સંરક્ષણ પ્રત્યે જવાબદારીની ભાવના કેળવવાનો હતો.

## કલસર ચેકપોસ્ટથી ધરમપુર તા.પં.ના નેતા સહિત ત્રણ નશાની હાલતમાં ઝડપાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**પારડી, તા.૦૭ :** પારડી તાલુકાના કલસર ગામમાં પારડી પોલીસે ધરમપુરના જાણીતા રાજકારણી નેતા અને એના બે મિત્રોને દારૂ પીધેલી હાલતમાં અને દારૂની બોટલ સાથે ઝડપી પાડ્યો હતો અને એમની સામે ગુનો દાખલ કર્યો હતો પારડી પોલીસ મથક માંથી મળતી માહિતી મુજબ પકડાયેલ હેમંતકુમાર રૂમસિંગભાઈ પટેલ ઉ.વ.૩૩ ઘંઘો-ઈલેકટ્રીશીયન રહે.મોટી ઢોલડુંગરી, ડુંગરી ફળિયું, તા.ધરમપુર, જિ.વલસાડ, કુલદિપસિંહ દીનેશભાઈ પઢીયાર, ઉ.વ.૩૦, ઘંઘો-ખેતી, રહે.બોરડી ફળિયું, ધરમપુર રોડ, વાંકલ, તા.જિ.વલસાડ, કલ્પેશભાઈ અમ્રતભાઈ પટેલ, ઉ.વ.૩૭, ઘંઘો-ખેતી, રહે. મોટી ઢોલડુંગરી, ડુંગરી ફળિયું, તા.ધરમપુર, જિ.વલસાડ નાઓએ એક બીજાની મદદગારી કરી પોતાના કબ્જાની એક સ્વીફ્ટ ડિઝાયર કાર નંબર GJ-15-CB-3771 ની કિંમત રૂા.૨,૦૦,૦૦૦નીમાં ડ્રાઈવિંગ સીટની બાજુની સીટ આગળ ગ્લોવબોક્ષની પાછળની જગ્યાએ ભારતીય બનાવટની વિદેશી દારૂની બાટલી કુલ નંગ.૦૩ ૨.૨૫૦ લીટર કિં.રૂા.૨૪૨૪ નો પ્રોહી મુદામાલ લઈ આવતા તેમજ ત્રણેય ઈસમો વગર પાસ પરમીટે દારૂનો નશો કરી નશાની હાલતમાં વાહન ચેકીંગ દરમિયાન કલસર પાતલીયા ચેક પોસ્ટ રોડ ઉપર તા.પારડી જી.વલસાડ ખાતે પકડાઇ ગયેલ હોય જેથી મારી તેના વિરૂધ્ધ પ્રોહી એકટ કલમ ૬૫(એ)(એ),૯૮(૨),૮૧,૬૬(૧)ઇ મુજબ કાયદેસર થવા ફરીયાદ છે તેમજ કાર ચાલક ઈસમ વિરૂધ્ધમાં એમ.વી.એકટ કલમ-૧૮૫ તથા પ્રોહી.એકટ કલમ-૬૬(૧)ઇ મુજબ અલાયદી ફરીયાદ આપેલ છે આમ કલસનના પાટલીયા ચેકપોસ્ટ પાસે ધરમપુરના જાણીતા રાજકારણી કલ્પેશ પટેલ અને એમના મિત્રો દારૂ પીધેલી હાલતમાં અને દારૂ ની બોટલ સાથે પકડાઈ ગયા હતા. આ ઘટનાને પગલે રાજકારણ કરમાયું હતું અને પોલીસ મથકમાં મોડી રાત સુધી ચહલપાલ જોવા મળી હતી પરંતુ પોલીસે પોલીસનું કામ કર્યું હતું અને કલ્પેશ પટેલ અને એના મિત્રો સામે ગુનો દાખલ કર્યો હતો.

### સેવા સંકલ્પ અભિયાનઃ વડાપ્રધાન મોદીના ૨૫ વર્ષના સેવા અને સુશાસનના અવસરે

## નાનાપોંઢામાં વિકસિત ભારત સંકલ્પ સભા સાથે સેવા જ્યોતિ યાત્રા નીકળી

**પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં નાનાપોંઢા હેલિપેડથી બિરસા મુંડા સર્કલ સુધી નીકળેલી બે વિશાળ સેવા જ્યોતિ યાત્રામાં જનમેદની ઉમટી**

**વલસાડ, તા. ૦૭ :** તા. ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ નરેન્દ્રભાઈ મોદીએ પ્રથમ વખત ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદભાર સાંભળ્યા બાદ તા. ૨૬ મે, ૨૦૧૪ના રોજ તેમણે દેશના વડાપ્રધાન તરીકે જવાબદારી સંભાળી હતી. ગુજરાતના મુખ્યમંત્રીથી લઈને દેશના વડાપ્રધાન સુધીના ૨૫ વર્ષની સેવા, સુશાસન અને વિકસિત ભારત સંકલ્પની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ગુજરાતની સાથે વલસાડ જિલ્લામાં પણ 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વલસાડ જિલ્લા પ્રભારી મંત્રી અને આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને નવરચિત નાનાપોંઢા તાલુકામાં હેલિપેડ મેદાન ખાતે વિકસિત ભારત સંકલ્પ સભા સાથે ભવ્ય સેવા જ્યોતિ યાત્રા નીકળી હતી, જેમાં જિલ્લાભરમાંથી માનવ મહેરામણ ઉમટયો હતો.

નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની નિ:સ્વાર્થ સેવા ગાથાની ઉજવણીના આ મહત્વપૂર્ણ અવસરે મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું કે, ગુજરાત અને દેશની જનતાએ આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આશીર્વાદ આપ્યા છે. વિકસિત ભારત સંકલ્પ સભા અને સેવા જ્યોતિ યાત્રામાં અંતરિયાળ વિસ્તારમાંથી હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી છે, એ વડાપ્રધાન પ્રત્યે લોકોનો પ્રેમ અને લાગણીના



દર્શન કરાવે છે. આપણે સૌ સાથે મળી ૨૦૪૭ સુધીમાં આપણા દેશને વિકસિત રાષ્ટ્ર બનાવીશું એવો સંકલ્પ લઈ દેશના વિકાસમાં દરેક નાગરિક પોતાનું યોગદાન આપે એવી શુભેચ્છા પાઠવું છું.

કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચન કરી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી થી લઈને વડાપ્રધાન સુધીના ૨૫ વર્ષના સેવા કાર્યોને યાદ કરી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગોઠવવામાં આવેલા સ્ટોલ પર સરકારના વિવિધ ખાતાની સેવાનો લાભ લેવા નાગરિકોને અનુરોધ કર્યો હતો.

કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલે નાનાપોંઢા હેલિપેડ મેદાનથી સેવા જ્યોતિ યાત્રાની મશાલને પ્રજ્વલિત કરી પ્રસ્થાન કરાવી હતી. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ અને સર્વ ધારાસભ્યો જોડાયા હતા. સંગીતના તાલે નીકળેલી બે યાત્રા અલગ અલગ રૂટ થઇ બિરસા મુંડા સર્કલ પર પહોંચી હતી. જ્યાં મંત્રી સહિતના મહાનુભાવો એ બિરસા મુંડાની પ્રતિમાને હાર પહેરાવી નમન કર્યા હતા. આ યાત્રામાં મોટી સંખ્યામાં લોકોએ જોડાઈને આ ઉજવણીને લોકોત્સવ બનાવી હતી.

આ ઉપરાંત વંદે માતરમનું સામૂહિક ગાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન તેમજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ચ્યુઅલ સંબોધન કરવામાં આવ્યું હતું. સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત યોજાયેલી અનાજ-કઠોળ ક્રાંતિ અને રંગોળી સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ 'વિકસિત ભારત @2047'ના નિર્માણ માટે સામૂહિક સંકલ્પ પણ લેવામાં આવ્યા હતા.

સેવા, સુશાસન અને વિકસિત ભારતના સંકલ્પને જન-જન સુધી પહોંચાડતી આ યાત્રામાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, ઉમરગામ ધારાસભ્ય રમણલાલ પાટકર, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, કપરાડાના માજી ધારાસભ્ય માધુભાઈ રાઉત, વાપી મનપાના મેયર દક્ષાબેન પટેલ, તમામ તાલુકા પંચાયત અને નગરપાલિકાના પ્રમુખો, જિલ્લા સંગઠન પ્રભારી વિનયભાઈ શુક્લા, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા તેમજ જિલ્લા સંગઠનના મહામંત્રીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સરકારી સ્કૂલના શિક્ષક તારેશભાઈ સોનીએ કર્યું હતું.

## વાંસદાના રૂપવેલની પરણીતાએ પિયરમાં આપઘાત કર્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલી, તા.૭ :** વાંસદા તાલુકાના રૂપવેલ ગામની એક પરિણીતાએ ચીખલી તાલુકાના સિયાદા ગામે પિયરમાં આવી ટોયલેટ ક્લીનર પી જતા જેનું ધરમપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનો બનાવ ચીખલી પોલીસ મથકે નોંધાવા પામ્યો છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર વાંસદા તાલુકાના રૂપવેલ રાયવાડી ફળિયા ખાતે રહેતી કિન્નરી વિરલભાઈ પટેલ ઉ.વ. ૩૩ જે તારીખ ૨૯. ૮. ૨૬ ના રોજ સવારે પાંચેક વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણોસર ટોયલેટ ક્લીનર પી જતા જેને -થમ સારવાર ચીખલી ની ખાનગી હોસ્પિટલમાં આપ્યા બાદ વધુ સારવાર અર્થે ધરમપુર ની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી જ્યાં આજરોજ બપોરના સમયે સારવાર દરમિયાન મોત નીપજવા પામ્યું હતું.

કિન્નરી બેન પટેલનો લગ્ન સમય ચાર વર્ષનો હોય અને કિન્નરીબેન પટેલે ચીખલી તાલુકાના સીયાદા ગામના દાદરી ફળિયા ખાતે પિયરમાં આવીને ટોયલેટ ક્લીનર પી લીધું હતું બનાવની વધુ તપાસ ચીખલી સબ ડિવિઝન પોલીસ મથકના ડીવાયએસપી કરી રહ્યા છે.

# અન્ય સમાચારો

Thursday 08, October 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 08, October 2026

## ભારતની કૂટનૈતિક પહેલ

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની મિત્રતા જગજાહેર છે. કોઇ પણ મંચ પર બંને મળે ત્યારે તેમની બોડી લેન્ગ્વેજ ગાઢ દોસ્તીસભર જોવા મળે. આના પાયામાં બંને રાષ્ટ્રો વચ્ચેના દાયકાઓ જૂના સંબંધ રહેલા છે. ભારત અને રશિયાએ પરસ્પર વિશ્વાસ કેળવ્યો છે. એટલે જ બધા વૈશ્વિક પરિમાણોમાં એકબીજાનું ધ્યાન રાખવાની ભાવના દ્દઢ રહી છે. પુતિને તાજેતરમાં એક સંમેલન દરમ્યાન કહ્યું કે, મોદી તેમના સારા મિત્ર છે, તેમ છતાં જ્યારે મુલાકાત થાય ત્યારે યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવાનો આગ્રહ કરતા રહે છે. તેઓ ઇચ્છે છે કે બંને દેશ વચ્ચેના સંઘર્ષનો જલ્દી અંત આવે અને એ માટે તેમની પાસે સારા વિકલ્પો પણ છે. રૂસ-યુક્રેન તરફથી એકબીજા પર ભીષણ હુમલા જારી છે તેમ છતાં યુદ્ધ પૂરું કરવા માટેના કૂટનૈતિક પ્રયાસો નિરંતર રહ્યા છે અને તેમાં હવે ભારતની મોટી ભૂમિકાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. યુક્રેનના વિદેશમંત્રી આંદ્રિય સિબિહાએ કહ્યું કે, કીવને રૂસ સાથે સંભવિત યુદ્ધવિરામ માટે ભારત, અમેરિકા, તુર્કી અને ઇજિપ્ત એમ ચાર અલગ-અલગ પ્રસ્તાવ મળ્યા છે જેમાં ભારતનો પ્રસ્તાવ સૌથી વ્યાપક છે. સિબિહાના જણાવ્યા અનુસાર ભારતે પહેલી જ વાર આ સઘર્ષમાં સમાધાનની પ્રક્રિયામાં સક્રિય ભૂમિકા ભજવવાની ઇચ્છાનો સંકેત આપ્યો છે. ભારતીય પ્રસ્તાવ માત્ર મોરચા પર લડાઇ રોકવા પૂરતો જ સીમિત નથી, બલ્કે ઊર્જાનું માળખું અને બ્લેક સમુદ્ર ક્ષેત્રમાં યુદ્ધવિરામ જેવાં મહત્ત્વપૂર્ણ પાસાં પણ તેમાં સામેલ છે. યુક્રેનના કહેવા મુજબ કોઇ પણ યુદ્ધવિરામ લાગુ હોય ત્યારે ઊર્જા ઉત્પાદનના સંયોગો અને બંદરો પર હુમલા બંધ થાય એ જરૂરી છે. રૂસ-યુક્રેન વચ્ચે લાંબા સમયથી ચાલતાં યુદ્ધે દુનિયાની હાલત ખરાબ કરી છે. વૈશ્વિક અર્થતંત્ર ડામાડોળ છે. ઊર્જા સુરક્ષા અને ખાદ્ય ચીજવસ્તુઓનો પુરવઠો ખોરવાઇ ગયો છે. બ્લેક સીમાં સ્થિરતા સ્થાપિત કરવી જરૂરી એટલે છે કે, તે માર્ગે યુક્રેનથી કૃષિ અને અનાજની નિકાસ પુનઃસ્થાપિત કરવાની શક્યતા વધી જાય છે. તુર્કી અને ઇજિપ્તે કાળા સમુદ્રમાં કૃષિ પેદાશો અને અનાજની નિકાસ પૂરતો યુદ્ધવિરામ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જ્યારે અમેરિકાના પ્રસ્તાવમાં ઊર્જા પ્રતિષ્ઠાનોને નિશાન ન બનાવવાની વાત કેન્દ્રસ્થ છે. અહીં એ નોંધનીય છે કે, અખાતમાં ઉપરાંત રૂસ-યુક્રેનમાં થતા હુમલામાં કેટલાય ઊર્જા ઉત્પાદન કરતા પ્લાન્ટ ધ્વસ્ત થયા છે. દુનિયાને ચલાયમાન રાખવા માટે ઊર્જાનો પુરવઠો અવિરત જોઇએ. ટ્રમ્પે તાજેતરમાં યુક્રેનને રશિયાના ઊર્જા મથકોને નિશાન ન બનાવવા તાકીદ કરી હતી. ભારતની રાજદ્વારી પહેલને મહત્ત્વ મળ્યું છે કેમ કે, આપણે રૂસ-યુક્રેન એમ બંને દેશ સાથે સીધા સંવાદનો રસ્તો ખુલ્લો રાખ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લગાતાર વાતચીત અને રાજદ્વારી પ્રયાસોથી જ યુદ્ધવિરામ થશે એ વાત પર ભાર મૂક્યો છે. ગયા ઓગસ્ટમાં બિશ્કેક ખાતે રૂસી રાષ્ટ્રપતિ પુતિન સાથેની મુલાકાત દરમ્યાન પણ તેમણે યુદ્ધ સમાપ્તિનો આગ્રહ કર્યો હતો. પુતિનનું મોદીને લગતું નિવેદન આના અનુસંધાને જ હતું અને તે એ વાતનો સંકેત આપે છે કે, રશિયા નવી દિલ્હીની રાજદ્વારી ભૂમિકાને ગંભીરતાથી લઇ રહ્યું છે. આમ છતાં યુદ્ધવિરામ માટે ભારતે હજુ ઘણી મહેનત કરવી પડશે. રૂસ-યુક્રેન પરસ્પર સંમત થાય એવી ફોર્મ્યુલા તૈયાર કરવી રહી. યુક્રેન વ્યાપક યુદ્ધવિરામ માટે તૈયાર હોવાના સંકેત આપે છે, સાથે એટલું ઇચ્છે છે કે, ઊર્જા મથકો અને પોર્ટસ સહિતના મહત્ત્વપૂર્ણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માળખાં પરના હુમલા હંમેશ માટે બંધ થાય. બીજીતરફ રશિયા તત્કાળ વ્યાપક યુદ્ધવિરામને બદલે સ્થાયી અને સમગ્રતયા રાજનૈતિક સમાધાન પર ભાર મૂકી રહ્યું છે. આ સંજોગોમાં ભારતે પોતાની ક્ષમતા અને બંને પક્ષો સાથેના સંબંધોને કુનેહપૂર્વક ઉપયોગ કરવો રહ્યો. અત્યારે યુદ્ધવિરામની ઉમ્મીદના કિરણો દેખાય છે, તેમાં ભારતની ભૂમિકા મહત્ત્વપૂર્ણ કૂટનૈતિક પહેલ છે.

દમણગંગા ટાઇમ્સ
NEWS
CORPORATE NEWS

## સ્મિથ એન્ડ જોન્સે રસિકા દુગલ સાથે ટેસ્ટ ગજબના કેમ્પેઇન શરૂ

સુરત, તા. ૦૭ : ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડની અગ્રણી ફૂડ બ્રાન્ડ તથા ભારતની પ્રથમ ક્રમની કૂકિંગ પેસ્ટ જિંજર પેસ્ટના ઉત્પાદક સ્મિથ એન્ડ જોન્સે રસિકા દુગલ સાથે એક નવું કેમ્પેઇન ટેસ્ટ ગજબના રજૂ કર્યું છે. જિંજર ગાર્લિક પેસ્ટ પહેલા કરતાં વધુ ચોઇસ ઉપલબ્ધ છે. એક પેસ્ટ બીજી પેસ્ટથી કઇ રીતે અલગ છે તેના વિશેની જાણકારી આ કેમ્પેઇન દ્વારા માહિતી આપે છે, જે ગ્રાહકોને જાડા,સુસંગત જિંજર ગાર્લિક પેસ્ટને પાણીવાળા પેસ્ટથી અલગ પાડવામાં અને વધુ માહિતીપ્રદ પસંદગી કરવામાં મદદ કરે છે. આ કેમ્પેઇન કહે છે, હો ગયા ના પેસ્ટ કા પેસ્ટ ઔર પાની કા પાની. આ કેમ્પેઇન વિશે ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સના પેકેજ્ડ ફૂડ્સ,કેપિટલ ફૂડ્સ અને સોલફુલના પ્રેસિડેન્ટ દીપિકા ભાને કહ્યું હતું કે, નવી વાનગીઓ અજમાવવા અને વિવિધ સામગ્રી સાથે પ્રયોગ કરવો ક્યારેક મૂશ્કેલ લાગે છે,પરંતુ સ્મિથ અને જોન્સ સાથેઅમે તેને ખૂબ જ સરળ બનાવવા માંગીએ છીએ. આ કેમ્પેઇનતેને દર્શાવે છે.

## ભારતના -થમ પોર્ટેબલ લિક્વિડ વેપોરાઇઝર સાથે એવરેડીનું મોસ્કિટો -ોટેક્શન સેગમેન્ટમાં વિસ્તરણ

સુરત, તા. ૦૭ : ભારતની નંબર-૧ બેટરી બ્રાન્ડ એવરેડી ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયા લિમિટેડે દેશના પ્રથમ પોર્ટેબલ લિક્વિડ વેપોરાઇઝર, એવરેડી અલ્ટીમા લિક્વિડ વેપોરાઈઝરના લોન્ચિંગ સાથે મોસ્કિટો પ્રોટેક્શન (મચ્છર નિવારણ) સેગમેન્ટમાં પ્રવેશ કરવાની જાહેરાત કરી છે.

એવરેડી અલ્ટિમા લિક્વિડ વેપોરાઇઝર એટલા માટે લોન્ચ કરાયું છે કે જેથી લોકોને મચ્છર ભગાડવા માટે પ્લગ કે સોકેટ શોધવાની જરૂર ન પડે. આ વાયરલેસ અને પોર્ટેબલ મશીનને તમે બેડરૂમ, બાળકોના પ્લે-એરિયા, બાલ્કની કે બાથરૂમ જેવા પ્લગ વગરના ખૂણાઓમાં પણ આસાનીથી વાપરી શકો છો. લાઈટ જાય તો પણ આ મશીન બંધ પડતું નથી. આ રીચાર્જેબલ મશીનમાં ૩ કલાક સુધીનો પાવરફુલ બેટરી બેકઅપ મળે છે, જેથી પાવર કટ દરમિયાન પણ તમારો પરિવાર મચ્છરોથી સુરક્ષિત રહે છે.

### વડાપ્રધાને જાહેર જીવનમાં ૨૫ વર્ષ પૂર્ણ કર્યા

# જનતાનો વિશ્વાસ જ મારી સૌથી મોટી શક્તિ: મોદી



**દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં કાર્યક્રમનું આયોજન કરાયું, જ્યાં વડાપ્રધાન દેશભરના કાર્યકર્તાઓને વર્ચ્યુઅલી સંબોધિત કર્યા**

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૭ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જાહેર જીવનમાં ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે. આ અવસરે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં કાર્યક્રમનું આયોજન કરાયુંછે, જ્યાંવડાપ્રધાન દેશભરના કાર્યકર્તાઓને વર્ચ્યુઅલી સંબોધિત કરી રહ્યા છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, "૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ જ્યારે તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધી હતી, ત્યારે તેમણે ક્યારેય વિચાર્યું નહોતું કે એક દિવસ જાહેર જીવનમાં આ મુકામ સુધી પહોંચશે. આજે સરકારના વડા તરીકે દેશની સેવા કરતા તેમને ૨૫ વર્ષ પૂર્ણ થઈ ગયા છે." PM મોદીએ આને જનતાના સતત મળતા આશીર્વાદનું પરિણામ ગણાવ્યું અને ભાજપ, દ્રઢ્ઢછ તેમજ લોકશાહીમાં વિશ્વાસ રાખનારા તમામ લોકોનો આભાર માન્યો.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, તેમણે ૧૪૦ કરોડ ભારતીયો માટે પ્રાર્થના કરી છે. તેમની પ્રાર્થના છે કે પરમાત્મા તેમને એટલી શક્તિ આપે કે તેઓ દેશ માટે વધુ ઊર્જા સાથે કામ કરી શકે અને દિવસ-રાત દેશવાસીઓ સહિત તમામ લોકોની સેવા કરી શકે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે તેઓ જે કંઈ પણ છે, તેમાં સૌથી મોટું યોગદાન 'જનતા જનાર્દન'નું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તેમના માટે જનતા જનાર્દન ભગવાનનું જ સ્વરૂપ છે. કરોડો લોકોનો વિશ્વાસ જ તેમની શક્તિ છે. PM મોદીએ કહ્યું કે, દેશે તેમને ઘણું આપ્યું છે અને તેથી દેશ તેમના માટે સર્વસ્વ છે. દેશના નાગરિકોનો જ તેમુના પર સૌથી મોટો અધિકાર છે. સ્મોદીએ કહ્યું કે, ૨૫ વર્ષનો જનવિશ્વાસ અને ૨૫ વર્ષનો અનુભવ તેમની મોટી મૂડી છે. આ મૂડી દેશની છે અને ભારત માતાની દરેક સંતાન તેના અધિકારી છે. પોતાના શાળાના દિવસોને યાદ કરતા મોદીએ કહ્યું કે કંઈક નવું શીખવાની ઈચ્છા તેમના જીવનનો હિસ્સો બની ગઈ છે અને તેઓ આજે પણ પોતાને એક વિદ્યાર્થી જ માને છે. વડાપ્રધાને કહ્યું કે, તેમણે હંમેશા ભગવાન પાસે એવી જ પ્રાર્થના કરી છે કે તેમની શીખવાની પ્રક્રિયા ક્યારેય ઓછી ન થાય. તેમણે કહ્યું કે પાછળ વળીને જોતા તેમના મનમાં કૃતજ્ઞતાનો ભાવ આવે છે, કારણ કે દરેક ઘટનાએ તેમને કંઈકને કંઈક શીખવ્યું છે. જેણે તેમને પાડ્યા, તેણે ઊભા થવાનું શીખવ્યું અને જેણે વિરોધ કર્યો, તેણે લોકશાહીની શક્તિ સમજાવી. તેમણે કહ્યું કે દરેક સંકટ તેમના ધૈર્યની કસોટી રહ્યું, જ્યારે દરેક સફળતાએ તેમને મોટા લક્ષ્યો તરફ આગળ વધવાની ક્ષમતા આપી.

પીએમ મોદીએ આગળ કહ્યું કે, ચંદ્રયાન મિશને તેમને નિષ્ફળતામાંથી ઊભા થતા શીખવ્યું.

કોરોનાએ સામૂહિક ચેતનાનો પાઠ ભણાવ્યો. મીડિયાએ તેમને ખાટા-મીઠા અનુભવોથી આગળ વધવાની પ્રેરણા આપી. તેમણે કહ્યું કે દરેક ગામે અને દરેક ગરીબે તેમને શીખવ્યું કે સાધન-સામગ્રી ભલે મર્યાદિત હોય, પરંતુ સપનાં મોટાં હોવાં જોઈએ અને મનોબળ મજબૂત હોવું જોઈએ.

પીએમ મોદીએ કહ્યું કે, વેદથી લઈને વિવેકાનંદ સુધી જે રાષ્ટ્રએ મહાન વિચારોનું અનુષ્ઠાન કર્યું છે, જે રાષ્ટ્રનો અનુભવ હજારો વર્ષોનો છે અને જેણે માનવને માનવતાનો ભરોસો અપાવ્યો છે, ત્યાં તેમને ક્યારેય એવું નથી લાગ્યું કે તેઓ એકલા છે.

## હવે હોમ-કાર લોન વધુ મોંઘી થશે




**તહેવારો પહેલાં RBI નો ઝટકો, રેપો રેટમાં ૦.૨૫% નો વધારો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૭ : રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની ત્રણ દિવસીય MPC બેઠકના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. ગવર્નર સંજય મલ્હોત્રાએ આ બેઠકમાં લેવાયેલા નિર્ણયોની જાહેરાત કરી હતી. જેનાથી લોન લેનારાઓને મોટો ફટકો પડ્યો છે. વાસ્તવમાં આરબીઆઈએ રેપો રેટમાં વધારો કરી દીધો છે અને તેમાં ૨૫ bps વધારીને ૫.૫૦ ટકા કર્યો છે. અગાઉ તે લગભગ ૩.૫ વર્ષ સુધી ૫.૨૫ ટકા પર સ્થિર હતો. કેન્દ્રીય બેંકના આ નિર્ણયથી ઘર અને કાર લોન લેનારાઓ પર EMIનો બોજ વધી શકે છે.

RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ પશ્ચિમ એશિયા સંઘર્ષ અને ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર વધારાનો ઉલ્લેખ કરીને પોતાના ભાષણની શરૂઆત કરી હતી. આ દરમિયાન તેમણે ઊર્જા અને ખાદ્ય ચીજવસ્તુઓના વધતા ભાવ સહિત વૈશ્વિક ફુગાવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે રેપો રેટ અંગે MPCના નિર્ણયની પણ જાહેરાત કરી હતી, જેમાં જણાવ્યું હતું કે રેપો રેટમાં વધારો કરવાનો નિર્ણય ત્રણ દિવસની બેઠક દરમિયાન ચર્ચા-વિચારણા પછી લેવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે વૈશ્વિક ફુગાવા અને શેરબજારમાં અનિશ્ચિતતાનું જોખમ યથાવત છે.

RBI એ રેપો રેટમાં વધારો કરવાની જાહેરાત કરી હતી. જેમાં રેપો રેટ ૫.૫૦% સુધી વધારવામાં આવ્યો જ્યારે SDF દર ૦.૨૫% વધારીને ૫.૨૫% કરવામાં આવ્યો અને MSF દર પણ એ જ રીતે ૫.૭૫% સુધી વધારવામાં આવ્યો હતો. ૨૦૨૬માં રિઝર્વ બેંકની આ ચોથી MPC બેઠક હતી. એપ્રિલ, જૂન અને ઓગસ્ટમાં યોજાયેલી અગાઉની બેઠકોમાં રેપો રેટ ૫.૨૫% પર યથાવત રાખવામાં આવ્યો હતો. નિષ્ણાતોએ પહેલાથી જ ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને ફુગાવાને ટાંકીને રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો વધારો થવાની ધારણા રાખી હતી. હવે કેન્દ્રીય બેન્કે આ વાતની પુષ્ટી કરી છે.

રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટના વધારા સાથે આરબીઆઈએ પણ તેના નાણાકીય નીતિ વલણમાં ફેરફાર કર્યો છે, તેને અગાઉના તટસ્થ વલણથી કેલિબ્રેટેડ ટાઈટનિંગમાં બદલ્યું છે. આનો અર્થ એ છે કે કેન્દ્રીય બેંકનું એકંદર ધ્યાન ફુગાવાને નિયંત્રિત કરવા પર છે. આનો અર્થ એ છે કે ટૂંકા ગાળાના રેપો રેટમાં ઘટાડો થવાની શક્યતા ઓછી છે.

## તાતોપાની સરહદી નાકું ફરી ખોલવા માટે નેપાળની ચીન સાથે ચર્ચા



(જી.એન.એસ) તા. ૭
કાઠમાંડુ,એક મંત્રીએ જણાવ્યું છે કે, તાજેતરના પૂર અને ભૂસ્ખલનને કારણે બંધ પડેલા તાતોપાની સરહદી માર્ગ પર પરિવહન સેવાઓ ફરી શરૂ કરવા માટે નેપાળ ચીન સાથે વાતચીત કરી રહ્યું છે.

મૂળભૂત માળખાગત સુવિધા વિકાસ મંત્રી સુનીલ લમસાલે મંગળવારે સંસદીય સમિતિને જણાવ્યું હતું કે, નેપાળને તિબેટ સાથે જોડતા તાતોપાની વેપાર માર્ગને ફરીથી ખોલવા માટે ચીની અધિકારીઓ સાથે ચર્ચા ચાલી રહી છે.

તેમણે કહ્યું કે સરકાર ચીન સરહદ પર આવેલા તાતોપાની અને રસુવાગઢી એમ બંને પરિવહન માર્ગો પર કામગીરી ફરી શરૂ કરવા માટે સતત પ્રયાસો કરી રહી છે.તાતોપાની સરહદી માર્ગ કાઠમંડુથી લગભગ ૧૧૦ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં આવેલો છે અને તે નેપાળ તથા ચીન વચ્ચેનો એક મહત્વપૂર્ણ વેપાર માર્ગ છે; જ્યારે રસુવાગઢી, જે અન્ય એક મુખ્ય વેપાર અને પરિવહન માર્ગ છે, તે કાઠમંડુની ઉત્તરે રસુવા જિલ્લામાં આવેલો છે.૨૬ ઓગસ્ટના રોજ ઊંચાઈ પર આવેલા હિમનદ (ગ્લેશિયર)ના મોટા પાયે પતન અને ખડક-બરફના હિમસ્ખલનને કારણે રસુવાગઢી સરહદી માર્ગને ભારે નુકસાન થયું હતું. આ ઘટનાને પગલે લેન્ડે, ભોટેકોશી અને ત્રિશુળી નદીઓમાં કાટમાળ સાથેનું પૂર ખૂબ ઝડપથી આવ્યું હતું, જેમાં ઓછામાં ઓછા ૧,૪૫૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા.ચોમાસાની ગંભીર અસરો, અચાનક આવેલા પૂર અને સરહદ તથા તેને જોડતા ધોરીમાર્ગો પર ભૂસ્ખલનના સતત જોખમને કારણે ૨૬ ઓગસ્ટથી ચીની સત્તાવાળાઓ દ્વારા તાતોપાની સરહદી માર્ગ પરની કામગીરી સ્થગિત રાખવામાં આવી છે.લમસાલે મંગળવારે જણાવ્યું હતું કે હાલમાં તાતોપાની સરહદી માર્ગના નેપાળ તરફના ભાગમાં કોઈ સમસ્યા નથી અને નેપાળ તરફનો રસ્તો ફરીથી ખોલી દેવામાં આવ્યો છે.જોકે, હિમાલયમાં આબોહવા પરિવર્તનની અસર, આબોહવા ન્યાય અને ભોટેકોશી-ત્રિશુળી આપત્તિ અંગેની સંસદીય વિશેષ સમિતિને લમસાલે કહ્યું કે, ચીની પક્ષ હજુ તાતોપાની ખાતે કામગીરી ફરી શરૂ કરવા માટે તૈયાર જણાતો નથી.

## દિલ્હી સહિત ઉ. ભારતમાં ૪.૯નો ભૂકંપ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૭
દેશની રાજધાની દિલ્હી અને આજુબાજુના વિસ્તારોમાં મોડી રાતે ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તિવ્રતા ૪.૯ માપવામાં આવી હતી. જોકે, ભૂંકપના કારણે જાનહાની કે નુકસાનના કોઈ અહેવાલ નથી. આ સિવાય જમ્મુ-કાશ્મીરના શ્રીનગર અને પુલવામામાં સ્થાનિક લોકોને સાંજે ૬.૪૪ કલાકે ૩.૨ની તિવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો.દિલ્હી-એનસીઆર અને આજુબાજુના વિસ્તારોમાં મોડી રાતે ૧૦.૨૩ કલાકે ભૂકંપનો આંચકો આવ્યો હતો, જેની અસર હરિયાણા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડમાં અનુભવાઈ હતી.

રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર મુજબ રિક્ટર સ્કેલ પર તેની તિવ્રતા ૪.૯ નોંધાઈ હતી અને તેનું કેન્દ્રબિંદુ ઉત્તરાખંડના ચમોલીમાં જમીનથી ૧૩ કિ.મી. નીચે હતું. ભૂકંપનો આંચકો અનુભવાતા ઊંચી ઈમારતોમાં રહેતા લોકો ગભરાઈને નીચે દોડી આવ્યા હતા. તેમણે તેમના અનુભવો સોશિયલ મીડિયા પર શેર કરવાનું શરૂ કરી દીધું હતું.

આ પહેલા જમ્મુ-કાશ્મીરના શ્રીનગર અને પુલવામામાં સાંજે ૬.૪૪ કલાકે ૩.૨ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

તેનું કેન્દ્ર શ્રીનગરથી દક્ષિણ પૂર્વ તરફ ૨૮ કિ.મી. દૂર અને પાંચ કિ.મી. નીચે હતું. જોકે, ભૂકંપથી નુકસાનના કોઈ અહેવાલ નથી.

## રશિયા-યુક્રેન યુદ્ધમાં ફરી ડ્રોન વોર

(સંપૂર્ણ સમાચાર સેવા)
કીવ, તા.૭
રશિયા પર યુક્રેનનો ૯૦૦ ડ્રોનથી મોટો હુમલો! મોસ્કોના ફ્યુઅલ ડેપોમાં આગ, ઝેપોરિઝ્ઝિયામાં રશિયાનો જવાબી હુમલો. મોસ્કોઃ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ફરી એકવાર ડ્રોન હુમલાઓને કારણે તણાવ વધ્યો છે. યુક્રેને રશિયાના વિવિધ વિસ્તારોને નિશાન બનાવી આશરે ૯૦૦ ડ્રોન છોડ્યા હોવાનો રશિયન દાવો છે. બીજી તરફ, યુક્રેનના દાવા અને સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર કેટલાક ડ્રોન મોસ્કો વિસ્તારમાં આવેલા મહત્વના ઈંધણ માળખા સુધી પહોંચ્યા હતા. મોસ્કોઃ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ફરી એકવાર ડ્રોન હુમલાઓને કારણે તણાવ વધ્યો છે. યુક્રેને રશિયાના વિવિધ વિસ્તારોને નિશાન બનાવી આશરે ૯૦૦ ડ્રોન છોડ્યા હોવાનો રશિયન દાવો છે. બીજી તરફ, યુક્રેનના દાવા અને સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર કેટલાક ડ્રોન મોસ્કો વિસ્તારમાં આવેલા મહત્વના ઈંધણ માળખા સુધી પહોંચ્યા હતા. મોસ્કો નજીકના એક ફ્યુઅલ ડેપોમાં હુમલા બાદ આગ લાગી હોવાના અહેવાલ છે. સાથે જ રશિયાએ પણ યુક્રેનના ઝેપોરિઝ્ઝિયા સહિતના વિસ્તારોમાં જવાબી હુમલા કર્યા હોવાનું સામે આવ્યું છે.રશિયન અધિકારીઓના જણાવ્યા અનુસાર યુક્રેન દ્વારા છોડવામાં આવેલા મોટા ભાગના ડ્રોનને રશિયન એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા હવામાં જ નષ્ટ કરવામાં આવ્યા હતા. મોસ્કોના મેયર સેરગેઇ સોબ્યાનીને દાવો કર્યો કે સોમવારથી મંગળવાર દરમિયાન મોસ્કો પ્રાંતને નિશાન બનાવી આશરે ૬૫૦ ડ્રોન છોડવામાં આવ્યા હતા. રશિયન અધિકારીઓના જણાવ્યા અનુસાર મોટા ભાગના ડ્રોનને અટકાવી દેવામાં આવ્યા હતા, જોકે કેટલાક હુમલાઓને કારણે સ્થાનિક સ્તરે નુકસાન થયું હોવાના અહેવાલો છે.

## ભાષણો પૂરા થયા, પણ કામ કાયમ રહે : મોહન ભાગવત



(સંપૂર્ણ સમાચાર સેવા) બાલાઘાટ, તા.૭ : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે મધ્યપ્રદેશના બાલાઘાટની મુલાકાત લીધી હતી. અહીં જિલ્લાના લાંજી વિસ્તારના કરંજા ગામમાં નવનિર્મિત સ્મૃતિ ભવન અને માધવ નેત્રાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં RSSના અધિકારીઓ, કાર્યકરો સહિત મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સંબોધતા મોહન ભાગવતે કાર્ય અને સેવાભાવના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે જ્યાં પ્રત્યક્ષ રીતે કાર્ય થઈ રહ્યું હોય ત્યાં વધારે બોલવાની જરૂર રહેતી નથી. તેમના જણાવ્યા મુજબ, ભાષણો સમય સાથે સમાપ્ત થઈ જાય છે અને લોકો તેને ભૂલી પણ જાય છે, પરંતુ કરવામાં આવેલું કાર્ય લાંબા સમય સુધી યાદ રહે છે.

મોહન ભાગવતે કહ્યું કે, ''ભાષણો જરૂરી નથી, કાર્ય જ મહત્વપૂર્ણ છે.'' તેમણે સમજાવ્યું કે કોઈ વ્યક્તિના જીવન અને તેના કાર્યો જ તેની સાચી ઓળખ બનાવે છે. તેમણે કહ્યું કે દરેક વ્યક્તિ સ્વર્ગસ્થ બાળાસાહેબ દેવરસ અને ભૌરાવ દેવરસ વિશે વિસ્તૃત જાણકારી ધરાવતો ન હોય, પરંતુ તેમનું જીવન અને દેશવાસીઓની સેવા માટેનું સમર્પણ તેમને લોકોની સ્મૃતિમાં જીવંત રાખે છે.

કરંજા ખાતેના સંબોધનમાં મોહન ભાગવતે RSSના ત્રીજા સરસંઘચાલક બાળાસાહેબ દેવરસ અને ભૌરાવ દેવરસના જીવન અને કાર્યને યાદ કર્યા હતા

. તેમણે જણાવ્યું હતું કે ઊંચા હોદ્દા પર હોવા છતાં દેવરસ ભાઈઓએ સામાન્ય જીવનશૈલી અને સાદગી જાળવી રાખી હતી. તેમણે સમગ્ર જીવન રાષ્ટ્ર અને સમાજની સેવા માટે સમર્પિત કર્યું હતું.

મોહન ભાગવતે જણાવ્યું હતું કે દેવરસ ભાઈઓના જીવનમાં રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા અને સેવા ભાવના સ્પષ્ટપણે જોવા મળતી હતી. તેમણે ''તમારી કીર્તિ સદાકાળ જીવંત રહે, માતા, ભલે આપણે જીવીએ કે મરીએ''ની ભાવનાને તેમના જીવન સાથે જોડીને વાત કરી હતી.

તેમણે કહ્યું કે આ જ સેવાભાવ અને સંસ્કારને ધ્યાનમાં રાખીને કરંજા ખાતે આંખની હોસ્પિટલ અને સેવા ન્યાસની સ્મારક ઈમારતનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ બંને પ્રકલ્પોને સમાજસેવાની ભાવનાના ઉદાહરણ તરીકે રજૂ કરવામાં આવ્યા હતા. મોહન ભાગવતે પોતાના સંબોધન દરમિયાન કેપ્ટન સ્મિત માછરનો પણ ઉલ્લેખ કર્યો હતો.

તેમણે સ્મિત માછરના સાહસ અને માનવતા માટે પ્રશંસા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે મુશ્કેલ પરિસ્થિતિમાં છરીના ઘા સહન કર્યા બાદ પણ સ્મિત માછરે પોતાના જીવની પરવા કર્યા વિના અન્ય લોકોને બચાવવાનો પ્રયાસ કર્યો હતો.

## ગુજરાતી નવલકથાકાર ઈલા આરબ મહેતાનું અવસાન



(દમણગંગા ટાઈમ્સ)
વાપી, તા. ૦૭ : ગુજરાતી સાહિત્ય જગતને એક મોટી ખોટ પડી છે. જાણીતા નવલકથાકાર ઈલા આરબ મહેતાનું મુંબઈમાં અવસાન થયું છે. ગુજરાતી સાહિત્યના નારી રત્ને ચીરવિદાય લીધી છે. જાણીતા નવલકથાકાર ઈલા આરબ મહેતાનું અવસાન થતાં સાહિત્ય જગતમાં શોક છવાયો હતો. તેઓ જાણીતા સાહિત્યકાર ગુણવંતરાય આચાર્યના પુત્રી અને લેખિકા વર્ષા અડાલજાનાં મોટાં બહેન હતા.

તેમણે મુંબઈમાં અંતિમ શ્વાસ લીધા હતા. દિવંગત ઈલા આરબ મહેતાના અંતિમ સંસ્કાર ૭ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ બપોરે ૧૨.૩૦ વાગ્યે સાંતાક્રુઝ હિન્દુ શ્મશાનગૃહ ખાતે કરવામાં આવશે. તેઓ પુત્ર, પુત્રી સહિતના પરિવારના બીજા સભ્યોને પાછળ છોડતા ગયા છે.

પરિવારમાં પુત્ર ડૉ. સલિલ, પુત્રી સોનાલી તથા પૌત્ર-પૌત્રીઓનો સમાવેશ થાય છે. તેમના અવસાનથી સાહિત્ય જગતને એક ઊંડી ખોટ પડી છે. તેઓ તેમની પાછળ પરિવાર સહિત સાહિત્યનો જગતનો સમૃદ્ધ વારસો છોડતા ગયા છે.

ઈલા આરબ મહેતાનો જન્મ ૨૩ જૂન ૧૯૩૮ના રોજ મુંબઈમાં થયો હતો. તેઓ મૂળ જામનગરના હતાં. ઈલા આરબ મહેતાએ રૂઈયા કૉલેજમાંથી બી.એ. અને ગુજરાતી તથા સંસ્કૃત વિષયો સાથે એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો હતો તથા મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અધ્યાપક તરીકેની સેવા આપી હતી. તેમને પિતા ગુણવંતરાય આચાર્ય પાસેથી સાહિત્યનો વારસો મળ્યો હતો.

જાણીતી કૃતિઓમાં 'ત્રિકોણની ત્રણ રેખાઓ', 'રાધા', 'થીજેલો આકાર', 'એક હતા દીવાનબહાદુર', 'બત્રીસ લક્ષોર્ી', 'બત્રીસ પૂતળીની વેદના', 'પાંચ પગલાં પૃથ્વી પર', 'પરપોટાની પાંખ', વારસદાર આવતી કાલનો સૂરજ, મૃત્યુ, દરિયાનો માણસ, વસંત છલકે, નાગ પરીક્ષા, ધ ન્યૂ લાઈફ, ઝીલી મેં કુંપળ હથેળીમાં અને વાર્તાસંગ્રહ 'એક સિગારેટ, એક ધૂપસળી' સહિતની બીજી કૃતિઓ સામેલ છે.

Thursday 08, October 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## નાનાપોંઢા કોંગ્રેસ સંગઠનની પુન : રચનાની માંગ : કાર્યકર્તાઓનું આવેદનપત્ર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા. ૦૭ :** નાનાપોંઢા તાલુકા કોંગ્રેસ સંગઠનની પુન:રચના કરી સક્રિય અને સ્વીકાર્ય નવા તાલુકા પ્રમુખની નિમણૂંક કરવા જિલ્લા કોંગ્રેસ પ્રમુખને ૧૫૦થી વધુ કાર્યકર્તાઓની સહીવાળું સામૂહિક આવેદનપત્ર રજૂ કરવામાં આવ્યું છે.

આવેદનમાં જણાવાયું છે કે નાનાપોંઢા તાલુકો કપરાડાથી અલગ થયાને આશરે એક વર્ષ વીતી ગયું હોવા છતાં કોંગ્રેસનું સંપૂર્ણ અને મજબૂત સંગઠન ઊભું થયું નથી. વર્ષ ૨૦૧૯થી કપરાડા તાલુકા કોંગ્રેસ પ્રમુખ તરીકે કાર્યરત રહેલા હરેશભાઈ, નાનાપોંઢા તાલુકો અલગ થયા બાદ પણ પ્રમુખ તરીકે કાર્યરત હોવાની સ્થિતિ અંગે કાર્યકર્તાઓએ પ્રશ્નો ઉઠાવી નવા પ્રમુખની માંગ કરી છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં તાલુકા પંચાયતની ૨૦માંથી માત્ર ૨ બેઠકો કોંગ્રેસને મળી હતી, જયારે જિલ્લા પંચાયતની એક પણ બેઠક જીતી શકાઈ નહોતી. ૨૦માંથી ૧૮ બેઠકો પર જ ઉમેદવારો ઉભા રાખવામાં આવ્યા હોવાનો ઉલ્લેખ કરી સંગઠનની કામગીરીની સમીક્ષા કરવાની માંગ કરવામાં આવી છે.

ગત ૩ ઓક્ટોબરે યોજાયેલી સંગઠન રચનાની બેઠકમાં હોદ્દેદારોની પસંદગી અંગે પૂરતી ચર્ચા ન થઈ હોવા, તમામ વિસ્તારો તથા સમાજોને યોગ્ય પ્રતિનિધિત્વ ન મળ્યું હોવા અને કેટલાક કાર્યકર્તાઓને પોતાની નિમણૂક અંગે અગાઉથી જાણ ન હોવા અંગે પણ રજૂઆત કરાઈ છે. કાર્યકર્તાઓએ નાનાપોંઢા તાલુકા કોંગ્રેસની સંપૂર્ણ પુન:રચના સાથે મહિલા સમિતિ, લઘુમતી મોરચો, લીગલ સેલ અને સેવા દળની રચના વહેલી તકે કરવાની માંગ કરી છે. તેમજ જિલ્લા અને પ્રદેશ કોંગ્રેસના જવાબદાર આગેવાનો કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી તેમની રજૂઆતો સાંભળે અને પારદર્શક રીતે યોગ્ય નિર્ણય લે તેવી માંગ કરવામાં આવી છે.

## ડાંગમાં વન વિભાગનાં કર્મીઓ દ્વારા કાળી રિબન બાંધી વિરોધ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૦૭ :** ગુજરાત રાજ્ય વનરક્ષક કર્મચારી મંડળ દ્વારા વિવિધ પડતર પ્રશ્નોના ઉકેલ માટે શરૂ કરવામાં આવેલું આંદોલન હવે બીજા તબક્કામાં પ્રવેશ્યું છે. આ આંદોલનના ભાગરૂપે ડાંગ જિલ્લામાં વન વિભાગના કર્મચારીઓએ પોતાની ફરજ યથાવત્ રાખીને ખાખી વર્દી પર કાળી રિબન બાંધીને શાંતિપૂર્ણ રીતે વિરોધ દર્શાવ્યો હતો. દક્ષિણ ડાંગ વિભાગની સામગહાન રેન્જ ફોરેસ્ટ ઓફિસ, પીપલદહાડ રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસ તેમજ સરકારી સોમિલ વઘઇ ખાતે ફરજ બજાવતા વનરક્ષકો અને વનપાલોએ કાળી પટ્ટી ધારણ કરીને ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન આગળ ધપાવ્યું હતુ.વનકર્મીઓએ સ્પષ્ટ કર્યું હતું કે જંગલ, વન્યજીવ અને પર્યાવરણના સંરક્ષણની જવાબદારી નિભાવતા કર્મચારીઓ પોતાની નિષ્ઠા અડગ રાખીને ફરજ બજાવી રહ્યા છે,પરંતુ તેમની લાંબા સમયથી પડતર માંગણીઓ પ્રત્યે સરકાર અને જવાબદાર તંત્રનું ધ્યાન દોરવા આ પગલું ભરવામાં આવ્યું છે. આ પ્રસંગે ડાંગ જિલ્લા વનરક્ષક કર્મચારી મંડળના પ્રમુખ હકમભાઈ રબારીએ જણાવ્યું હતું કે, ખાખી વર્દી પર કાળી પટ્ટી બાંધતાં અમારો જીવ અચકાય છે, કારણ કે ખાખી અમારું ગૌરવ અને ઓળખ છે. આ કાળી પટ્ટી કોઈ વ્યક્તિ કે સરકાર સામેનો વિરોધ નથી, પરંતુ અમારું ધ્યાન દોરવાનો પ્રયાસ અને અમારી વેદનાનું પ્રતીક છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અમારી ફરજ પ્રત્યેની નિષ્ઠા અડગ છે, પરંતુ અમારા હક્કો અને પ્રશ્નોનું નિરાકરણ પણ એટલું જ જરૂરી છે. કાળી પટ્ટી એ ખાખીધારી કર્મચારીના દિલની વેદનાનો અવાજ છે. રાજ્યભરના વનરક્ષક અને વનપાલ કર્મચારીઓ દ્વારા હાથ ધરાયેલા આ આંદોલનના બીજા તબક્કા અંતર્ગત ડાંગ સહિત સમગ્ર રાજ્યના વનકર્મીઓએ કાળી રિબન સાથે પોતાની ફરજ બજાવી હતી. કર્મચારીઓએ આશા વ્યક્ત કરી છે કે સરકાર અને સંબંધિત વિભાગીય તંત્ર દ્વારા તેમની વર્ષો જૂની અને વાજબી માંગણીઓ અંગે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવામાં આવશે અને વહેલી તકે યોગ્ય તથા હકારાત્મક નિર્ણય લેવામાં આવશે.

## સેલ્યુટ તિરંગાની ટીમ દ્વારા દિલીપભાઈ સંઘાણી ICA ગ્લોબલ બોર્ડના ડિરેક્ટર બનતા અભિનંદન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** સેલ્યુટ તિરંગા ની ટીમ દ્વારા ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સના ગ્લોબલ બોર્ડના ડિરેક્ટર તરીકે દિલીપભાઈ સંઘાણીની નિમણૂક થતાં તેમને વિવિધ ક્ષેત્રોમાંથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. આ પ્રસંગે ગાંધીનગર ખાતે સેલ્યુટ તિરંગાના રાષ્ટ્રીય મહામંત્રી અને વાપી તથા વલસાડ જિલ્લાના સામાજિક કાર્યકર્તા ઉત્તમભાઈ પટેલ ચલાવાલા, રાષ્ટ્રીય મંત્રી ઉમેશભાઈ પટેલ અને સુરત જિલ્લા પ્રમુખ અમિતભાઈ આચાર્ય દ્વારા દિલીપભાઈ સંઘાણીનું પુષ્પગુચ્છ અર્પણ કરી હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે સેલ્યુટ તિરંગા દ્વારા પ્રકાશિત બુક ભેટ આપી તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ દિલીપભાઈ સંઘાણીને ICAના ગ્લોબલ બોર્ડના ડિરેક્ટર તરીકેની નવી જવાબદારી માટે અભિનંદન પાઠવી તેમના આગામી કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

**પાસપોર્ટ ખોવાયેલ છે.**

હું બંસલ સાધના રાજકુમાર, રહેવાસીઃ ઈ-2, 304, પ્રમુખ સંગત, સામરવરણી, સેલવાસ-396230 ના પાસપોર્ટ નં. E4385688 જે મારા નામે ધરાવું છું. જે પાસપોર્ટ ખોવાયેલ છે. તો જે કોઈને મળે તો તે નીચે જણાવેલ નંબર પર ફોન કરવાની મહેરબાની કરશોજી.

**મો.નં. 9998007252**

**પાસપોર્ટ ખોવાયેલ છે.**

હું બંસલ અપૂર્વા રાજકુમાર, રહેવાસીઃ ઈ-2, 304, પ્રમુખ સંગત, સામરવરણી, સેલવાસ-396230 ના પાસપોર્ટ નં. E3682006 જે મારા નામે ધરાવું છું. જે પાસપોર્ટ ખોવાયેલ છે. તો જે કોઈને મળે તો તે નીચે જણાવેલ નંબર પર ફોન કરવાની મહેરબાની કરશોજી.

**મો.નં. 9998007252**






## વલસાડ જિલ્લામાં આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ ખુલ્લુ મુકાયું

**વલસાડ, તા. ૦૭ :** વલસાડ જિલ્લાના ખેડૂતોને ખેતીવાડી ખાતાની AGR-3 (અનુસૂચિત જનજાતિ) અને AGR-4 (અનુસૂચિત જાતિ) યોજના હેઠળ નિદર્શન ઘટકમાં રવિ સિઝન માટે ઓનલાઈન અરજીઓ મેળવવા I-khedut પોર્ટલ ૨.૦ તા. ૧૫/૧૦/૨૦૨૬ સુધી ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવા માટે ખુલ્લુ મૂકવામાં આવ્યું છે. જે ધ્યાને લઈ જિલ્લાના ખેડૂતોએ આ યોજનામાં લાભ મેળવવા માંગતા હોય તો ઓનલાઈન અરજી કરી, અરજીની નકલ જરૂરી સાધનિક કાગળો સહ સબંધિત કચેરી ખાતે રજુ કરવાની રહેશે. જે મુજબ ખેડૂતોને લાભ લેવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## અતુલની ૧૦૮ ટીમે અકસ્માતગ્રસ્ત યુવકનો ફોન-રોકડ પરત કર્યા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૭ :** વલસાડ જિલ્લા ના નેશનલ હાઈવે નંબર ૪૮ પર મુકુંદ બ્રિજ નજીક સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત બનેલા બાઈક ચાલકની કિંમતી ચીજવસ્તુઓ સુરક્ષિત રીતે પોલીસને સોંપી 'ઈમરી ગ્રીન હેલ્થ સર્વિસીસ'ની અતુલ ૧૦૮ ટીમે ફરી એકવાર માનવતા અને પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

બપોરે ૧:૦૨ વાગ્યાના સુમારે અતુલ ૧૦૮ કંટ્રોલ રૂમને મુકુંદ બ્રિજ પાસે અકસ્માત સર્જાયો હોવાનો કોલ મળ્યો હતો. ઘટનાની ગંભીરતા સમજી ૧૦૮ ટીમના ઈએમટી (EMT) માનસી પટેલ તથા પાયલોટ પ્રિયાંક પટેલ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા.

સ્થળ પર પહોંચી તપાસ કરતાં ૩૫ વર્ષીય બાઈક ચાલક અમિતભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હોવાનું માલૂમ પડ્યું હતું. ટીમે સમયસૂચકતા વાપરી દર્દીને એમ્બ્યુલન્સમાં તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે નજીકની વલસાડ ની સિવિલ હોસ્પિટલ માં ખસેડ્યા હતા. હોસ્પિટલ લઈ જતી વેળાએ ગંભીર રીતે ઈજાગ્રસ્ત અમિતભાઈ પાસેથી અંદાજે ૨૫,૦૦૦ની કિંમતનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન તથા ૧,૫૨૦ રોકડા મળી આવ્યા હતા. કોઈપણ પ્રકારની લાલચ રાખ્યા વિના અતુલ ૧૦૮ ટીમે આ તમામ રોકડ રકમ તેમજ કિંમતી મોબાઈલ ફોન સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હાજર પોલીસ સ્ટાફને સુરક્ષિત રીતે સોંપી દીધા હતા.

## ધરમપુર એસટી ડેપો દ્વારા સફાઈ અભિયાન અને રેલી કાઢી

**વલસાડ, તા. ૦૭ :** ધરમપુર એસ ટી ડેપોમાં એનએસએસના વિદ્યાર્થીઓ, ડેપોના કર્મચારીઓ, નગરપાલિકાના કર્મચારીઓ અને મેડિકલ ઓફિસર દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ધરમપુર વિસ્તારમાં સાફ-સફાઈ તથા રેલી કાઢી લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સાથે જ સૌ સ્વચ્છતા જાળવે તે માટે શપથ પણ લેવડાવવામાં આવ્યા હતાં.



**રાજ્ય એઈડ્સ નિયંત્રણ સોસાયટી**
**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**
**રૂચિ અભિવ્યક્તિ (EOI) માટે આમંત્રણ**
**દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ રાજ્ય એઈડ્સ નિયંત્રણ સોસાયટી હેઠળના પેરિફેરલ એકમો (Peripheral Units)ના વૈધાનિક ઓડિટ (Statutory Audit) માટે**

સ્ટેટ એઇડ્સ કન્ટ્રોલ સોસાયટી (DNHDOSACS) દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ હેઠળના પેરિફિરીયલ એકમો (Peripheral Units)ના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના સ્ટેચ્યુટરી ઓડિટ (Statutory Audit) કરવા માટે CAG પેનલ ધરાવતી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મો પાસેથી (સિંગલ બીડ સિસ્ટમ દ્વારા) રૂચિ અભિવ્યક્તિ (EOI) આમંત્રિત કરવામાં આવે છે.

ટેન્ડર જમા કરવાની અંતીમ તારીખ જાહેરાતની તારીખથ. ૧૫ દિવસની અંદર બપોરે ૦૩:૦ વાગ્યા સુધીની રહેશે. ટેન્ડર https://ddd.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે. વધુ માહિતી માટે ઈમેઈલ કરો : dnhsacs@gmail.com

[ SCAN QR CODE ] Download Tender

**ક્રમાંક : SACS/DNH/AUDIT/2016-17/1035 DATED : 06/10/2026**

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**
**Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.**

e- PTN No. : 36/2026-27/697
Tender ID No. :2026_UTDNH_8283_1
Last date of download : 13/10/2026 at 12:00 hrs.
Last date of online submission : 13/10/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 13/10/2026 till 15:00 hrs.

www.dnhtenders.gov.in
we-elec-anh@ddd.gov.in 026-2406500

Name of work-Supply, Erection, Testing and Commissioning of SCADA system in the existing 220KV new kharadpada switching station, UT of DNH&DD.

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa
NO.: IP/DMN/2/5/2026-27/560 DATED :07/10/2026








**વાપી નહેરુ સ્ટ્રીટ રોડ પહોળો કરવા દબાણ હટાવવાનું શરૂ**

વાપી ટાઉનમાં સરદાર ચોકથી ઝંડા ચોક સુધી નવો રોડ બની ગયાના ખાસ્સા સમય બાદ બાકીના અધૂરા રહેલાં સરદાર ચોકથી જૈન દેરાસર સુધીના નહેરુષ્ટ્રિત રોડ ખોદીને નવો બનાવવા પહેલા રોડની એક તરફ ગટર બનાવવાની હોવાથી રોડ માર્જિનમાં આવતા દુકાનો, મકાનોના દબાણો દૂર કરવાનું આજે મનપા તંત્ર દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.

## સાપુતારા પોલીસે છેતરપિંડીના ગુનામાં રૂા.૧૦ લાખ પરત મેળવી આપ્યા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૦૭ :** ડાંગ જિલ્લાના સાપુતારા પોલીસ સ્ટેશન ખાતે વંડરલેન્ડ ટુર્સ એન્ડ વેકેશન પ્રા. લિ. કંપનીના માલિક અને કર્મચારીઓ વિરુદ્ધ ગ્રાહકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરવા બદલ ગુનો નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, આરોપી નિલેશભાઈ રામદાસભાઈ આહીરેએ વર્ષ ૨૦૨૪થી વંડરલેન્ડ ટુર્સ એન્ડ વેકેશન પ્રા.લિ. નામની કંપની શરૂ કરી હતી. આ કંપની દ્વારા ગ્રાહકોને ભારત તથા એશિયામાં આવતી ફાઈવ સ્ટાર હોટલોમાં ૫ થી ૧૦ વર્ષ માટે અલગ-અલગ મેમ્બરશિપ લેવા માટેનું પ્રેઝન્ટેશન બતાવવામાં આવતું હતું. ગ્રાહકોને દુબઈ, બાલી, કાશ્મીર સહિતના ડોમેસ્ટિક અને એશિયન ડેસ્ટિનેશન પર હોલિડે બુકિંગ કરાવવાની લોભામણી લાલચ આપી કુલ ૫૦ જેટલા ગ્રાહકો પાસેથી આશરે રૂા. ૨૨,૦૨,૭૫૦/-ની રકમ મેળવી લેવામાં આવી હતી. પરંતુ, કંપની દ્વારા મેમ્બરશિપમાં જણાવ્યા મુજબની સુવિધાઓ ન પૂરી પાડીને કે રકમ રિફંડ ન કરીને છેતરપિંડી કરવામાં આવી હતી. આ અંગે મૂળ વડોદરાના પ્રતીકભાઈ ગીરીશભાઈ ચૌહાણે કંપનીના માલિક નિલેશભાઈ રામદાસભાઈ આહીરે, કર્મચારી મિતભાઈ સુરેશભાઈ શાહ, પૂજા શર્મા (રહે. નાશિક) તથા જયદીપ ચંદ્રહાસ શેટ્ટી (રહે. મુંબઈ) વિરુદ્ધ સાપુતારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે સાપુતારા પોલીસે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૩૧૮(૪) અને ૫૪ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સાપુતારા પોલીસ મથકનાં પીઆઈ જે.કે. બારીયાની ટીમે કડક કાર્યવાહી કરતા આરોપીઓ પાસેથી કુલ ૧૯ જેટલા ગ્રાહકોને રૂ. ૧૦,૦૪,૯૯૮/- જેટલી રિફંડ રકમ પરત અપાવવામાં આવી છે. જેમાં મુખ્ય ફરિયાદી પ્રતીકભાઈ ચૌહાણ (રૂા. ૭૫,૦૦૦), રાકેશકુમાર પટેલ (રૂા. ૫૫,૦૦૦), મહેશકુમાર પટેલ (રૂા. ૭૩,૦૦૦), મનીષ જીરોલે (રૂા. ૧,૬૬,૦૦૦) તથા અન્ય ગ્રાહકોને તેમની રિફંડ રકમ પરત મળી છે. ડાંગ પોલીસ દ્વારા જણાવાયું છે કે, જો આ કંપની તરફથી અન્ય કોઈ પણ ગ્રાહક સાથે આવી રીતે છેતરપિંડી કરવામાં આવી હોય, તો તેઓ સાપુતારા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધી શકે છે.

**એસબીપીપી કો-ઓપરેટીવ બેંક લી.(શિડ્યુલ્ડ બેંક)**
**હેડ ઓફીસ : પારસી સ્ટ્રીટ, કિલ્લા-પારડી - ૩૯૬ ૧૨૫**
**ફોન નંબર : ૦૨૬૦-૨૩૭૩૫૨૮, ૨૩૭૩૨૭૦**

(Established : 1930) PROUDLY CO-OPERATIVE

*** કેલેન્ડરના છાપકામ માટેની જાહેરાત ***

આ બેન્કના વર્ષ -૨૦૨૭ના કેલેન્ડરના છાપકામ માટે ભાવપત્રક મંગાવવામાં આવે છે. આ ભાવપત્રક બેન્કની હેડઓફિસ કિલ્લા-પારડી ખાતે તા.૧૯-૧૦-૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં સીલબંધ કવરમાં મળે એ રીતે મોકલવાના રહેશે. કવર ઉપર ''કેલેન્ડરના છાપકામ માટેનું ભાવપત્રક'' એમ અવશ્ય લખવું.

**વિગત :** પેપર સાઈઝ : ૧૧'' # ૧૮''
**પેપર ક્વોલીટી :** ૭૦ જી.એસ.એમ. મેપલીથો - બેલાપુર મીલ.
**સંખ્યા :** ૪૦૦૦૦ નંગ
**છાપકામ :** પાના ૧૩ (તેર) નંગ પહેલા ૧૨ પાના ઉપર એક સાઈડ તથા છેલ્લા ૧૩માં પાના ઉપર બંને સાઈડ

કોમ્પ્યુટર સેટિંગમાં ઓફસેટ પ્રિન્ટીંગ બે કલરમાં કરવાનું છે. છાપકામ બેન્કના નમૂના મુજબ કરવાનું રહેશે. ટેન્ડર સાથે પેપરનો નમૂનો અવશ્ય મોકલવો. કેલેન્ડરનો નમૂનો બેન્કમાંથી મળી શકશે.

**કિલ્લા-પારડી**
**તા.૦૭-૧૦-૨૦૨૬**

**શ્રી રાજેશભાઈ જી. રાણા**
**કસ્ટોડિયનશ્રી**

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**
**Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.**

e- PTN No. : 33/2026-27/698
Tender ID No. :2026_UTDNH_8285_1
Last date of download : 14/10/2026 at 12:00 hrs.
Last date of online submission : 14/10/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 14/10/2026 till 15:00 hrs.

www.dnhtenders.gov.in
we-elec-anh@ddd.gov.in 026-2406500

Name of work-Empanelment of Vendors under Rate Contract for Design, Engineering, Supply, Installation, Testing and commissioning of Grid Connected Solar Rooftop and Ground-Mounted Solar Power Plants, including comprehensive operation and Maintenance, at Various Locations in the U.T. of DNH & DD.

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa
NO.: IP/DMN/2/5/2026-27/559 DATED :07/10/2026










દમણગંગા ટાઈમ્સ

Thursday 08, October 2026

# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ●મોરાઈ ●કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ

# છીરીથી લઈ સમગ્ર વાપીમાં જાહેર માર્ગો પર ફૂટપાથ જ નથી



છીરીથી વાપી જતો રોડ

## સુપ્રીમ કોર્ટના આદેશની અવગણના થતી હોય મનપા રોડ માર્જિનમાં સેંકડો કાચા-પાકા દબાણા કરાયેલા છે, અનેક ઠેકાણે ફૂટપાથો દબાયેલી છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વાપી મહાનગર પાલિકા બની ગઈ છે, નવી બોડી અસ્તિત્વમાં આવી ગઈ છે અને અધિકારીઓની મોટી ફોજ પણ છે, છતાં શહેરના મુખ્ય માર્ગો ઉપરની બાજુમાં લોકોને ચાલવા માટે ફૂટપાથ નથી. અહીં ફૂટપાથ ઉપર દબાણો દૂર કરવામાં તંત્ર નિષ્ફળ નીવડ્યું હોવાથી લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

ખાસ કરીને છીરીથી ગીતાનગર રેલ્વે સ્ટેશન સુધીના મુખ્ય માર્ગ પર રોડ માર્જિન અને ફૂટપાથને ગળી જઈને સેંકડો કાચા-પાકા દબાણો ઊભા થઈ ગયા છે. જાહેર માર્ગ ઉપર ગેરકાયદે દુકાનો, ગેરેજ, ઘરો, લારી-ગલ્લાઓએ કબજો જમાવી લેતા ફૂટપાથ જ ગાયબ થઈ ગયા છે. માત્ર છીરી-વાપી રોડ જ નહીં, વાપી ટાઉન, વાપીના ગુંજન, ચણોદ, ડુંગરા, ચલા, બલીઠા, સલવાવ સહિતના અનેક વિસ્તારોમાં મુખ્ય માર્ગો પર આવી જ સ્થિતિ છે.

સપ્રીમ કોર્ટનો સ્પષ્ટ આદેશ છે કે રાહદારીઓને ચાલવા માટે ફૂટપાથ અનિવાર્ય છે અને તેના પર કોઈ પણ પ્રકારનું દબાણ ચલાવી શકાય નહીં, છતાં વાપી મનપા દ્વારા આ આદેશની સીધી અવગણના થઈ રહી હોવાનું ચિત્ર છે. ફૂટપાથ ન હોવાથી રાહદારીઓએ જીવના જોખમે મુખ્ય રોડ પર ચાલવું પડે છે, જેના કારણે અકસ્માતનો ભય સતત રહે છે.



વાપી સ્ટેશન, ગીતાનગર રોડ

શહેરીજનોએ માંગ કરી છે કે દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે ટ્રાફિકનું ભારણ વધશે. તે પહેલાં મનપા તંત્ર દ્વારા કડક દબાણ હટાવ અભિયાન શરૂ કરી તમામ માર્ગોને દબાણમુક્ત કરવામાં આવે અને રાહદારીઓને ફૂટપાથનો હક પાછો અપાવવામાં આવે.

# વાપીમાં બિસ્માર રસ્તાઓની હાલત સુધારવા તંત્ર સક્રિય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વાપી પંથકમાં વરસાદની વિદાય બાદ અનેક રસ્તાઓની હાલત બિસ્માર બની હતી અને રસ્તાઓ ઉપર મોટા ખાડા પડવા સાથે ધૂળ, ડમરી તેમજ હાથોડા-કપચી ઉડવાના કારણે વાહનચાલકો, રાહદારીઓ અને સ્થાનિક રહેવાસીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને દિવસ દરમિયાન વાહનોની અવરજવર વધતા રસ્તાઓ પરથી ઉડતી ધૂળને કારણે લોકોને હાલાકી ભોગવવી પડી રહી છે. વાપી ટાઉનના નહેરુ સ્ટ્રીટ જૈન દેરાસર પાસે તેમજ કેટલાક આરોબી ના સર્વિસ રોડ તથા મુખ્ય ચાર રસ્તા અને ત્રણ રસ્તા જેવા જંકશન સ્થળે સાથે સ્થાનિક સ્તરે રસ્તાઓની ખરાબ હાલત અંગેની ફરિયાદો અને લોકોની મુશ્કેલીને ધ્યાને લઈ વાપી મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર સક્રિય બન્યું છે. મહાનગરપાલિકાના મુખ્ય વિસ્તારો ઉપરાંત તાજેતરમાં મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયેલા ૧૧ ગામોના વિવિધ વિસ્તારોમાં પણ રસ્તાઓના સમારકામ અને નવીનીકરણની કામગીરી શરૂ કરવામાં આવી છે.

મહાનગરપાલિકા તંત્ર તેમજ સત્તાધારી પક્ષના જવાબદાર હોદ્દેદારો દ્વારા રસ્તાઓની સ્થિતિનું નિરીક્ષણ કરી જ્યાં વધુ નુકસાન થયું છે ત્યાં તાત્કાલિક કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. બિસ્માર રસ્તાઓને કારણે નગરજનોને વધુ મુશ્કેલી ન પડે અને વાહનવ્યવહાર સરળ બને તે માટે તબક્કાવાર રસ્તાઓના સમારકામ તથા જરૂરી સ્થળોએ નવા રસ્તા બનાવવાની કામગીરી હાથ ધરાઈ હોવાનું જાણવા મળે છે. વરસાદ બાદ રસ્તાઓ ઉપર જમા થયેલી ધૂળ અને કપચીને કારણે ઊભી થતી સમસ્યામાં પણ રાહત મળે તે દિશામાં તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. હવે આ કામગીરી ઝડપથી પૂર્ણ થાય અને વાપી શહેર તેમજ ૧૧ ગામોના તમામ બિસ્માર રસ્તાઓને યોગ્ય રીતે દુરસ્ત કરવામાં આવે તેવી સ્થાનિકોમાં આશા વ્યક્ત થઈ રહી છે

# વાપીમાં પોલીસ કેસનો પંચ લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૭ :** વાપીના ડુંગરા પોલીસ સ્ટેશનના એક કેસમાં પંચ તરીકે રહેલો ઈસમ લાંચ લેતા વલસાડ એન્ટી કરપ્શન બ્યુરોના હાથે રંગેહાથ ઝડપાયો છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ડુંગરા પોલીસ મથકમાં નોંધાયેલા કોઈ કેસમાં પંચમાં રહેલા દીપક નામના ઈસમે આરોપી કે ફરિયાદી પાસે લાંચની માંગણી કરી હતી. સામેવાળી વ્યક્તિ લાંચ આપવા માંગતી ન હોવાથી તેણે વલસાડ એન્ટી કરપ્શન બ્યુરોનો સંપર્ક કર્યો હતો.

ફરિયાદના આધારે ખ્દ્ગના અધિકારીઓએ આજે સાંજે ડુંગરા પોલીસ મથક વિસ્તારમાં છટકું ગોઠવ્યું હતું. જેમાં દીપક નામનો ઈસમ લાંચની રકમ લેતા જ રંગેહાથ ઝડપાઈ ગયો હતો. આ લખાય છે ત્યારે એલસીબે દ્વારા સ્થળ પર કાર્યવાહી ચાલુ છે અને લાંચની રકમ સહિતની વધુ વિગતો હજુ બહાર આવી નથી.



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)** વાપી હાઈવે પર બલીઠા ઓવર બ્રિજના નીચે છેલ્લા કેટલાક દિવસોથી રોડ ખોદીને પેવર બ્લોક લગાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું જેના કારણે બ્રિજ નીચેથી બંને સર્વિસ રોડ પર જવાનો અહીંનો માર્ગ બંધ કરવામાં આવ્યો હતો જેને લઈ વાહન ચાલકોને લાંબો ચકરાવો પડતો હતો જોકે બ્લોકનું કામ પૂરું થતાં આજે આ માર્ગ વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવતા લોકોએ રાહત અનુભવી છે.

# વાપી યુપીએલ બ્રિજ નીચે સર્વિસ રોડની હાલત ચારણી જેવી

## મોટાભાગનો પટ્ટો હજુ પણ અધૂરો અને ખાડાખડિયાવાળો હોવાથી રાહદારીઓ અને વાહનચાલકો હાલાકી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વાપી નેશનલ હાઈવે પર UPL બ્રિજ નીચેનો સર્વિસ રોડ છેક દમણગંગા મુક્તિધામ સુધી અત્યંત બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યો છે. સમગ્ર રોડ ઉખડી ગયો છે અને ઠેર-ઠેર મોટા ખાડા પડી જતા વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.આ માર્ગ મુક્તિધામ તરફ જતો મુખ્ય રસ્તો હોવાથી અંતિમયાત્રા અને રોજિંદા અવરજવર માટે મહત્વનો છે. તંત્ર દ્વારા તાજેતરમાં આ રોડ પર એક પટ્ટામાં પેચવર્ક કરવામાં આવ્યું છે, પરંતુ બાકીનો મોટાભાગનો પટ્ટો હજુ પણ અધૂરો અને ખાડાખડિયાવાળો છે. હાઈવે ઓથોરિટી દ્વારા હાલમાં છરવાડા હાઈવે ક્રોસિંગથી લઈ ગુંજન ચાર રસ્તા સુધી પેચવર્કની કામગીરી શરૂ કરવામાં આવી છે. ત્યારે સ્થાનિકોની માંગ છે કે, આ કામગીરીને આગળ લંબાવી દમણગંગા મુક્તિધામ સુધી હાઈવેની બંને તરફના સર્વિસ રોડનું સંપૂર્ણ પેચવર્ક કરવામાં આવે, જેથી લોકોને રાહત મળે.

# ડુંગરી ફળિયાથી જીઆઇડીસીને જોડતો રોડ ખાડામાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વાપી જીઆઈડીસીથી ડુંગરી ફળિયા, કરવડને જોડતા મુખ્ય માર્ગની હાલત અત્યંત ખખડધજ બની ગઈ છે. ઘણા સમયથી આ રોડ પર ઠેર-ઠેર મોટા ખાડા પડી ગયા છે, છતાં મહાનગરપાલિકા તંત્રનું ધ્યાન જ નથી.



આ રોડ હજારો કામદારો, અને સ્થાનિકો માટે રોજિંદા અવરજવર માટે ખૂબ જ ઉપયોગી છે. ખાડાઓને કારણે વાહનચાલકોને ભારે હાલાકી પડી રહી છે અને અકસ્માતનો ભય સતત રહે છે. વરસાદ બાદ સ્થિતિ વધુ વણસી છે. સ્થાનિકોએ માંગ કરી છે કે તંત્ર તાત્કાલિક આ રોડના ખાડા પૂરીને રોડનું સમારકામ કરે.

# વાપીની સરકારી કચેરીઓમાં હજુ પણ વચેટિયાઓની અવરજવર સામે સવાલો

(મનોજ ભંડારી દ્વારા)

**વાપી, તા. ૦૭ :** વલસાડ જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ મળેલી સત્તાની રૂએ જિલ્લાના વિવિધ સરકારી કચેરીઓમાં અનધિકૃત વ્યક્તિઓ તથા વચેટિયાઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. જાહેરનામા મુજબ સરકારી કામકાજ માટે અધિકૃત રીતે આવતા વ્યક્તિઓ સિવાય જાહેર જનતાને ગેરમાર્ગે દોરી, કામ કરાવી આપવાના બહાને વચેટિયા તરીકે કામગીરી કરનારાઓ સામે નિયંત્રણ મૂકવામાં આવ્યું છે.

જોકે, આ જાહેરનામા બાદ પણ વાપીટાઉન અને વાપી જી આઈ ડી સી પંથકની કેટલીક સરકારી કચેરીઓમાં વચેટિયાઓ અને ફોલ્ડરિયા તરીકે ઓળખાતા લોકોની અવરજવર અંગે ચર્ચા ઉઠી રહી છે.

વાપી જીઆઈડીસી સ્થિત નોટિફાઈડ કચેરી ઉપરાંત મામલતદાર કચેરી, વાપી મહાનગરપાલિકા, સિટી સર્વે કચેરી તેમજ પોલીસ વિભાગની વિવિધ કચેરીઓની આસપાસ આવા લોકો સક્રિય હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા છે કે કેટલાક લોકો જરૂરિયાતમંદ અરજદારોને તેમના કામ ઝડપથી કરાવી આપવાની અથવા અધિકારીઓ સાથે પોતાની ઓળખાણ હોવાનું જણાવી કામ તાત્કાલિક કરાવી આપવાની ખાતરી આપી મોટી રકમ વસૂલતા હોવાની ફરિયાદો છે. ખાસ કરીને વાપીના પોલીસ મથક મા ગુનાહિત પ્રવૃત્તિ કે કોઈ બે પક્ષો વચ્ચેની મારામારી અથવા જમીન અંગેની ફરિયાદો હોય તો તેઓને તાત્કાલિક વધાવી આપવા માટે દલાલ હાજર જ હોય છે અને તેઓ બધી જ વ્યવસ્થા પણ કરી રહ્યા હોવા ની ચર્ચા ચાલી રહી છે.કેટલીક સરકારી કચેરીઓની બહાર સીસીટીવી કેમ

ેરા લગાવવામાં આવ્યા હોવાથી કચેરી પરિસરમાં સીધી રીતે વચેટિયાગીરી કરવી મુશ્કેલ બનતી હોવાની ચર્ચા વચ્ચે કચેરી બહારના વાહનો, ચાની કીટલીઓ, પાનના ગલ્લા તેમજ હોટલ-રેસ્ટોરન્ટ જેવા સ્થળોએ અરજદારો સાથે સંપર્ક કરી કામ કરાવી આપવાની પ્રવૃત્તિ ચાલતી હોવાના આક્ષેપો પણ સામે આવી રહ્યા છે.

સ્થાનિક નાગરિકોનું કહેવું છે કે કેટલીક કચેરીઓમાં સામાન્ય અરજદારો માટે નક્કી કરાયેલા સમય બાદ પણ વગદાર વ્યક્તિઓ જે તે કચેરી માંથી નિવૃત થયેલા અધિકારી કે કર્મચારી અથવા વચેટિયાઓની અવરજવર જોવા મળે છે. તેથી જિલ્લા કલેક્ટર તંત્ર અને જિલ્લા પોલીસ વડા દ્વારા સમગ્ર મામલે તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.ખાસ કરીને વાપી પંથકની વિવિધ સરકારી કચેરીઓમાં નિયમિત રીતે અવરજવર કરતા અને અધિકારીઓની કેબિનમાં બેસીને અરજદારોના કામ કરાવી આપવાની કામગીરી કરતા અધિકારીઓના એજન્ટ તેમજ દલાલ લોકોની ભૂમિકા અંગે તપાસ કરવાની માંગ નાગરિકોમાંથી ઉઠી રહી છે. દરેક સરકારી કચેરીઓમાં હવે સીસીટીવી કેમેરા ફરજિયાત લગાવાયા છે જે સીસીટીવી ફૂટેજની ચકાસણીની માંગ

વચેટિયાગીરી અંગેની ફરિયાદોની હકીકત જાણવા માટે સરકારી કચેરીઓમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની સમયાંતરે ચકાસણી કરવામાં આવે તેવી પણ માંગ છે. કેટલીક કચેરીઓમાં સીસીટીવી કેમેરા બંધ હોવાની ચર્ચા વચ્ચે આવા તમામ કેમેરા કાર્યરત છે કે નહીં તેની તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવી જરૂરી છે.

જિલ્લા કલેક્ટર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાનો હેતુ સરકારી કચેરીઓમાં પારદર્શક અને સીધી કામગીરી સુનિશ્ચિત કરવાનો છે. ત્યારે જાહેરનામાની અસર વાપી પંથકની સરકારી કચેરીઓમાં પણ અસરકારક રીતે થાય અને અનધિ

કૃત વચેટિયાઓને દૂર રાખી અરજદારોને સીધી સરકારી સેવા મળી રહે તે માટે તંત્ર દ્વારા કડક દેખરેખ રાખવાની જરૂર છે સાથે જે તે કચેરીના મુખ્ય અધિકારીએ પણ આ અંગે તકેદારી રાખે એ જરૂરી છે.



# બલીઠા પશ્ચિમમાં નહેરના રોડ પર સ્ટ્રીટ લાઈટ વિના અંધારપટ

## રેલવે લાઈન પાસે ભરવાડ ફળિયાથી ચલા, મોરાઇ, વટારને જોડતા નહેરની બંને તરફના મહત્વના રોડ પર લાઈટો ન હોવાથી અકસ્માતની ભીતિ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** બલીઠા પશ્ચિમ વિસ્તારમાં રેલવે લાઈન પાસે ભરવાડ ફળિયાથી ચલા, મોરાઇ અને વટારને જોડતા નહેરની બંને તરફનો મહત્વનો રોડ તાજેતરમાં ટનાટન બનાવવામાં આવ્યો છે, પરંતુ આ રોડ પર સ્ટ્રીટ લાઈટની સુવિધા ન હોવાથી રાત્રે અંધારપટ છવાયેલો રહે છે. આ રોડ ચલા, મોરાઇ, વટાર અને બલીઠા ગામને જોડતો મુખ્ય માર્ગ છે. દિવસે અવરજવર માટે ઉત્તમ છે, પરંતુ સાંજ ઢળતા જ અંધારું થઈ જાય છે.

લાઈટ ન હોવાને કારણે વાહનચાલકોને સામેથી આવતા વાહનો દેખાતા નથી, જેના કારણે ગંભીર અકસ્માત સર્જાવાની ભીતિ રહે છે. ઉપરાંત અવાવરું જગ્યા હોવાથી રાત્રે અસામાજિક તત્વોનો ભય અને કોઈ અઘટિત ઘટના બનવાની શક્યતા પણ નકારી શકાય નહીં. સ્થાનિકોની માગ છે કે વાપી મહાનગરપાલિકા આ મહત્વના રોડ પર તાત્કાલિક સ્ટ્રીટ લાઈટો લગાવવામાં આવે, જેથી રાત્રિના સમયે લોકો સુરક્ષિત રીતે અવરજવર કરી શકે.

# વાપીમાં રખડતા પશુઓનો ભારે ત્રાસ

## મોટી સંખ્યામાં રખડતા પશુઓ અડીંગો જમાવીને બેસી રહેતા હોવાથી વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ સતત વધી રહ્યું છે : ખેડૂતોના પાકને પણ નુકસાન પહોચાડે છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં રખડતા પશુઓનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે. શહેરના મુખ્ય માર્ગો ઉપરાંત આંતરિક માર્ગો અને ગામડાના રસ્તાઓ ઉપર મોટી સંખ્યામાં રખડતા પશુઓ અડીંગો જમાવીને બેસી રહેતા હોવાથી વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ સતત વધી રહ્યું છે. રખડતા પશુઓને કારણે અનેક વાહનચાલકો અકસ્માતનો ભોગ બન્યા હોવાની તેમજ કેટલાકને ગંભીર ઈજાઓ પહોંચી હોવાની ફરિયાદો પણ સામે આવી રહી છે.

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં અગાઉ રખડતા પશુઓને પકડી પાંજરાપોળમાં મોકલવાની કામગીરી કરવામાં આવતી હતી. હાલ પણ મહાનગરપાલિકા દ્વારા ખાનગી એજન્સીને કોન્ટ્રાક્ટ આપી રખડતા પશુઓને પકડી તેમના યોગ્ય નિકાલની જવાબદારી સોંપવામાં આવી છે. જોકે, શહેરમાં જે રીતે રખડતા પશુઓનો ત્રાસ જોવા મળી રહ્યો છે તે જોતા સંબંધિત એજન્સી દ્વારા પૂરતી કામગીરી કરવામાં આવતી નથી તેવી નગરજનોમાં ફરિયાદ ઉઠી છે.

નગરજનોના જણાવ્યા મુજબ, કોઈ વિસ્તારમાં રખડતા પશુઓના કારણે અકસ્માત કે ગંભીર ઘટના બને ત્યારે જ દેખાડા પૂરતી એકાદ-બે દિવસ કામગીરી હાથ ધરવામાં આવે છે.

તેમાં પણ મુખ્ય બજાર અને જાહેરમાં દેખાતા વિસ્તારો પૂરતી કામગીરી કરવામાં આવતી હોવાની ફરિયાદો છે, જ્યારે શહેરના અન્ય વિસ્તારો તથા આંતરિક માર્ગો ઉપર રખડતા પશુઓની સમસ્યા યથાવત રહે છે. જ્યારે મહાનગરપાલિકામાં સમાવિષ્ટ કરવામાં આવેલા કુંતા વટાર મોરાઈ સલવાવ બલીઠા નામધા ચંડોર ચણોદ છીરી અને છરવાડા જેવા ૧૧ ગામડાઓમાં રખડતા પશુઓ તેમજ ડુક્કરોના ત્રાસથી હાલમાં વરસાદી સિઝનમાં ખેડૂતો દ્વારા તેમના ખેતરમાં ડાંગર તેમજ કઠોળ નો તૈયાર થયેલો પાક ને રખડતા પશુઓ અને ડુક્કર નુકસાન કરી રહ્યા જેને કારણે ખેડૂતોને આર્થિક નુકસાન પણ મોટું થઈ રહ્યું છે

એક તરફ શહેરમાં રખડતા પશુઓના કારણે અકસ્માતનું જોખમ છે તો બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોના પાકને નુકસાન થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં મહાનગરપાલિકા દ્વારા માત્ર કાગળ ઉપર નહીં પરંતુ શહેર અને ૧૧ ગામડાઓમાં નિયમિત અને અસરકારક રીતે રખડતા પશુઓને પકડવાની કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. નગરજનોની ફરિયાદોને ધ્યાને લઈ વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તેમજ સત્તાધારી હોદ્દેદારો દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરી સંબંધિત એજન્સીની કામગીરીની સમીક્ષા કરવામાં આવે અને રખડતા પશુઓની સમસ્યાનો કાયમી નિકાલ લાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી રહી છે.

# વાપી રજ્જુ શ્રોફ રોફેલ યુર્નિ.નો વિદ્યાર્થી ગોવાની એથલેટીકસ સ્પર્ધામાં ઝળક્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** ૩૭ વેસ્ટ ઝોન જુનિયર નેશનલ એથલેટીક્સ ચેમ્પિયનશિપનું આયોજન ગોવા ખાતે તારીખ ૨૭ સપ્ટેમ્બરના રોજ યોજાઈ હતી જેમાં રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીમાં આર્ટસ ફેકલ્ટીમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી ઓમકાર પ્રસાદ (FYBA) 4 x 400 મીટર રિલે દોડમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી યુનિવર્સિટીનું નામ રોશન કર્યું છે.આ વિદ્યાર્થીને રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ.વિકાસ દેસાઈ, ઈન્ચાર્જ રજીસ્ટ્રાર ડૉ. પ્રિયકાન્ત વેદ, શારીરિક શિક્ષણના અધ્યાપક ડૉ. દિલીપ ઘોલપ અને અધ્યાપકોએ તેમજ રોફેલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યા હતા.




દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**